પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૨૪-૧-૨૦૨૬, શનિવાર
વર્ષ: ૧૪, અંક : ૨૭૧

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

ચિંતા ન કરો કે કોઈ શું કહેશે કેમ કે તમારી પરિસ્થિતી તમને જ ખબર છે લોકોને નહીં.





## વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સની અસર તળે વાતાવરણમાં જબરદસ્ત પલ્ટો

શિમલા અને મનાલીમાં સિઝનની પહેલી હિમવર્ષા થઈ છે.હિમવર્ષાને કારણે કાશ્મીરનો દેશના બાકીના ભાગ સાથેનો માર્ગ અને હવાઈ સંપર્ક તૂટી ગયો છે. જમ્મુ-શ્રીનગર હાઈવે બંધ થઈ ગયો છે. જેના કારણે વાહનોની લાંબી કતારો લાગી ગઈ છે.

(અનુ. આઠમા પાને)

# કાશ્મીરથી ઉત્તરાખંડ સુધી હિમવર્ષા અડધા અમેરિકામાં બરફની ચાદર છવાય

### બરફના ભયાનક તોફાનની દહેશતના પગલે અમેરિકાના ૧૫ રાજ્યોમાં ઈમરજન્સી જાહેર



## ઉત્તરાખંડના પર્વતો બરફની ચાદરથી ઢંકાઇ ગયા: ટિટવાલમાં વર્ષ-૨૦૦૫ પછી પ્રથમવાર બરફવર્ષા

**અબતક, રાજકોટ**

વેસ્ટન ડિસ્ટર્બન્સની અસર તળે ભારત સહિત વિશ્વભરમાં વાતાવરણમાં જબરદસ્ત પલટો જોવા મળી રહ્યો છે. ભારતમાં કાશ્મીરથી લઈ ઉત્તરાખંડ સુધી જોરદાર હિમવર્ષા થવા પામી છે. જ્યારે અડધું અમેરિકા બરફની ચાદર હેઠળ ઢંકાઈ ગયું છે.

ભયાનક બરફના તોફાની દહેશત વચ્ચે અમેરિકાના ૧૫ રાજ્યોમાં તાત્કાલિક અસરથી ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે. ઉત્તર ભારતના રાજ્યોમાં જોરદાર બરફ વર્ષાના કારણે દેશના અનેક રાજ્યોમાં શીત લહેર ફરી વળી છે. જનજીવન કાતિલ ઠંડીમાં ઠુંઠવાય રહ્યું છે.

## શ્રીનગર એરપોર્ટ પર ઓછી વિઝિબિલિટી અને રનવે પર બરફ જામ થઇ જતા હવાઇ સેવા બંધ: વૈષ્ણોદેવીની યાત્રા સ્થગીત કરી દેવાય

## બદ્રીનાથના કપાટ ૨૩ મી એપ્રિલથી ખુલશે



ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આવેલ બદ્રિનાથ મંદિરના કપાટ શિયાળામાં બંધ કર્યા પછી ભક્તો માટે હવે ફરીથી ૨૩ એપ્રિલે ખોલવામાં આવશે. શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના અધ્યક્ષ હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે વસંત પંચમીના અવસર પર ટેહરી જિલ્લાના નરેન્દ્રનગર સ્થિત ટેહરી રાજમહેલમાં પરંપરાગત પ્રાર્થનાઓ અને વિધિઓ બાદ મંદિર પુનઃખુલવાના શુભ મુહૂર્તની તારીખ અને સમય નક્કી કરવામાં આવ્યા હતા. ધાર્મિક વિધિ દરમિયાન મહારાજા મનુજેન્દ્ર શાહ, રાજપુરોહિત આચાર્ય કૃષ્ણ પ્રસાદ ઉનિયાલ અને અન્ય મહાનુભાવોએ પંચાંગ તથા મહારાજાની કુંડળીના આધારે જાહેરાત કરી હતી કે મંદિરના દ્વાર ૨૩ એપ્રિલે સવારે ૬:૧૫ વાગ્યે ખુલશે. આ વિધિ દરમિયાન ટેહરીની મહારાણી તથા ટેહરી ગઢવાલથી લોકસભા સાંસદ માલા રાજ્યા લક્ષ્મી શાહ, બદ્રીનાથ મંદિરના મુખ્ય પુજારી રાવલ અમરનાથ નામ્બૂદિરી, મંદિર સમિતિના અધિકારીઓ અને અનેક તીર્થપુરોહિતો હાજર રહ્યા હતા. ગરવાલ હિમાલયના ચારધામમાં સમાવિષ્ટ અન્ય બે ધામ - ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોના કપાટ અખાત્રીજના અવસર પર ૧૯ એપ્રિલે ફરી ખોલવામાં આવશે. રૂદ્રપ્રયાગ જિલ્લામાં આવેલા કેદારનાથ ધામના કપાટ ખોલવાની તારીખ મહાશિવરાત્રિએ જાહેર કરાશે.

### અબતક સોમવારે અંક બંધ

પ્રજાસત્તાક પર્વ નિમિતે તા. ૨૬ને સોમવારના રોજ 'અબતક' કાર્યાલય સંપૂર્ણ રજા રાખશે. જેથી અંક પ્રસિદ્ધ થશે નહીં. તા. ૨૭ને મંગળવારથી નિયમિત અંક પ્રસિદ્ધ થશે જેની વાંચક મિત્રો, વિજ્ઞાપન દાતાઓ અને વિતરક બંધુઓએ નોંધ લેવી.

– મેનેજીંગ તંત્રી















# ફળકથન

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

વિશાળ અને મોટા ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર વણિજ ક્ષેત્ર ના તમામ જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા મધ્યમ રહે તેવી પૂર્ણ સંભાવના. છૂટક વ્યાપાર કરતા તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે સાથે ધંધા સંબંધિત અનેક નવા માર્ગ તથા વિવિધ તક મળવાના સંજોગ. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ વ્યસ્ત નીવડશે, જ્યારે, ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા અર્ધ પ્રતિકૂળ નીવડશે. સગા, મિત્ર, સ્નેહી સાથે નાની વાતે અણબનાવ બને તેવી પૂરી શક્યતા. વિજ્ઞાન શાખાના વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૩૦ તથા ૩૧ જાન્યુઆરી સાવ સામાન્ય નીવડશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ — બ,વ,ઉ

સરકારી શૈક્ષણિક એકમના શિક્ષક એવમ શૈક્ષણિક અન્ય વિભાગના કર્મચારી માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક રહે તેવી સંભાવના. સાથે પ્રમોશનના પણ સંયોગ. તમામ ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજના તમામ મોટા મોટા એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ મધ્યમ અથવા સાવ સરેરાશ નીવડશે. છૂટક તથા નાના વ્યાપારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. શૈક્ષણિક સિવાયના સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના તમામ વર્ગના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું હળવું લાભકારક જણાશે. પરિવાર તથા સ્નેહીઓ તરફથી સાથ સહકાર તેમજ આર્થિક લાભ મળવાના સંયોગ. સુખ શાંતિ યથાવત જળવાશે. નિવૃતો, ગૃહિણીઓ, વર્કિંગ વુમન, સંતાનો, વિદ્યાર્થી માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. ૨૫ તથા ૨૭ જાન્યુઆરી સાધારણ નીવડશે.

### મિથુન — ક,છ,ઘ

ઈલેક્ટ્રીસીટી રીલેટેડ પ્રોડકશન્સના ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક રહે તેવી પૂર્ણ સંભાવના. કુટિર ત્થા નાના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. આ સિવાયના, અન્ય, મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. જનરલ ગ્રેઈન મર્ચન્ટ, જથ્થા બંધ, છૂટક વ્યાપારી જાતક માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ બહુ લાભદાયક રહેશે. જ્યારે, ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. પરિવાર તરફથી સાથ સહકાર યથાવત. યુવાવર્ગ, મહિલા કર્મી, છાત્ર તથા ગૃહિણી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૨૫ તથા ૨૯ જાન્યુઆરી સરેરાશ રહેશે.

### કર્ક — ડ,હ

ઓર્ગેનિક એવમ હર્બલ, એગ્રીકલ્ચર એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. સાહિત્યકાર, પત્રકાર તેમજ લેખક માટે આ સપ્તાહ હળવુ હળવુ લાભકારક નીવડશે. આ સિવાય, તમામ ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપાર-વાણિજયના તમામ એકમના જાતક એવમ સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ પણ હળવું લાભકારક નીવડે તેવી પૂર્ણ શક્યતા. અવૈધ કહી શકાય તેવા વહીવટ, વ્યવહાર અને વ્હાલથી સવિશેષ કાળજી રાખવી. સરકારી કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક જણાશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી,મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ હળવુ લાભકર્તા નીવડશે. કેવળ, ૨૮ જાન્યુઆરી હળવુ સાનુકૂળ અથવા મિશ્ર જણાશે.

### સિંહ — મ,ટ

ધાતુ તેમજ હેવી મશીનરીઝ આધારીત ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. સીઝનલ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ લાભદાયી નીવડે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એવમ વાણિજયક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ જણાશે. ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત તેમજ અર્ધ-લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવુ લાભદાયક નીવડશે. અગાઉ, વણસી ગયેલા સંબંધોમાં હળવો હળવો સુધારો થવાની પૂર્ણ શક્યતા. નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ હળવુ હળવુ સાનુકૂળ રહેશે. માત્ર, ૩૦ એવમ ૩૧ જાન્યુઆરી મધ્યમ જણાશે.

### કન્યા — પ,ઠ,ણ

ફેશન, ફેબ્રીક, રેડીમેડ ગાર્મેટ્સ, કોસ્મેટીકના ઔદ્યોગિક એકમના તેમજ વાણિજ્ય એકમના તમામ જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. એવમ આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ હળવુ હળવુ લાભદાયી નીવડે તેવી પૂર્ણ સંભાવના. સેલીબ્રીટી, પબ્લિક ફિગર માટે આ સપ્તાહ અર્ધ-પ્રતિકૂળ અથવા મિશ્ર નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભકર્તા નીવડે તેવી શક્યતા, સાથોસાથ પ્રમોશનના સંયોગ. સગા સ્નેહીઓ તેમજ કુટુંબ-પરિવાર દ્વારા સાથ હળવા મતભેદના સંયોગ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી નીવડશે. ૨૭ તથા ૨૯ જાન્યુઆરી મધ્યમ જણાશે.

### તુલા — ર,ત

નવા ધંધાનાં પ્રારંભ એવમ ધંધા સંબંધિત નવા કામકાજના પ્રારંભ માટે આ સપ્તાહ સરેરાશ અથવા મિશ્ર નીવડશે. સર્વિસ બિઝનેસ તથા કન્સલ્ટંસી ફર્મસનાં જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ તેમજ લાભદાયી જણાશે. રિયાલ્ટી બિઝનેસ જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયી જણાશે. વ્યાપાર-વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ લાભકર્તા નીવડશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ ફાયદાકારક એવમ વ્યસ્ત નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભકારક જણાશે. સ્નેહી તથા મિત્ર દ્વારા સાથ સહકારના સંયોગ આ સપ્તાહ પણ યથાવત રહેશે. ગૃહિણી, નિવૃત્ત, મહિલા કર્મી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. ૨૭ જાન્યુઆરી સરેરાશ રહેશે.

### વૃશ્ચિક — ન,ય

મોટા ઉદ્યોગ તથા ધંધાના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે. ઈલેક્ટ્રીકલ્સ, ડેકોરેશન અને લાઈટિંગ તેમજ ધાતુના સ્પેર પાર્ટ્સના ઔદ્યોગિક એકમના તેમજ વાણિજ્ય એકમના તમામ જાતક માટે આ સપ્તાહ લાભકારક નીવડે તેવી પૂર્ણ સંભવાના. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયક અથવા મિશ્ર નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ ભાગદોડ વાળુ તથા અર્ધ-સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે. મિત્ર, કુટુંબ તથા સ્નેહીઓ તરફથી સાથ સહકાર મળવાના સંયોગ. મહિલા કર્મી, ગૃહિણી તથા ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ હળવુ લાભદાયક નીવડશે. કેવળ, ૩૦ જાન્યુઆરી મધ્યમ નીવડશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

મેટલ રીલેટેડ ઓદ્યોગિક એકમ એવમ હેવી મશીનરી સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ અનેક પ્રકારે લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. ઈનોર્ગેનિક કેમિકલ તથા હર્બલ ફાર્માસ્યુટીકલ્સના જાતક માટે આ સપ્તાહ ભાગદોડ તેમજ ચડાવઉતાર વાળુ નીવડશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક જણાશે. નાના વ્યાપારી માટે આ સપ્તાહ હળવુ લાભકર્તા નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ સાનુકૂળ અથવા મિશ્ર નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ હળવુ લાભકર્તા નીવડશે. માત્ર, ૨૯ તથા ૩૦ જાન્યુઆરી સરેરાશ રહેશે.

### મકર — ખ,જ

એડવર્ટાઈઝમેંટ એકમના તેમજ માર્કેટીંગ એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે. ઔદ્યોગિક એકમ તથા વ્યાપાર-વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. રીટેઈલર તેમજ નાના વ્યાપારી માટે આ સપ્તાહ આંશિક લાભકારી રહેશે. સરકારી અલગ અલગ વિભાગના તમામ કર્મચારી વર્ગ માટે આ સપ્તાહ હળવાં સંઘર્ષ વાળું તથા ચડાવ ઉતાર વાળું રહેવાના, તેમજ બદલી થવાના કે સ્થળાંતર થવાના પણ સંયોગ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ, તેમજ સાથ સહકાર યથાવત રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી, વર્કિંગ વુમન માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. કેવળ, ૨૭ તથા ૨૮ જાન્યુઆરી સામાન્ય રહેશે.

### કુંભ — ગ,શ,ષ

દરેક પ્રકારના કાપડ એવમ સૌંદર્ય પ્રસાધન સંબંધિત તમામ નાના મોટા ઔદ્યોગિક એકમના એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ દરમિયાન અનેક પ્રકારે આર્થિક લાભ રહે તેવી પૂર્ણ સંભાવના. ફોટોગ્રાફી, મોડેલીંગ સંબંધિત વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ બહુ જ લાભકર્તા નીવડશે. આ સિવાયના અન્ય, ઉદ્યોગ તેમજ વ્યાપાર વાણિજ્ય ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ થોડુ ઘણુ ચડાવ ઉતાર વાળું નીવડશે. રીટેઈલર માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના તમામ વર્ગના કર્મચારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. જીવનમાં સંવાદિતાનો વધારો થશે. નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ હળવુ લાભદાયક જણાશે. કેવળ, ૨૫ તથા ૨૬ જાન્યુઆરી સાવ સાધારણ નીવડશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

### મીન — દ,ચ,ઝ,થ

નાના કદના ઉદ્યોગ એવમ કુટિર ઔદ્યોગિક એકમનાં જાતક માટે આ સપ્તાહ મધ્યમ અથવા અર્ધ સાનુકૂળ નીવડે તેવી પૂર્ણ સંભાવના. રિયાલ્ટી એકમના જાતક તથા ખાનગી ફાયનાન્સ કંપનીના જાતક તેમજ સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ સરેરાશ રહેશે. આ સિવાયના અન્ય, વ્યાપાર-વાણિજ્ય એકમના તમામ જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ વ્યસ્ત પરંતુ લાભદાયક નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયી અથવા મિશ્ર જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભદાયી નીવડશે. માત્ર, ૨૮ જાન્યુઆરી સાધારણ નીવડશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન).

---

ઠંડી હવા, ગરમ કિરણો


# હેમંતનું પરોઢ એટલે બાર મહિના ચાલે એટલો શક્તિ સ્ફૂર્તિનો ખજાનો

**વૃક્ષો જાણે સમાધિમાંથી જાગી ઊઠે છે, અને ફૂલવેલીઓ આનંદથી ઝૂમવા લાગે છે: પુષ્પો અને પર્ણો પર પડેલાં ઝાકળનાં બિંદુઓ સૂર્યપ્રકાશમાં મોતીની જેમ ચમકે છે: શિયાળાની નયનરમ્યતા, શીતળતા અને સ્વાભાવિકતા તો કંઈ ઔર જ હોય છે**

ભારતીય ઉપખંડની આબોહવા પ્રમાણે દેશનાં વર્ષમાં ત્રણ ઋતુ મુખ્ય છે. શિયાળો, ઉનાળો ને ચોમાસુ. દરેક ઋતુનો એક અલગ અંદાજ છે. જો કે ગ્લોબલ વોમિંગને કારણે એક ઋતુમાં બે ઋતુનો અનુભવ પણ આપણે કરીએ છીએ. આ ઋતુને ઠંડીની ઋતુ ગણવામાં આવે છે. હિન્દુ ધર્મનાં વિક્રમ સંવત તેમજ શક સવંત પ્રમાણે કારતક, માગસર, પોષ ને મહા એમ ચાર મહિના શિયાળો મુકામ કરે છે. શિયાળાની બે પેટા ઋતુમાં પાનખર અને વસંતનો સમાવેશ થાય છે. શિયાળામાં દિવસ ટૂંકોને રાત લાંબી હોય છે.

કોઈ પણ ઋતુની સવાર આમ તો પોતાની રીતે જ આહલાદક જ હોય છે, પરંતુ હેમંતના પરોઢ તો અપૂર્વ આનંદદાયક હોય છે. હેમંતના પરોઢની નયનરમ્યતા, શીતળતા અને સ્વાભાવિક્તા તો કંઈ ઓર જ હોય છે. હેમંતના પરોઢનુ ફુલ ગુલાબી વાતાવરણ એટલે તો બાર મહિના ચાલે એટલો શકિતસ્ફૂર્તિનો ખજાનો ભરી લેવા માટેની સુવર્ણ તક છે. શિયાળાની રાતના છેલ્લા પ્રહરના વાતાવરણમાં કાતિલ ઠંડી પ્રસરેલી હોય છે.

સવારના સૂર્યના કોમળ કિરણો તન, મનમાં ઉર્જાનો સંચાર કરે ને સાથે મીઠી તડકી સાથે વિટામીન ડીનો હળવો ડોઝ પણ આપે છે. શિયાળામાં વહેલી સવારે લાઈફ સ્ટાઈલમાં ચેઈન્જ કરીને નાની-મોટી કસરત, જોગીંગ સાથે કુદરતને માણવું જોઈએ. પૌષ્ટિક આહારથી રોગ પ્રતિકારક શકિત વધારે ન ... લીલા શાકભાજી વધુ ખાઓ, અ ... દિવસોમાં કસરત કરવાથી રક્ત પ્રવાહની નિયમિત ગતિ થાય છે. ઝડપથી ચાલો કે દોડવાથી મગજમાં 'ન્યુરોન્સ' નું પ્રમાણ વધવાથી ચુસ્તી સ્ફૂર્તિ સાથે મગજ તેજ થાય છે.હેમંત ઋતુની પરોઢનું પ્રથમ કિરણ જ સૃષ્ટિના પર્યાવરણ સાથે ધરતીને હસતી સ્વર્ગ સમી બનાવે છે. આવી સુંદર સવારે યુવાનો, બાળકો વૃધ્ધો ફરવા, ચાલવા કે દોડવા નીકળતા હોય છે.



**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

શિયાળામાં માનવીએ સચેત રહેવું પણ જરૂરી છે. આ ઋતુમાં શ્વસન તંત્ર સંબંધીત રોગો, હ્રદય તથા મગજની સમસ્યા, ચામડીના રોગો, હાડકા, સાંધાના દુઃખાવા જેવી સમસ્યા પણ જોવા મળે છે. આપણાં તંદુરસ્ત સ્વાસ્થ્યને યથાવત રાખવા માટે શિયાળાની ઋતુ કુદરતનો આશિર્વાદ છે. આ શિયાળાની ઋતુમાં જો આપણે શરીરની કાળજી ન લઈએ તો નુકશાન પણ થાય છે. આ ઋતુમાં ખાન, પાન, આહાર, વિહાર સાથે ઘણી બાબતો એ વિશેષ ધ્યાન રાખવાની જરૂર છે. જો કાળજી લઈએ તો 'મસ્ત અને આપણે રહીએ સ્વસ્થ' શરીર વિજ્ઞાનની દ્રષ્ટિએ જોઈએ તો પણ ઋતુ મુજબ કાર્યશૈલીમાં ફેરફાર આપણું શરીર કરતું રહે છે. શિયાળાની ઋતુ માટે આપણું શરીર એકિટવ મોડમાં હોય છે. આખા વર્ષથી શકિત સંગ્રહ કરવા માટેની આ ઋતુ છે. આ ઋતુમાં વાયરસ જન્ય રોગો અને બાળકોમાં વિવિધ પ્રકારના ફલુનો રોગ વકરે છે. શિયાળાની ઋતુમાં લીલા શાકભાજી વધુ લેવા ને ઘી, ગોળ, લોટના સંગમ વાળી વસ્તુ કાજુ બદામ, ખજુર અને અળદીયા ખાવાથી શરીરને તાકાત મળે છે. રોગ પ્રતિકારક શકિત વધે છે. આ ઋતુમાં જઠરાગ્નિ ઉત્તેજીત થતા ભૂખ વધુ લાગે છે. આ ઋતુમાં શરદી, ઉધરસ થવાનો ભય રહે છે. આહારમાં કુદરતી એન્ટિઓકિસડન્ટ ઉમેરવા જરુરી છે, જેમકે આમળા, લીલી હળદર, ડુંગળી, લસણ, ખાટા ફળો લીંબુ, જામફળ, કીવી વિગેરે ખાવા જોઈએ. તલ અને ગોળના લાડુ ઠંડીથી બચવા માટે શ્રેષ્ઠ સાબિત થાય છે, તેથી તલ, ચીકકી, સુકા મેવાનો શેક સાથે બાજરીના રોટલા, ઓળો લેવા જોઈએ. વધુ પ્રોટીન, ફાયબર, વિટામીન મળે તેવો આહાર લેવો હિતાવહ છે.

આમ જોઈએ તો આદુ બારે માસ ખાઈ શકાય પણ શિયાળામાં નિયમિત લેવાથી શરીરને ગરમી સાથે તમારી પાચનક્રિયા મજબુત કરે છે. મગફળી ખાસ ખાવી જોઈએ.લીલા શાકભાજી શરીરની ઈમ્યૂન સીસ્ટમને પાવર ફુલ બનાવે છે, સાથે વિટામીન પણ આપે છે. કાચુ સલાડ, શિયાળામાં સૌથી વધુ ફાયદો તમારા શરીરને કરે છે, માટે મેથી, પાલક, બીટ, કોબી, ગાજર, મુળા, ટામેટા જેવા શાકભાજી સાથે રસીલા ફળોમાં સંતરા, મોસંબી અવશ્ય લેવા જરુરી છે. સફરજન, કેળા, પપૈયા, સીતાફળ વિગેરે તાજા ફળો ખાવાથી તમારૂ લોહી શુધ્ધ થાય છે. ફળોના રસોમાં કેલેરીનું પ્રમાણ વધુ હોય ને ફાઈબર્સ નહિવત હોવાથી તમારૂ વજન ઝડપથી વધે છે.તંદુરસ્તીનો મુખ્ય આધાર ખોરાક છે તેથી તમામ પોષ્ટિક આહાર શિયાળામાં દરેકે લેવો જરૂરી છે. મેથીપાક, ગુંદ પાક, અળદીયા, પાક ને તલ, સાંકડી જેવી વસ્તુઓ વધુ પ્રમાણમાં લેવાથી શરીરમાં તાકાત વધે છે. સારો ખોરાક, સારૂ લોહી, સારૂ હિમોગ્લોબીનને સારી રોગ પ્રતિકારક શકિત મેળવવા માટે શિયાળો ઉત્તમ છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૪-૦૧-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કારખાનું)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (દાળ કાલબેલિયા)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રવિ ઠેસીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૫-૦૧-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કરસનદાસ. પે.એન્ડ.યુઝ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (કોટેજ ચીઝ ફ્લાવર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૬-૦૧-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રાજમા કી ગુલોટી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.મમતા તન્ના)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (રંગ રંગીલા ગુજ્જુભાઈ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૭-૦૧-૨૦૨૫ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૫.૧.૨૦૨૬, રવિવાર, સંવંત ૨૦૮૨, મહા સુદ સાતમ, રેવતી નક્ષત્ર, સિદ્ધ યોગ, ગર કરણ આજે બપોરે ૧.૩૫ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ મીન (દ,ચ,ઝ,થ) ત્યારબાદ મેષ (અ,લ,ઈ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે.
**વૃષભ (બ,વ,ઉ)** : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાંથી માર્ગ મળે, મધ્યમ દિવસ.
**મિથુન (ક,છ,ઘ)** : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહથી રસ્તા કાઢવા પડે.
**કર્ક (ડ,હ)** : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ, પ્રગતિ થાય.
**સિંહ (મ,ટ)** : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.
**કન્યા (પ,ઠ,ણ)** : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.
**તુલા (ર,ત)** : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
**વૃશ્ચિક (ન,ય)** : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
**મકર (ખ,જ)** : નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદમાં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
**કુંભ (ગ,સ,શ )** : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે, નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**મીન (દ,ચ,ઝ,થ)** : સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકોને પ્રભાવિત કરી શકો.

## આપણા પ્રશ્નોના મૂળ જન્મોજન્મની ઘટમાળમાં છુપાયેલા હોય છે!!

અગાઉ અત્રે લખ્યા મુજબ વિશ્વ સપાટીએ અમેરિકા ચર્ચા માં છે અને કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કારનીની દાવોસમાં ટેરિફ પર ટિપ્પણી પછી ટ્રમ્પએ તેમને બોર્ડ ઓફ પીસ માટે આપેલું આમંત્રણ પાછું ખેંચ્યું છે બુધ એ વ્યાપાર અને ટેરિફ દર્શાવે છે જે અત્યારે ઝગડાનું કારણ બને છે અને અમેરિકા કોઈ પણ ભોગે પોતાની સમૃદ્ધિ પછી લાવવા માંગે છે તો પોતાની વિસ્તારવાદી નીતિ પણ ખોલતું જાય છે જે વિષે અત્રે લખી ચુક્યો છું તો આગામી દિવસોમાં મકર રાશિમાં થઈ રહેલ સૂર્ય મંગળ બુધ શુક્રની યુતિ આતંકી ગતિવિધિથી સાવધ રહેવાનું પણ જણાવે છે સૂર્ય મંગળ અંગારક યોગ શનિના ઘરમાં થાય છે જે આતંકીઓના ખરાબ મનસૂબા દર્શાવે છે વળી આ સમયમાં ડ્રગ્સના મોટા કન્સાઈન્મેન્ટ અને સીમાપારથી ઘુસણખોરી પણ તેજ બને જે ચિંતાનો વિષય છે. જ્યોતિષશાસ્ત્રમાં જન્મો જન્મના કાર્મિક એકાઉન્ટને સમજવા બહુ જરૂરી છે વળી વ્યકિત જે જે બાબતોથી પરેશાન થતો હોય તેના મૂળ તેના ભૂતકાળ અને ગત જન્મોમાં રહેલા હોય છે જેને ઉકેલવા માટે વ્યક્તિને આલ્ફા સ્ટેટમાં લઈ જઈ તેના અકાશિક રેકોર્ડ તપાસવા જરૂરી બને છે મારા અકાશિક રેકોર્ડના સેશનમાં મેં અનેક વખત જન્મોજન્મની આ યાત્રા અને તેના દ્વારા વ્યકિતના જીવનની પરેશાની નિહાળી છે જેને ઊંડાણપૂર્વક સમજ્યા બાદ તેને દૂર કરી શકાય છે એક ક્લાયન્ટ લગ્નની બાબત થી પરેશાન હતા અને ઘણા પ્રયત્ન છતાં લગ્નમાં રુકાવટ આવતી હતી જેમાં તેમના અકાશિક રેકોર્ડ તપાસતા કેટલાક અધૂરા સબંધો અને તેની ઉર્જા જોવા મળી અને ત્યારબાદ તેમને કેટલાક કાર્મિક ઉપાયો આપ્યા બાદ તેમના લગ્ન સારી જગ્યા એ ગોઠવાયા આમ હાલ જીવનમાં આપણે જે પ્રશ્નો જોઈ રહ્યા હોઈએ તેના મૂળ ઊંડા ભૂતકાળ અને જન્મોજન્મની ઘટમાળમાં છુપાયેલા હોય છે!!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

## અબતક પંચાગ

**તા. ૨૫-૧ -૨૦૨૬ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા શુદ સાતમ ભાનુ સપ્તમી પંચક બપોરે ૧.૩૬ સુધી
**નક્ષત્ર** રેવતી
**યોગ** સિધ્ધ **કરણઃ** ગર
**સુર્યોદય** ૭.૨૮ **સુર્યાસ્તઃ** ૬.૩૧
**ચંદ્ર રાશી** મીન બપોરે ૧.૩૬થી મેષ
**રાશિ અક્ષર** દ.ચ.ઝ.થ/અ.લ.ઈ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૭ થી ૧.૨૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૧ | | | | ૯ |
| | | ૬ | | | | | ૧ | ૮ |
| | ૭ | ૩ | | | ૮ | ૫ | | |
| | | | ૨ | | ૪ | | | |
| ૫ | | ૮ | | ૯ | | | | |
| | | | | | | ૯ | ૫ | |
| ૮ | | ૫ | ૪ | ૩ | | ૭ | ૨ | |
| ૭ | | | ૮ | ૬ | | | | |
| | ૪ | | | ૨ | | | | ૩ |


આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૪૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૬ | ૧ | ૨ | ૫ | ૯ | ૩ | ૪ | ૮ |
| ૪ | ૮ | ૩ | ૭ | ૬ | ૧ | ૯ | ૫ | ૨ |
| ૫ | ૨ | ૯ | ૪ | ૮ | ૩ | ૭ | ૬ | ૧ |
| ૨ | ૩ | ૫ | ૬ | ૭ | ૮ | ૧ | ૯ | ૪ |
| ૬ | ૯ | ૪ | ૧ | ૩ | ૫ | ૨ | ૮ | ૭ |
| ૮ | ૧ | ૭ | ૯ | ૪ | ૨ | ૬ | ૩ | ૫ |
| ૩ | ૫ | ૬ | ૮ | ૨ | ૭ | ૪ | ૧ | ૯ |
| ૧ | ૪ | ૨ | ૫ | ૯ | ૬ | ૮ | ૭ | ૩ |
| ૯ | ૭ | ૮ | ૩ | ૧ | ૪ | ૫ | ૨ | ૬ |

# આવકવેરા વિભાગ દ્વારા આત્મીય યુનિવર્સિટી ખાતે ખાસ આઉટરીચ પ્રોગ્રામ યોજાયો

## ૧૨એ અને ૮૦જી રજીસ્ટ્રેશન પ્રક્રિયા હવે બનશે વધુ સરળ અને ઝડપી: કમિશનર નંદકુમાર





**અબતક, રાજકોટ**

રાજકોટની આત્મીય યુનિવર્સિટી ખાતે ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા જનજાગૃતિ ફેલાવવાના હેતુથી એક વિશેષ આઉટરીચ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદના ઈન્કમ ટેક્સ કમિશનર (એક્ઝેમ્પશન) શ્રી નંદકુમારે ખાસ હાજરી આપીને સંસ્થાઓ અને કરદાતાઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, વિભાગનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રક્રિયાને પારદર્શક અને કરદાતા-મિત્ર બનાવવાનો છે, જેથી કોઈ પણ સંસ્થાએ બિનજરૂરી ડર રાખવાની જરૂર નથી.

જો સંસ્થાઓ નિયમોનું યોગ્ય પાલન કરે છે, તો તેમને ૧૨એ રજીસ્ટ્રેશનમાં આપોઆપ મંજૂરી આપવામાં આવશે. નવા આવકવેરા કાયદા હેઠળ પ્રક્રિયાને અત્યંત ઝડપી બનાવવામાં આવી છે. હાલમાં રિન્યુઅલ માટે મોટી સંખ્યામાં અરજીઓ મળી રહી હોવાથી, વિભાગે માર્ચ અંત સુધીમાં તમામ નિકાલ કરવાની ખાતરી આપી છે.

### પ્રોવિઝનલ અને રેગ્યુલર રજીસ્ટ્રેશન પ્રક્રિયાની માહિતી

- ૧૨એ રજીસ્ટ્રેશન અને નવા આવકવેરા કાયદા અંગે જાગૃતિ લાવવી.
- પ્રોવિઝનલ અને રેગ્યુલર રજીસ્ટ્રેશન પ્રક્રિયા અંગે વિગતવાર સમજણ.
- રિન્યુઅલ માટેની તમામ અરજીઓને આગામી ૩૧મી માર્ચ પહેલા મંજૂરી આપી દેવામાં આવશે.
- કોઈપણ શંકાના કિસ્સામાં રાજકોટ અથવા અમદાવાદ ઓફિસ ખાતે ITOનો સંપર્ક કરી શકાશે.

# ભાવનગર-પોરબંદર ટ્રેન ઉથલાવવાનો નિષ્ફળ પ્રયાસઃ મોટી દુર્ઘટના સહેજ માટે અટકી

## ચીતલ ખીજડીયા લાઈન પર ફેન્સીંગ પોલ રેલવે ટ્રેક પર નજરે પડતા ટ્રેનના લોકો પાયલોટે સમય સૂચકતાથી ટ્રેન થંભાવી દેવાય

અમરેલી જિલ્લામાં ભાવનગર પોરબંદર પેસેન્જર ટ્રેનને ઉથલાવવાનો પ્રયાસ સહેજમાં નિષ્ફળ બનાવાયો હતો અને લોકો પાયલોટની સમય સૂચકતાથી મોટી જાનહાની સહેજમાં અટકાવવાના બનાવમાં પોલીસે રેલવે ટ્રેક પર ભાગફોળનું કાવતરું કરનાર તત્વો વિરુદ્ધ તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ બપોરે ભાવનગર થી પોરબંદર જતી પેસેન્જર ટ્રેન ને મોટું નુકસાન અને ઉથલાવવાનું કાવતરું ઘડાયું હોય તેમ ચિતલ અને ખીજડીયા વચ્ચે બ્રોડગેજ રેલ્વે ટ્રેક પર ફેન્સીંગ માટે વાપરવામાં આવતા સિમેન્ટના પોલ ટ્રેક પર કોઈ આડે મૂકી ગયું હતું. ભાવનગર પોરબંદર પેસેન્જર ટ્રેન પૂરપાટ ઝડપે આવતી હતી ત્યારે લોકો પાયલોટ ને ટ્રેક પર સિમેન્ટના પોલ નજરે પડતા તાત્કાલિક ધોરણે ટ્રેનને ઈમર્જન્સી બ્રેક લગાવી રોકી દીધી હતી.

રેલવે ટ્રેક પર સિમેન્ટ પોલ નાખી દીધા ની ઘટનામાં રેલ્વે તંત્ર દ્વારા તાત્કાલિક પોલીસને જાણ કરી હતી અને પોલીસે આ અંગેની તપાસ હાથ ધરી છે જો ટ્રેન પૂરપાટ ઝડપે સિમેન્ટ પોલ પાસેથી પસાર થઈ હોત તો ટ્રેન અચૂક ઉથલી પડત અને મોટી જાનહાની સર્જાતા તેમ જાણકારોએ સંદેશ વ્યક્ત કર્યો હતો

અમરેલી જિલ્લામાં, લોકો પાઈલટની સતર્કતાને કારણે, ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેનને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ સમયસર નિષ્ફળ બનાવવામાં આવ્યો. આ ઘટનાથી જાનમાલનું મોટું નુકસાન થતું અટક્યું. પોલીસે રેલ્વે ટ્રેક પર અવરોધ ઊભો કરનારા તત્વોની તપાસ શરૂ કરી છે., બપોરના સમયે, જ્યારે ભાવનગરથી પોરબંદર પેસેન્જર ટ્રેન આગળ વધી રહી હતી, ત્યારે ટ્રેન નેપાટા પરથી ઉતરવાનું એક ભયંકર કાવતરું ઘડાઈ રહ્યું હોય તેવું લાગતું હતું. બ્રોડગેજ રેલ્વે ટ્રેક પર ચિત્લ અને ખીજડિયા સ્ટેશનો વચ્ચે, અજાણ્યા વ્યક્તિઓ દ્વારા પાટા પર એક સિમેન્ટનો થાંભલો - જે સામાન્ય રીતે વાડ માટે ઉપયોગમાં લેવાય છે - જાણી જોઈને મૂકવામાં આવ્યો હતો. ટ્રેન પૂરપાટ ઝડપે આવી રહી હતી ત્યારે લોકો પાઈલટે ટ્રેક પર સિમેન્ટનો થાંભલો જોયો. ઝડપી અને નિર્ણાયક કાર્યવાહીમાં, તેણે તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવી, ટ્રેનને રોકી દીધી અને દુર્ઘટના ટાળીહતી


"સ્વચ્છતા ત્યાં પ્રભુતા" "સ્વચ્છ અમરેલી" "સુંદર અમરેલી"

**અમરેલી નગર સેવા સદન -અમરેલી**

**સ્વચ્છ ભારત મિશન ૨.૦. અંતર્ગત સ્વચ્છતા સંદેશ**

નગરપાલિકા દ્વારા સર્વનો સાથે શહેરનો વિકાસ "સ્વચ્છ અમરેલી, સુંદર અમરેલી" ઉક્તિને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. **૨૬ મી જાન્યુઆરી-૨૦૨૬ પ્રજાસતાક દિન ની ઉજવણી નિમીતે નીચે મુજબના સંકલ્પ કરીએ.**

(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ.
(૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.
(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાનાં કલેકશનની સુવિધાનો મહતમ લાભ લઈએ.
(૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.
(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ.
(૬) પાણીનો કરકસર યુક્ત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.
(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત બનાવીએ
(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.

| | | | |
|---|---|---|---|
| (વિનોદ સી રાઠોડ) | (મનીષભાઈ એચ. ઘરજીયા) | (બિનાબેન વિશાલભાઈ કાલેણા) | (બિપીનભાઈ એસ. લીબાણી) |
| ચીફ ઓફીસર અમરેલી નગરપાલિકા અમરેલી | કારોબારી સમિતી અમરેલી નગરપાલિકા અમરેલી | ઉપપ્રમુખ અમરેલી નગરપાલિકા અમરેલી | પ્રમુખ અમરેલી નગરપાલિકા અમરેલી |

તથા તમામ સદસ્યશ્રીઓ તથા કર્મચારી ગણ અમરેલી નગરપાલિકા


# પાલીતાણા: જૈનાચાર્યનું મારું જીવન સુગંધી બને વિષય પર ધર્મપ્રવચન

## જીવનને સુગંધી બનાવવા અત્તર નહિ સદાચાર અને સદ્દગુણો જરૂરી છેઃ વિજય પુણ્યરક્ષિતસૂરી

**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

ફુલદાનીમાં રાખેલા બે-ચાર કુલ ઘરને મહેકાવે છે. કપડા પર છાંટેલું પરફ્યુમ કે કાનમાં ખોસેલું અત્તર પૂમડું આજુબાજુની હવાને સુગંધિત કરી દેશે પણ જીવનને કોઈ બગીચાના ફુલો-અત્તર શીશીઓ કે પરફ્યુમની બાટલીઓ સુંગંધિત નહિ કરી શકે. જીવનને સુગંધી બનાવવા જોઈએ સદાચાર અને સદ્ગુણો આ સદાચાર અને સદ્ગુણો ના ફૂલો વગર કોઈનું જીવન સુગંધી નથી બનતું. સદાચાર જીવનને નંદનવન બનાવે છે. દુરાચાર જીવનને ઉજ્જડ વન બનાવે છે. સદાચાર વિનાનું જીવન એટલે સુગંધ વગરનું કુલ સદાચાર વિનાનું જીવન એટલે સેલ વગરની બેટરી ! સદાચાર વિનાનું જીવન એટલે સાકર વગરની મીઠાઈ! સદાચાર વિનાનું જીવન એટલે પાયા વગરની ઈમારત ! સદાચાર વિનાનું જીવન એટલે માલ વગરનું બારદાન આજે એરકન્ડીશન ઘરમાં રહેતા કુટુંબની કંડીશન ઠીક નથી હોતી. એનું કારણ ઘર શ્રીમંત છેપણ ઘરમાં રહેનારામાં સદગુણો-સદાચાર નથી તો સદગુણો-સદાચાર વગરના જીવનમાં શાંતિ ક્યાંથી હોય જીવનને સુગંધી બનાવવા સદાચાર પરોપકાર - પ્રેમ- પ્રવિત્રતા-ઉદારતા-સંપ અને સંસ્કારના પુષ્પો જરૂરી છે. સંપતિ તમને શ્રીમંત બનાવશે, સદાચાર સદાચાર તેમને સુખી બનાવશે. જો તમારા જીવનમાં સદ્દગુણો નહિ હોય તો સગા ભાઈ વચ્ચે ને બેન વચ્ચે ને પરિવાર વચ્ચે આ સદ્દગુણો વગર હોળીઓ આખી જીંદગીને બળતરા આપશે અને ક્યાંય બાળી નાખશે. તમારા ઘરમાં ફૂલદાની -અત્તરદાની - ગોળધાણી -પાનદાની મચ્છરદાની બધું જ હોય પણ ખાનદાની ના હોય તો બધું જ બેકાર છે શ્રીમંતોના ઘરમાં ફરવા માટે એક કાર, બે કાર, ત્રણ કાર હોય પણ સંસ્કાર ન હોય તો બધું બેકાર છે. સદાચાર વિના લાખ રૂપિયાને ખાખ થતા સમય લાગતો નથી જે ઘરમાં સદાચાર નથી ત્યાં લાખોની મિલકત હોય તો પણ શું કામની? તમારી પાસે સંપત્તિ હશેતો વિલ બનશે. તમારી પાસે સંસ્કાર (સદાચાર) હશેતો ગુડવિલ બનશે. તમારા જીવનરૂપી ઉપવનમાં સદગુણોના વટવૃક્ષ હોય, જેમાં અહોભાવના મૂળિયા હોય આચારની શાખા અને પ્રશાખા હોય, ગંભીરતા-ઉદારતા વિગેરે ગુણપુષ્પો મઘમઘાયમાન થતા હોય અને અનુમોદનાની હરિયાળી ચારે બાજુ લહેરાતી હોય તે ખરેખર આ જીવન મળ્યું જ નહિ પણ ફળ્યું કહેવાય.


**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**રાજકોટ મંડળ ખાતે મુસાફરોને માર્ગદર્શન આપતી અને ATVM દ્વારા અનરિઝર્વ્ડ ટિકિટો જારી કરવા માટે ફેસિલિટેટર્સની નિમણૂક માટેની જાહેરાત સૂચના**
**નં.C548/ATVM/Facilitator/RJT/2026 તા. /1/2026.**

૧. ભારતના રાષ્ટ્રપતિ વતી, પશ્ચિમ રેલવે, રાજકોટ મંડળના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, અરજીઓ આમંત્રિત કરે છે. **૧] પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન ઓફિસ અને સ્ટેશનોમાંથી નિવૃત્ત કર્મચારીઓ (ગ્રુપ સી અને ડી) અને તેમના/તેણીના જીવનસાથી ૨] જો નિવૃત્ત કર્મચારી પાત્ર/ભાગીદાર નહીં હોય તો ખાનગી પક્ષોની અરજી સ્વીકારવામાં આવશે. (ઉપરોક્ત ૧ અને ૨ માટેની શરતો અને શરતો અરજી ફોર્મ સાથે અલગથી તૈયાર કરવામાં આવી છે)** રાજકોટ મંડળ પર નીચેના સ્ટેશનો પર ૦૮ ફેસિલિટેટર્સને જોડવા માટે મુસાફરોને ATVM નો ઉપયોગ કરવામાં મદદ/શિક્ષિત કરવા અને ATVM દ્વારા અનરિઝર્વ્ડ ટિકિટ જારી કરવા માટે. પસંદ કરાયેલા અરજદારોને ૦૨ (બે) વર્ષના સમયગાળા માટે ATVM દ્વારા ટિકિટિંગ કરવાની મંજૂરી આપવામાં આવશે, જે યોજનાના વિસ્તરણ અને સક્ષમ અધિકારી એટલે કે ડિવિઝનલ રેલવે મેનેજર (C) રાજકોટ W-Rly ની સંતોષને આધીન એક વર્ષ સુધી લંબાવી શકાય છે. ફેસિલિટેટર તરીકે જોડાવા બદલ રેલવે દ્વારા કોઈ મહેનતાણું ચૂકવવામાં આવશે નહીં, સિવાય કે સ્માર્ટ કાર્ડ રિચાર્જ પર બોનસ ૧૫૦ કિમી સુધીની ટિકિટ માટે 3% ના દરે મળશે. ૧૫૧ કિમીથી ૫૦૦ કિમી સુધીની ટિકિટ માટે ૨% બોનસ મળશે અને ત્યારબાદ, ૫૦૦ કિમીથી વધુ અંતર માટે NSG-૧, NSG-૨ અને NSG-3 શ્રેણીના સ્ટેશનો માટે જારી કરાયેલી ટિકિટ માટે ૧% બોનસ મળશે. અન્ય શ્રેણીના સ્ટેશનો માટે, સ્માર્ટ કાર્ડ રિચાર્જ પર ૩% બોનસ ફક્ત ૧૫૦ કિમી સુધીના અંતર સુધીની ટિકિટ માટે જ માન્ય કરવામાં આવ્યો છે, જે રેલવે બોર્ડના પત્ર નંબર ૨૦૨૪/TG-૧/૧૦/ATVM/સ્માર્ટ કાર્ડ રિચાર્જ પર બોનસ તારીખ ૨૦/૦૩/૨૦૨૫ મુજબ માન્ય છે.

૨. રાજકોટ મંડળ પર મુસાફરી કરતી જનતાને ટિકિટ આપવા અને મુસાફરોને ATVM નો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે શિક્ષિત કરવા માટે ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીનો (ATVM) પર સુવિધા આપનારાઓની જરૂર હોય તેવા સ્ટેશનોની યાદી નીચે મુજબ છે.

| ક્રમાંક | સ્ટેશનનું નામ | સ્ટેશનની શ્રેણી | સ્થાપિત ATVM ની સંખ્યા | જરૂરી ફેસિલિટેટર ની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | NSG-૨ | ૦૧ | ૦૧ |
| ૨ | ભક્તિનગર | NSG-૫ | ૦૧ | ૦૧ |
| ૩ | હાપા | NSG-૪ | ૦૧ | ૦૧ |
| ૪ | જામનગર | NSG-3 | ૦૧ | ૦૧ |
| ૫ | દ્વારકા | NSG-3 | ૦૧ | ૦૧ |
| ૬ | ઓખા | NSG-૪ | ૦૧ | ૦૧ |
| ૭ | વાંકાનેર | NSG-૪ | ૦૧ | ૦૧ |
| ૮ | સુરેન્દ્રનગર | NSG-3 | ૦૧ | ૦૧ |

૩ અરજી સબમિટ કરવાની વિગતો:

| | | |
|---|---|---|
| ૧ | ભરેલું અરજી ફોર્મ આ કચેરી દ્વારા પ્રાપ્ત થશે | **૧૨.૦૦ કલાકથી તા. ૨૪.૨.૨૬ સુધી** |
| ૨ | અરજી સબમિટ કરવાનું સ્થળ | સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, ઓફિસ કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ ડિવિઝન, રાજકોટ |
| ૩ | જાહેરાત સૂચના અને અરજી ફોર્મ વેબસાઇટ પર પણ ઉપલબ્ધ છે | **www.wr.indianrailways.gov.in** |
| ૪ | અરજી ખુલવાની તારીખ | **૨૫.૦૨.૨૬ ના રોજ** |

૪. પોસ્ટ દ્વારા પ્રાપ્ત અરજી સ્વીકારવામાં આવશે નહીં, એક અરજદાર ફક્ત એક જ ATVM સ્થાન માટે અરજી કરી શકે છે. બધી જરૂરી ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી અરજીની ચકાસણી માટે પ્રક્રિયા કરવામાં આવશે અને બધી શરતો પૂર્ણ થયા પછી ધ્યાનમાં લેવામાં આવશે.
અરજી ફોર્મમાં નિર્ધારિત બધી શરતો અને સામાન્ય શરતો પૂર્ણ કર્યા વિના પ્રાપ્ત અરજીઓ નામંજૂર થવાને પાત્ર છે.
**૫. સક્ષમ અધિકારીની મંજૂરી પછી ATVM સુવિધા આપનાર તરીકે કાર્ય કરવાની પરવાનગી આપવામાં આવશે.**

RJT 190

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



**ધ્વજવંદન નિમંત્રણ**

**તારીખઃ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ (સોમવાર) સમય : સવારે ૮:૦૦ કલાકે**

ભારત માતા કી જય, આપણો દેશ જ્યારે ૭૭મો પ્રજાસત્તાક પર્વ ઉજવવા જઈ રહ્યો છે, ત્યારે રાષ્ટ્રપ્રેમ અને ગૌરવના આ અવસરે સહભાગી થવા માટે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ (વિદ્યાસભા), અમરેલી આપ સૌને ભાવભીનું હાર્દિક નિમંત્રણ પાઠવે છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને રાષ્ટ્રભાવનાના સિંચન માટે કટિબદ્ધ આપણી સંસ્થા દ્વારા આ વર્ષે પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

ધ્વજવંદન: શ્રી ગિરિશભાઈ શાહ (પ્રમુખશ્રી, સમસ્ત મહાજન સમાજ-મુંબઈ)
પ્રેરક ઉપસ્થિતિ: શ્રી અશોકભાઈ ગજેરા (અગ્રણી ઉદ્યોગપતિશ્રી, મુંબઈ (મહારાષ્ટ્ર))
ઉદ્દઘાટકશ્રી: શ્રી ગોરધનભાઈ ધામેલીયા (રાજકોટ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ-ગોપાલ ડેરી)

**વિદ્યાર્થી સન્માન સમારોહ**

**તારીખઃ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ (સોમવાર) સમય : બપોરે ૧૧:૦૦ કલાકે**

અધ્યક્ષશ્રી: શ્રી ભરતભાઈ સુતરીયા (સાંસદશ્રી, અમરેલી)
અતિથિ વિશેષ: શ્રી પી. બી. પંડયા (જિલ્લા વિકાસ અધિકારીશ્રી), શ્રી વિક્રમસિંહ પરમાર (જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી), શ્રી એમ. જે. નાકિયા (પ્રાંત અધિકારીશ્રી), શ્રી પૂનમબેન કુમકિયા (જિલ્લા રમત-ગમત અધિકારીશ્રી)
ઉદ્દઘાટકશ્રી - દિપપ્રાગટ્ય: શ્રી હિરેનભાઈ હિરપરા (અધ્યક્ષ પ્રદેશ ભાજપ કિસાન મોરચો), શ્રી અતુલભાઈ કાનાણી (પ્રમુખશ્રી, જિલ્લા ભાજપ-અમરેલી)

**વસંતોત્સવ-૨૦૨૬**

**તારીખઃ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ (સોમવાર) સમય : સાંજે ૭:૦૦ કલાકે**

કાર્યક્રમમાં આપનું આગમન અમારા માટે ઉત્સાહની સુગંધ પ્રસરાવશે તો સંસ્થાના ભૂલકાંઓ દ્વારા રજૂ થતાં વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમનું હૃદયપૂર્વક રસપાન કરવા અને રંગમંચના બાળ કલાકારોના કસબને પ્રોત્સાહિત કરવા આપશ્રીને સંસ્થા પરિવાર હૃદયના સ્પંદનોથી નેહ નિતરતું નિમંત્રણ પાઠવે છે.

સમારોહના અધ્યક્ષશ્રી: શ્રી જીતુભાઈ વાઘાણી (કૃષિમંત્રીશ્રી - કેબિનેટ, ગુજરાત સરકાર), શ્રી કૌશિકભાઈ વેકરીયા (મંત્રીશ્રી ઉર્જા અને કાયદો, ગુજરાત સરકાર)
કાર્યક્રમના મુકુટમણી: શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા (ધારાસભ્યશ્રી-જેતપુર, પૂર્વ મંત્રીશ્રી), શ્રી પરશોત્તમભાઈ રૂપાલા (સાંસદશ્રી-રાજકોટ, પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી)
ઉદ્દઘાટકશ્રી - દિપપ્રાગટ્ય: શ્રી દિલીપભાઈ સંઘાણી - ચેરમેન ઈફ્કો - ગુજકો માસોલ, શ્રી મહેશભાઈ કસવાળા - ધારાસભ્યશ્રી, સા.કુંડલા-લીલીયા, શ્રી જનકભાઈ તળાવીયા - ધારાસભ્યશ્રી, લાઠી-બાબરા, શ્રી જે.વી. કાકડીયા - ધારાસભ્યશ્રી, ધારી-બગસરા

નિમંત્રક
શ્રી વસંતભાઈ ગજેરા - પ્રમુખશ્રી
શ્રી અશોકભાઈ એચ. ગજેરા - મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
શ્રી હેમેન્દ્રભાઈ મહેતા- ઉપપ્રમુખશ્રી | શ્રી મનસુખભાઈ ધાનાણી - ટ્રસ્ટી-વ-મંત્રીશ્રી
શ્રી લીંબાભાઈ જોધાણી - ટ્રસ્ટી-વ-મંત્રીશ્રી | શ્રી નાગજીભાઈ સોજીત્રા - ઉપપ્રમુખશ્રી
શ્રી ચતુરભાઈ ખુંટ - ટ્રસ્ટી-વ-મંત્રીશ્રી | શ્રી કિશોરભાઈ મહેતા - ટ્રસ્ટી-વ-મંત્રીશ્રી

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
**શ્રીમતી શાંતાબેન હરિભાઇ ગજેરા કેમ્પસ**

વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી. (ગુજરાત) સંપર્ક : ૯૦૯-૯૦૯-૮૨૨૦



**જામનગર મહાનગરપાલિકા**

**:: ટેન્ડર નિવિદા ::**

જામનગર મહાનગરપાલિકાની સીવીલ શાખા દ્વારા **સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ** નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે, જેની વધુ વિગત માટે જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ **https://jmctender.nprocure.com/** જોવા ,મળી શકશે. આ ટેન્ડર્સ તા.૨૮/૦૧/૨૦૨૬ થી ઓનલાઈન મુકવામાં આવનાર છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧, ૬ અને ૭) માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગટર વર્કસનું કામ | ૩૦.૦૦ |
| ૨ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૦, ૧૧ અને ૧૨) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગટર વર્કસનું કામ | ૩૦.૦૦ |
| ૩ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગટર વર્કસનું કામ | ૩૦.૦૦ |
| ૪ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨, ૩ અને ૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગટર વર્કસનું કામ | ૩૦.૦૦ |
| ૫ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગટર વર્કસનું કામ | ૩૦.૦૦ |
| ૬ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧, ૬ અને ૭) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ બિલ્ડીગ વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૭ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૦, ૧૧ અને ૧૨) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ બિલ્ડીગ વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૮ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ બિલ્ડીગ વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૯ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨, ૩ અને ૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ બિલ્ડીગ વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૧૦ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ બિલ્ડીગ વર્કસનું કામ | ૩૫.૦૦ |
| ૧૧ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧, ૬ અને ૭) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફીક વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૧૨ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૦, ૧૧ અને ૧૨) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફીક વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૧૩ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફીક વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૧૪ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨, ૩ અને ૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફીક વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૧૫ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફીક વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૧૬ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧, ૬ અને ૭) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ કેનાલ - બ્રીજ વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૧૭ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૦, ૧૧ અને ૧૨) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ કેનાલ - બ્રીજ વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૧૮ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ કેનાલ - બ્રીજ વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૧૯ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨, ૩ અને ૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ કેનાલ - બ્રીજ વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૨૦ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ કેનાલ - બ્રીજ વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૨૧ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧, ૬ અને ૭) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ રોડ વર્કસ (મેટલ, મોરમ, ગ્રીટ સપ્લાય કરી પાથરી આપવાનું કામ) નું કામ | ૧૫.૦૦ |
| ૨૨ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૦, ૧૧ અને ૧૨) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ રોડ વર્કસ (મેટલ, મોરમ, ગ્રીટ સપ્લાય કરી પાથરી આપવાનું કામ) નું કામ | ૧૫.૦૦ |
| ૨૩ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ રોડ વર્કસ (મેટલ, મોરમ, ગ્રીટ સપ્લાય કરી પાથરી આપવાનું કામ) નું કામ | ૧૫.૦૦ |
| ૨૪ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨, ૩ અને ૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ રોડ વર્કસ (મેટલ, મોરમ, ગ્રીટ સપ્લાય કરી પાથરી આપવાનું કામ) નું કામ | ૧૫.૦૦ |
| ૨૫ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ રોડ વર્કસ (મેટલ, મોરમ, ગ્રીટ સપ્લાય કરી પાથરી આપવાનું કામ) નું કામ | ૧૫.૦૦ |
| ૨૬ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧, ૬ અને ૭) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગાર્ડન વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૨૭ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૦, ૧૧ અને ૧૨) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગાર્ડન વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૨૮ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગાર્ડન વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૨૯ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨, ૩ અને ૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગાર્ડન વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૩૦ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪) માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગાર્ડન વર્કસનું કામ | ૧૦.૦૦ |
| ૩૧ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ વેસ્ટ, ઈસ્ટ, સાઉથ, નોર્થ, સેન્ટ્રલ ઝોન માં સ્ટ્રેન્ધનીગ એન્ડ અપગ્રેડેશન ઓફ પબ્લીક ટોયલેટ વર્કસનું કામ | ૧૫.૦૦ |
| ૩૨ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ ઈસ્ટ ઝોન (વોર્ડ નં. ૧૦, ૧૧ અને ૧૨), સીવીલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨, ૩ અને ૪) અને સીવીલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬) માં ગાર્ડનના હેતુ માટે વોટર ટેન્કર વડે રોડ સાઈડ ટ્રી-પ્લાન્ટેશનમાં પાણી પીવડાવવાનું કામ | ૧૫.૨૦ |
| ૩૩ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત સીવીલ વેસ્ટ ઝોન (વોર્ડ નં. ૧, ૬ અને ૭), અને સીવીલ સેન્ટ્રલ ઝોન (વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪) માં ગાર્ડનના હેતુ માટે વોટર ટેન્કર વડે રોડ સાઈડ ટ્રી-પ્લાન્ટેશનમાં પાણી પીવડાવવાનું કામ | ૧૫.૨૦ |
| ૩૪ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત વોર્ડ નં. ૧ થી ૮ માં ગાર્ડનના હેતુ માટે ટ્રેકટર ટ્રોલી વીથ લેબર સપ્લાય કરવાનું કામ | ૩૫.૦૦ |
| ૩૫ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની આંતરમાળખાકીય સુવિધાની વર્ષ ૨૦૨૬-૨૭ ની ગ્રાંટ અંતર્ગત વોર્ડ નં. ૯ થી ૧૬ માં ગાર્ડનના હેતુ માટે ટ્રેકટર ટ્રોલી વીથ લેબર સપ્લાય કરવાનું કામ | ૩૫.૦૦ |
| ૩૬ | સ્વભંડોળ અન્વયે સીવીલ વેસ્ટ, ઈસ્ટ, સાઉથ, નોર્થ અને સેન્ટ્રલ ઝોનમાં જુદી -જુદી કંપનીઓ ધ્વારા ઓ.એફ.સી. કેબલ / ઈલેકટ્રીક કેબલ / ગેસ પાઈપ લાઈન / પાણીની પાઈપ લાઈન વિ. પ્રકારના લેઈંગના કામ માટે ખોદવામાં આવેલ ટ્રેન્ચમાં આસ્ફાલ્ટ સ્ટ્રેન્ધનીગનું કામ (ચરેડા) | ૧૦૦.૦૦ |

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા

નં. જેએમસી/સીવીલ/ ૧૨૩ /૨૫-૨૬, તા. ૨૩/૦૧/૨૦૨૬

તંત્રી લેખ

# રણોત્સવ થકી સખી ક્રાફ્ટ બજારમાં સફળતાનો સૂર્યોદય

રાજ્યની મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવાના ઉદ્દેશ સાથે વિવિધ પહેલો હાથ ધરવામાં આવી રહી છે. કચ્છના રણોત્સવ સખી ક્રાફ્ટ બજારને ફળ્યો છે. રણોત્સવ આવતા પ્રવાસીઓમાં સખી ક્રાફ્ટ બજાર આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. અત્યાર સુધી ૫ કરોડથી વધુનું વેચાણ થયું છે.

આ ક્રાફ્ટ બજારમાં ૩૩૦ સ્વસહાય જૂથની મહિલાઓને અલગ અલગ તબક્કામા સ્ટોલ આપવામાં આવી રહ્યા છે, જેમાં ગુજરાત સહિત ભારતભરમાંથી અન્ય રાજ્યની મહિલાઓ પણ જોડાઈ છે.આ ક્રાફ્ટ બજારની મુલાકાત પ્રવાસીઓ માટે યાદગાર સંભારણું બન્યું છે. ક્રાફ્ટ બજારની સાથે લાઈવ સંગીત કાર્યક્રમો અને કાફેટેરિયા પણ બનાવવામાં આવ્યો છે.

હસ્તકળા અને હાથવણાટથી લઈને માટીની વાસણો, જ્વેલરી અને હોમ ડેકોર સહિત પેકેજ્ડ ફુડનું અહીં વેચાણ થઈ રહ્યું છે. આ ક્રાફ્ટ બજારમાં પરંપરાગત હસ્તકલા અને આધુનિક ડિઝાઈનનું અનોખુ સંયોજન જોવા મળી રહ્યું છે. અત્યાર સુધી ૪.૫ લાખથી વધુ લોકોએ સખી ક્રાફ્ટ બજારની મુલાકાત લીધી છે.


સખી મંડળની બહેનો માટે દર વર્ષે માર્કેટિંગના ભાગ રૂપે રાષ્ટ્રીય કક્ષાના ૨ સરસ મેળા અને પ્રાદેશિક કક્ષાના ૧૦-૧૨ સરસ મેળાઓ કરવામાં આવે છે. આ વર્ષે એમાં વધારો કરીને શોપિંગ ફેસ્ટિવલ, મોટા મોલમાં સખી માર્કેટ, ફ્લી માર્કેટ, સ્વદેશી મેળાઓ તેમજ પ્રવાસનના કાર્યક્રમોમાં પણ સખી મંડળો માટે વસ્તુઓના વેચાણ અને બ્રાન્ડિંગની વ્યવસ્થા કરવામાં આવી છે.

# સાળંગપુરમાં ભક્તિભાવથી રંગાયા સાંસદ પરિમલ નથવાણી: કષ્ટભંજનદેવના દર્શનથી ધન્યતા અનુભવી

**અબતક રાજકોટ**

સાળંગપુર ખાતે આજે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર તથા આંધ્રપ્રદેશના રાજ્યસભા સાંસદ પરિમલભાઈ ડી. નથવાણીએ કષ્ટભંજનદેવ હનુમાનજીના શરણોમાં શીશ ઝુકાવી દર્શન અને પૂજન કરી ધન્યતા અનુભવી.

આ પવિત્ર અવસરે પરિમલભાઈ નથવાણીએ હનુમાનજી દાદાના દિવ્ય સ્વરૂપના દર્શન કરી શ્રદ્ધાપૂર્વક ધજા અર્પણ કરી પૂજન-અર્ચનનો લ્હાવો લીધો હતો. મંદિરના કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરી



સ્મૃતિચિહ્ન રૂપે કિંગ ઓફ સાળંગપુરની ભવ્ય મૂર્તિ અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

આ સાથે તેમણે મંદિર પરિસરમાં બિરાજમાન હનુમાનજી દાદાની વિરાટ પ્રતિમાના દર્શન કરી આ દિવ્ય અનુભૂતિ બદલ હર્ષ વ્યક્ત કર્યો હતો. સમગ્ર પ્રસંગ દરમિયાન મંદિર પરિસર ભક્તિમય માહોલથી ગુંજતું બન્યું હતું.



# જનહિતલક્ષી કાર્યો કરવામાં કોઈ કચાસ નહી રખાય: સાંસદ વિનોદ ચાવડા

## ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા રૂ. ૪૫૪૦ લાખના ખર્ચે વિવિધ વિકાસ કામોનું ખાતમુહર્ત કરાયું

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



આદિપુર શહેરના મુંદરા સર્કલ ખાતે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગાંધીધામ મહાનગર વિસ્તારમાં કુલ રૂા. ૪૫૪૦ લાખના ખર્ચે વિવિધ વિકાસકામોનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીધામ - આદિપુરને જોડતા ટાગોર રોડનું ૨૬ કરોડના ખર્ચે રિસર્ફેસિંગનું કામ, ગાંધીધામના મુંદરા સર્કલથી શિણાય સુધીના માર્ગનું ૧૬ કરોડના ખર્ચે રિસર્ફેસિંગ કામ તથા મીઠીરોહરથી ચૂડવા રોડ તથા જવાહરનગર અંકુર વે બ્રિજથી પડાણા સુધીના રસ્તાનું કામ રૂા. ૩.૪૦ કરોડના ખર્ચે પ્રકલ્પનું સાંસદ વિનોદભાઈ ચાવડા તથા ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, લોકોની સુખાકારીમાં વધારો કરવા માટે કોઈ કચાસ નહીં છોડાય. શહેરનો સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. ગાંધીધામનાં ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર લોકોને તમામ પ્રકારની પ્રાથમિક સુવિધાઓ આપવા માટે કટિબદ્ધ છે. નજીકના દિવસોમાં ગાંધીધામ સંકુલમાં મહાનગર તરીકેનો વિકાસ જોવા મળશે અને લોકોને મહાનગર જેવી સુવિધાઓનો પણ લાભ મળશે.

# પાટડી: હેબતપુર ગામના ખેડુતોને પાક નિષ્ફળ સહાય ચૂકવવા અંગે રજૂઆત

## ખેડુત હિતરક્ષક સમિતિનું રજીસ્ટ્રેશન મુદ્દે દરિયાલાલ મંદિરે બેઠક મળી



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

દસાડા તાલુકાના પાટડીથી અસ્તિત્વમાં આવેલ ખેડૂત હિતરક્ષક સમિતિ દ્વારા ખેડૂતોના હિતો માટે છેલ્લા એક વર્ષથી લડત આપવામાં આવી રહી છે. જેના પરિણામે ૧૯૨ અને ૧૯૩ નોંધ દૂર થઈ અને ૦૭ ગામના ખેડૂતોને ડબલ પ્રિમિયમ ભરવાથી રાહત મળી. આ ઉપરાંત પાક નિષ્ફળ સહાયથી વંચિત ખેડૂતો માટે પણ ખેડૂત હિતરક્ષક સમિતિ દ્વારા લડત લડવામાં આવી રહી છે તથા હિંમતપુરા અને નારણપુરા રહેણાંક જમીન વિવાદ ઉકેલવા માટે સમિતિ લડત લડી રહી છે જે અંતર્ગત સમયાંતરે બેઠક યોજવામા આવે છે. જેના ભાગરૂપે પાટડી દરિયાલાલ મંદિર ખાતે બેઠકનુ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ પ્રશ્નો ખેડૂતો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૪માં પાક નિષ્ફળ જતા સહાયથી વંચિત ખેડૂતો બાબતે પણ ચર્ચાઓ કરવામાં આવી હતી. ત્યારે હેબતપુર ગામના ૧૩૫ ખેડૂતને વર્ષ ૨૦૨૪મા પાક નિષ્ફળ સહાયથી વંચિત છે તેવી રજૂઆત ચંદુભાઈ ગોહિલ દ્વારા કરવામાં આવી હતી. ઉપરાંત ગામે ગામ સભ્યો પણ બનાવવામાં આવશે અને સરકારના ધારાધોરણ મુજબ ખેડૂત હિતરક્ષક સમિતિનુ રજીસ્ટ્રેશન કરવામાં આવશે તેમ ખેડૂત હિતરક્ષક સમિતિ સંયોજક વિક્રમભાઈ રબારી સહિતના આગેવાનો દ્વારા જણાવવામાં આવ્યું હતું

# જૂનાગઢમાં દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધાનું આયોજન: ઉમેદવારો માટે અરજી પ્રક્રિયા શરૂ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

શારીરિક ક્ષતિ ધરાવતા શ્રેષ્ઠ કર્મચારીઓ, સ્વરોજગાર કરતી વ્યક્તિઓ, દિવ્યાંગોને નોકરી આપતા શ્રેષ્ઠ નોકરીદાતાઓ અને શ્રેષ્ઠ પ્લેસમેન્ટ ઓફિસર્સના પ્રોત્સાહન માટે રાજ્ય દિવ્યાંગ પારિતોષિક સ્પર્ધા વર્ષ-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ રૂબરૂ અથવા અનુબંધમ પોર્ટલની વેબસાઈટ પરથી ઓનલાઈન મેળવી લેવાનું રહેશે. આ આયોજન દ્વારા દિવ્યાંગ વ્યક્તિઓની ક્ષમતા અને તેમને રોજગારી પૂરી પાડતા એકમોની કામગીરીને રાજ્ય કક્ષાએ સન્માનિત કરવામાં આવશે.

અરજી કરવાની પ્રક્રિયા અને સમયમર્યાદા રસ ધરાવતા ઉમેદવારોએ સંપૂર્ણ વિગતો સાથેનું અરજીપત્રક જરૂરી દસ્તાવેજો બિડાણ કરવાના રહેશે. તમામ વિગતો સાથેની દરખાસ્ત બે નકલમાં તૈયાર કરી તા.૨૭/૦૨/૨૦૨૬ સુધીમાં જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢને રૂબરૂ અથવા ટપાલ દ્વારા પહોંચાડવાની રહેશે. વધુ માહિતી કે માર્ગદર્શન માટે કચેરીના સંપર્ક નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પર અથવા કચેરીનો રૂબરૂ સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

પીએમ સ્વનિધિ યોજના હેઠળ

# ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા લાભાર્થીઓને લોન-ક્રેડિટ કાર્ડનું વિતરણ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશ્નર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ તારીખઃ૨૩/૦૧/૨૦૨૬ના રોજ ભારત સરકારની પીએમ સ્વનીધી યોજના અન્વયે લાભાર્થીઓને લોન વિતરણ અને ક્રેડિટ કાર્ડ શુભ આરંભ તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષ સ્થાને તીરૂવનંતપુરમ કેરળ ખાતે યોજનાર કાર્યક્રમનું લાઈવ પ્રસારણ કાર્યક્રમનું આયોજન અગ્રસેન ભવન ગાંધીધામ ખાતે રાખવામાં આવ્યો હતો, કાર્યક્રમમાં ગાંધીધામ મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશ્નર સંજયકુમાર રામાનુજ, બેંક મેનેજરો તેમજ ગાંધીધામ મહાનગરપાલિકાના સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં લાભાર્થીગણ ઉપસ્થિત રહ્યા હતા, પીએમ સ્વનીધી યોજના હેઠળ કુલ-૧૮



લાભર્થીઓને કુલ,,૬,૦૫,૦૦૦/-ની લોનસહાય મંજુરી પત્ર સ્ટેજ પરથી આપવામાં આવેલ, તેમજ ક્રેડિટ કાર્ડ મેનેજર વિજયભાઈ હડિયા દ્વારા લાભાર્થીઓને .૩૦,૦૦૦/- ના કેશ ક્રેડિટ કાર્ડ વિશે માહિતગાર કરવામાં આવ્યા, તેમજ યોજનાકિય માહિતી ગાંધીધામ મહાનગરપાલિકાના મેનેજર વિમલબેન હેરમા દ્વારા આપવામાં આવી, ત્યારબાદ .વડાપ્રધાનના અધ્યક્ષ સ્થાને તીરુવનંતપુરમ કેરળ ખાતે યોજનાર કાર્યક્રમનું લાઈવ પ્રસારણ નિહાળવામાં આવ્યું. આ સાથે ગાંધીધામ મહાનગરપાલિકા વિસ્તારના તમામ નોંધાયેલ શહેરી શેરી ફેરિયાઓ પીએમ સ્વનીધી યોજનાનો વધુમાં વધુ લાભ લેવા ગાંધીધામ મહાનગરપાલિકાના યુ.સી.ડી.- વિભાગ રૂમનં-૭નો સંપર્ક કરવા ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે.


# "સોમનાથદાદા"ના સાનિધ્યમાં આન, બાન, શાન સાથે ગણતંત્ર પર્વ ઉજવાશે

## સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમો અને લોકડાયરાનું આયોજન: અશ્વ સાથે પોલીસ જવાનો તિરંગાને સલામી આપશે

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ કાયદો વ્યવસ્થા જળવાઈ અને દર્શનર્થીને કોઈ તકલીફ ન પડે અને મંદિર સલામતી જળવાય તે માટે વધારાનો સ્ટાફ પણ ફાળવ્યો છે.

સોમનાથ મહાદેવ મંદિર ૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસ ની આન બાન શાન સાથે ઉજવણી થાશે. ૧૧ અશ્વ પોલીસ જવાનો રાષ્ટ્રધ્વજને સોમનાથમાં પ્રથમ વાર રાષ્ટ્રધ્વજ સલામી આપશે.



વિશ્વ પ્રસિદ્ધ સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં ૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસની ભવ્ય ઉજવણી સોમનાથ સ્વાભિમાન પર્વ ૨૦૨૬ અંતરગત અનેક વિધ કાર્યકર્મો બે દિવસ યોજાયા છે.

ઈતિહાસમાં પ્રથમ વખત પોલીસ ની ૬ પ્લાટુનો ૧૧ અશ્વ સ્વાર પોલીસ જવાનો રાષ્ટ્રધ્વજ સલામી આપશે. જેમાં ૩ પોલીસ પ્લાટુન ૧ જીઆરડી ૧ હોમગાર્ડનો સમાવેશ થાય છે.

ગણતત્ર દિવસ પુર્વ સંધ્યાએ અને ૨૬ જાન્યુઆરીએ મઁદિર પરિસર સરદાર ચોકમાં સાંસ્કૃતિક અને લોકડાયરાનું આયોજન કરાયેલ છે. સોમનાથ મહાદેવને ત્રિરંગા રાષ્ટ્ર ધ્વજ સંધ્યા શણગાર અને રાત્રીના સમગ્ર મંદિરને ત્રિરંગા ઈલેક્ટ્રિક રોશની થીમથી રોશનીમય બનશે.

વીરદાદા જશરાજના શહીદ દિને

# વેરાવળના જલ્યાણ ગ્રુપ દ્વારા ઝવેરીભાઈ ઠકરારનું સન્માન

**અબતક,અતુલ કોટેચા, વેરાવળ**

વેરાવળ જલ્યાણ ગ્રુપ દ્વારા લોહાણા બોર્ડીંગ માં વિરદાદા જશરાજના શહીદ દિને લોહાણા જ્ઞાતિ રઘુવંશી પરીવારો માટે ભોજન પ્રસાદીનું ભવ્ય આયોજન કરેલ હતું જેમાં ૬૫૦૦ થી વધુ પરીવારના સભ્યોએ લાભલીધો હતો આ કાર્યક્રમ માં લોહાણા મહાજન પ્રમુખ,ઉપપ્રમુખ,કારોબારી દ્વારા ગુજરાત ભાજપ વિશેષ આમંત્રીત સભ્ય ઝવેરીભાઈ ઠકરાર નું શાલ ઓઢાડી પુષ્પગુછ આપી ભવ્ય સન્માન કરાયેલ હતું.

જલ્યાણ ગ્રુપ ના ચેરમેન તેમજ લોહાણા મહાજન ના પ્રમુખ દીપકભાઈ કકકડ ના માર્ગદર્શન



લોહાણા બોર્ડીંગ ખાતે જ્ઞાતિ જમણ યોજાયું

હેઠળ લોહાણા બોર્ડીંગ બસ સ્ટેન્ડ સામે વિરદાદા જશરાનજીના શહીદ દીને લોહાણા જ્ઞાતિ રઘવંશી પરીવારો માટે ભવ્ય ભોજન પ્રસાદીનું આયોજન કરાયું હત

જલ્યાણ ગ્રુપ તેમજ લોહાણા મહાજન દ્વારા આ કાર્યક્રમ માં જ્ઞાતિ અગ્રણી ઝવેરીભાઈ ઠકરાર ગુજરાત પ્રદેશ ભાજપ માં વિશેષ આમંત્રીત સભ્ય તરીકે વરણી થતા લોહાણા મહાજન પ્રમુખ દીપક કકકડ,ઉપપ્રમુખ રમેશ ભુમ્રા,કારોબારી ચિરાગ કકકડ,બીપીન તન્ના,કીરીટ વસંત,જયેશ શિગાળા તેમજ જ્ઞાતિ અગ્રણીઓ તેમજ ઉપસ્થિત હજારો જ્ઞાતિજનોની ઉપસ્થિતી માં શાલ ઓઢાડી,પુષ્પગુછ આપી ભવ્ય સન્માન કરાયેલ હતું ત્યારે ઝવેરીભાઈ ઠકરારે જણાવેલ હતું કે જ્ઞાતિ ના આટલા મોટા કાર્યક્રમો સન્માન થવુ અહોભાગ્ય છે તેમજ ભાજપ સાથે વર્ષોથી જોડાઈ ને કામગીરી કરી રહેલ છું અનેક હોદાઓ પક્ષ તરફ થી અપાયેલ છે તે માટે તેમનો પાર્ટીનો આભાર પણ માનેલ હતો સાથે જણાવેલ હતું કે રઘુવંશી પરીવારો માટે હંમેશા લાગણી રહેલ છે અને રહેશે.

# જૂનાગઢવાસીઓના પ્રશ્નોના ઉકેલમાં વિલંબ નહીં ચલાવાય : મ્યુ. કમિશનર તેજસ પરમાર

## પ્રજાકીય પ્રશ્નો પર ચર્ચા કરી તેનો સકારાત્મક અને ઝડપી ઉકેલ લાવવા જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ





**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

પ્રજાકીય પ્રશ્નોના ઉકેલ માટે જૂનાગઢ જિલ્લા કલેકટર કચેરી ખાતે મ્યુનિસિપલ કમિશનર તેજસ પરમારના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રજાકીય પ્રશ્નો પર વિગતવાર ચર્ચા કરી તેનો સકારાત્મક અને ઝડપી ઉકેલ લાવવાનો હતો.

બેઠકના અધ્યક્ષ સ્થાનેથી મ્યુનિસિપલ કમિશનરે સ્પષ્ટ નિર્દેશ આપ્યા હતા કે લોકોના પ્રશ્નોનું નિવારણ સમયમર્યાદામાં અને સકારાત્મક અભિગમ સાથે થવું જોઈએ. તેમણે વિવિધ સરકારી વિભાગો વચ્ચે પરસ્પર સંકલન વધારવા પર ભાર મૂક્યો હતો જેથી વહીવટી પ્રક્રિયામાં વિલંબ ન થાય. ધારાસભ્યોએ રજૂ કરેલા પ્રશ્નોને ગંભીરતાથી લઈ તેને પ્રાથમિકતાના ધોરણે ઉકેલવા માટે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

આ બેઠકમાં રસ્તાઓના મરામત, પાકવીમો, વીજળી, નવી ગ્રામ પંચાયતનું નિર્માણ, જર્જરિત ટાંકીઓ દૂર કરવી અને ટેકાના ભાવે ખરીદીનું ચૂકવણું જેવા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. આ ઉપરાંત સાસણ ખાતે પોલીસ સ્ટેશન શરૂ કરવા અને મનરેગા યોજના જેવી બાબતો પણ રજૂ કરવામાં આવી હતી.

આ બેઠકમાં ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી, ભગવાનભાઈ બારડ અને ગોપાલભાઈ ઈટાલીયાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ સાથે જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા, નિવાસી અધિક કલેક્ટર બી. એસ. બારડ, આસિસ્ટન્ટ કલેક્ટર વંદના મીણા અને પ્રતીક જૈન સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સિહોર: " સંસ્કૃતિ સ્કૂલ , વિદ્યામંજરી જ્ઞાનપીઠ કેમ્પસ- ખાતે વસંત પંચમી"જ્ઞાનોત્સવ" ની ઉજવણી



**અબતક, સિહોર**

સિહોર શહેરની સુપ્રસિધ્ધ શૈક્ષણિક સંસ્થા સંસ્કૃતિ સ્કૂલ, વિદ્યામંજરી જ્ઞાનપીઠ કેમ્પસ ખાતે આજ તા.૨૩-૦૧-૨૦૨૬ નાં રોજ વસંત પંચમીના શુભ અવસરે એટલે કે વિદ્યાની દેવી ''માં સરસ્વતી'' નો પ્રાગટ્ય દિન-જન્મદિવસ હોય શાળામાં અભ્યાસ કરતાં વિદ્યા પ્રિ-સ્કૂલ તથા ધોરણ-૧ થી ૫ ના તમામ વિદ્યાર્થીઓએ માં સરસ્વતીનું પુજન-અર્ચન અને મંત્રોચ્ચાર સાથે પોતાના શ્રેષ્ઠ અભ્યાસ માટે પ્રાર્થના કરી હતી.અને વસંત પંચમીએ માં સરસ્વતીના જન્મદિવસને ''જ્ઞાનોત્સવ'' તરીકે શાળામાં ખૂબ ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવેલ.આ પ્રસંગે વિદ્યાર્થીઓઓ દ્વારા માં સરસ્વતીની આરતી કરવામાં આવેલ તેમજ આ શુભ દિવસથી શાળામાં નવા પ્રવેશ આપવાની પ્રક્રીયાનું શુભ મૂર્હત થતુ હોય,એટલે પ્રવેશ ફોર્મને કૂમકૂમ તિલક કરી નવા પ્રવેશની શરૂઆત કરવામાં આવી હતી. અને સાથો સાથ વિદ્યા પ્રિ-સ્કૂલ તથા ધોરણ-૧ થી ૫ ના નાં Top-10 માં આવનાર તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતાં.આ કેમ્પસ ડાયરેક્ટર,આચાર્ય, કોર્ડીનેટર,સુપરવાઈઝરઓ તેમજ શાળા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.આ કાર્યક્રમને સફળ બનાવવાં માટે શાળા પરીવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢ: સુન્ની સંધી મુસ્લીમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજના તેજસ્વી તારલાનું બહુમાન

## શિક્ષણ થકી સમાજનું ગૌરવ વધારતા વિદ્યાર્થીઓ અને સરકારી અધિકારીઓને પ્રોત્સાહિત કરાયા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ શહેરના સુન્ની સંધી મુસ્લીમ સમાજના મલ્ટી પર્પઝ હોલ ખાતે એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ અને સરકારી નોકરી મેળવનાર ઉમેદવારોનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત અખ્તર મહંમદ સમાએ કુરઆને પાકની તિલાવત સાથે કરી હતી. આ સમારોહમાં ધો. ૧૦ અને ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓ, સ્નાતક અનુસ્નાતક, મેડિકલ અને એન્જિનિયરિંગ ક્ષેત્રના વિદ્યાર્થીઓ તેમજ સરકારી સેવામાં પસંદગી પામેલા સમાજના રત્નોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અવસરે શરીફભાઈ હાલા, રજાકભાઈ હાલા, નિહાલ એન્ટરપ્રાઈઝના રેહાનાબેન દોણકિયા અને મોહમ્મદ હુસેનભાઈ હાલા સહિતના અગ્રણીઓએ આર્થિક સહયોગ આપી





વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાજના બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવે, ડ્રોપ-આઉટ રેશિયો ઘટે અને સિવિલ સર્વિસ જેવા ઉચ્ચ હોદ્દાઓ પર પહોંચે તેવા ઉમદા હેતુ સાથે કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢ જિલ્લા સંધી મુસ્લીમ સમાજના પ્રમુખ હુસેનભાઈ દલના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉદ્યોગપતિ હુસેનભાઈ લાખા, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા વલીભાઈ સાંધ, પૂર્વ કોર્પોરેટર વલીભાઈ દલ અને રજાકભાઈ હાલા ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના પ્રમુખ ડો. હારૂનભાઈ વિશળ, હનીફભાઈ હાલા અને સમગ્ર કારોબારી ટીમ દ્વારા આયોજિત કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનોએ હાજરી આપી વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

# ચકચારી અમિત ખુંટ આપઘાત પ્રકરણમાં રાજદિપસિંહ રીબડાના શરતી જામીન મંજૂર

## દુષ્કર્મની ફરિયાદ બાદ અમિત ખૂંટે અંતિમ પગલું ભર્યું તું, અનિરૂધ્ધસિંહ તેના પુત્ર રાજદીપસિંહ, બે વકીલ અને પીડિતા સહિત છ સામે મરવા મજબૂર કરવાનો ગુનો નોંધાયો હતો

**અબતક**
**જીતેન્દ્ર આચાર્યલ ગોંડલ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ભરમા ચકચાર મચાવનાર રીબડાનાં અમિત દામજીભાઈ ખુંટનાં આપઘાત પ્રકરણમાં સંડોવાયેલા રાજદિપસિંહ જાડેજા ૮૪ દિવસના જેલવાસ બાદ ગોંડલની સેશન્સ કોર્ટ દ્વારા જામીન મંજૂર કરવામાં આવી છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટનાં એ ડીવીઝન પોલીસ મથકમા રીબડાનાં અમિત દામજીભાઈ ખુંટ સામે દુષ્કર્મની ફરીયાદ નોંધાય હોય જેનાં બીજા જ દીવસે અમિત ખુંટે આપઘાત કરી લીધો હતો. અમિત ખૂટે આપઘાત પુર્વે લખેલી પાંચ પાનાની સ્યુસાઈડ નોટમા રીબડાનાં અનિરુદધસિંહ મહીપતસિંહ જાડેજા, તેમનાં પુત્ર રાજદિપસિંહ, બે વકીલ અને દુષ્કર્મની ફરીયાદ નોંધાવનાર યુવતી સહીતના નામ આપ્યા હોય જે તમામ વિરુધ્ધ ગોંડલ તાલુકા પોલીસમા આપઘાતની ફરજ પાડી હોવાથી મરવા મજબૂર કર્યા અંગેની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. આ ઘટનામા સેશન્સકોર્ટ થી સુપ્રીમ કોર્ટ સુધી રાજદીપસિંહ જાડેજાની આગોતરા જામીન અરજી ફગાવી દેવામાં આવી છે.બનાવના છ મહિના બાદ રાજદીપસિંહ જાડેજા ગોંડલ તાલુકા પોલીસ મથક સમક્ષ તા.૧૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ સરેન્ડર થયા હતા.અને તપાસ અધિકારી જેતપુર શહેરના પી.આઈ. એ.ડી. પરમારે કબજો સંભાળીને તેને જેતપુર શહેર પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયા હતા.બે દિવસના રિમાન્ડ પૂર્ણ થતાં રાજદીપસિંહ જાડેજાને તા.૧૩ નવેમ્બરે ગોંડલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો,



જ્યાં કોર્ટે તેને જુનાગઢ જેલ હવાલે કરવાનો હુકમ ફરમાવ્યો હતો. રાજદીપસિંહ જાડેજાના વકીલ દ્વારા કોર્ટમાં અરજી દાખલ કરી રિબડા પેટ્રોલપંપ ફાયરિંગ પ્રકરણના અન્ય આરોપીઓ ગોંડલ અને રાજકોટ જેલમાં બંધ હોવાથી, સુરક્ષાના કારણોસર તેને ત્યાં ન મોકલવા જોઈએ. અમરેલી અથવા જુનાગઢ જેલમાં મોકલવામાં આવે. કોર્ટે તેને જુનાગઢ જેલ હવાલે કરવાનો હુકમ ફરમાવ્યો હતો.બાદ ગોંડલ સેશન્સ કોર્ટમાં રાજદિપસિંહ રીબડાએ રેગ્યુલર જામીન અરજી કરતા જેમાં અધિક સેસન્સ જજ એચ.એ. ત્રિવેદી સમક્ષ જામીન અરજીની સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં ફરિયાદ પક્ષે સ્પેશિયલ ડ.ડ. એ ધારદાર દલીલો કરી હતી જયારે બચાવ પક્ષે મજબૂત દલીલો રજૂ કરી હતી.પોલીસ તપાસના કાગળો અને પુરાવાઓની ચકાસણી કર્યા બાદ, કોર્ટે બચાવ પક્ષની દલીલોને ગ્રાહ્ય રાખી રાજદીપસિંહ જાડેજાના જામીન મંજૂર કર્યા છે.

### સત્ય પરેશાન થાય છે, પરાજીત નહીં: રાજદિપસિંહ

રીબડાના અમિત ખૂંટ આપઘાત પ્રકરણમાં રાજદીપસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજાને ગોંડલની અદાલતે ગત કાલે જામીન પર મંજૂર કરતાનો હુકમ કર્યો છે. બાદ ગત સાંજે રાજદીપસિંહ જાડેજા જુનાગઢ જેલમાંથી મુક્ત થયા બાદ પોતાના વતન રીબડા ખાતે આવી પહોંચતા તેમના સમર્થકો દ્વારા ઢોલ અને ફટાકડા સાથે ભવ્ય સ્વાગત કર્યું હતું. આ તકે રાજદીપસિંહ જાડેજાએ મીડિયા સાથે વાતચિત કરતા જણાવ્યું છે કે ન્યાયતંત્ર પર પૂર્ણ ભરોસો છે અને કાયદાને પૂરેપૂરૂં માન આપશું. અમારા પરિવાર પર ગોંડલ શહેર અને તાલુકાની જનતા તેમજ અઢારેય વરણનો પૂરો સહયોગ અને પ્રેમ મળ્યો છે. આ તકે તમામનો હું નતમસ્તકે પ્રણામ કરૂં છું અને સત્ય હમેંશા પરેશાન હોય છે પણ પરાજીત નથી હોતું તેમજ અત્યારે કોઈ ટીપ્પણી કરવી નથી. જે કંઈ કરશે તે ઈશ્વર સારૂં કરશે તેમ અંતમાં જણાવ્યું હતું.



**તા.૧૦ નવેમ્બરના રોજ ગોંડલ તાલુકા પોલીસ સમક્ષ સરેન્ડર થયા હતા, ૮૪ દિવસ બાદ જેલ મુક્ત**

# તારા બાપ ઉપર વાહન ચડાવી દઈશ: ગોંડલના ભોજપરામાં રહેતા પિતા-પુત્રને ધમકી

## વારસાઈ જમીન બાબતે ચાલતી તકરાર સબબ ગામમાં જ રહેતા બે શખસોએ ધમકાવ્યા : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલના ભોજપરા ગામે રહેતા યુવાન અને તેના પિતાને ગામમાં જ રહેતા બે શખસોએ ફોન કરી ગાળો આપી યુવાનના પિતા પર ગાડી ચડાવી દેવાની ધમકી આપી હતી. જમીન બાબતે ચાલતી તકરાર સબબ આ ધમકી આપી હતી. જે અંગે યુવાને ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ગોંડલના ભોજપરા ગામે રહેતા હિતેશ હરજીભાઈ પરમાર(ઉ.વ. ૩૪) દ્વારા ગોંડલ તાલુકા પોલીસ મથકમાં નોંધવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે કબીર રાજેશભાઈ પરમાર અને કૌશિક અનીલભાઈ પરમાર(રહે. બંને ભોજપરા) ના નામ આપ્યા છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે પાપડના ખારાનો વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

તા.૨૨/૦૧/૨૦૨૬ ના રાત્રીના નવેક વાગ્યા આસપાસ યુવાને ઘરે હતો ત્યારે તેને પિતા હરજીભાઈએ કહેલ કે, મારા ફોનમા ક્યારના કોઈ અજાણ્યા નંબરમાથી ફોન આવે છે તુ જો તો કોના ફોન આવે છે તેમ વાત કરતા યુવાને પિતાનો ફોન લઈને જોયેલ અને આ નંબર પર પોતાના ફોનમાંથી ફોન કરતા તેના જ ગામનો કબીર રાજેશભાઈ પરમાર વાત કરતા બોલાચાલી થઈ હતી અને તેણે કહેલ કે મેં તારા બાપને ફોન કર્યો હતો તું મને કેમ ફોન કરેશ? તેમ કહી બોલાચાલી કરવા લાગ્યો હતો અને કહ્યુ હતું કે,આપણી જમીનમા ગમે એમ કરી નિકાલ કરજો નહીતર તારો બાપ ગંગોત્રીએ છોકરા મુકવા જાય છે ત્યારે ગાડી તારા બાપ ઉપર ચડાવી દઈશ એટલામાં સમજી જાજે. તેમ વાતચીત કરી ગાળો આપતા યુવાને ૧૧૨ જન રક્ષકમા ફોન કરેલ અને ૧૧૨ જન રક્ષક આવી ગઈ હતી.

દરમિયાન યુવાનના મોબાઈલ ઉપર અજાણ્યા નંબર ઉપરથી વોટ્સઅપ કોલ આવેલ અને આ અજાણ્યા નંબર ઉપરથી કૌશિક અનીલભાઈ પરમાર વાત કરતા હોય અને તેણે ગાળો આપી હવે કેમ જીવતો રહેશ તે હુ જોવ છુ અને તારે વાંજીયુ થાવુ લાગે છે તેમ કહી ગાળો આપી હતી.યુવાને ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે, અમારી વારસાઇ જમીન ભોજપરા ગામે આવેલ હોય જેમા આશરે ચાલીસ જેટલા વારસદારો રેકર્ડ ઉપર ચડી ગયેલ હોય અને અમારા ભાગની જમીન અમારે ખાતેદાર રહેવા માટે વેચવવા માગતા ન હોય જેથી આ લોકો કોઈ પણ ભોગે જમીન વેચાવી નાખવા માગતા હોય જેથી અવાર નવાર અમારા વિરૂધ્ધ અરજીઓ કર તા હોય જેથી મે પણ આ લોકો સામે અરજી કરેલ હોય જેથી તેનો ખાર રાખી મને તથા મારા પિતાને ફોન કરી હેરાન પરેશાન કરી ફોનમાં ગાળો આપી વાહન માથે છડાવી મારી નાખવાની ધમકી આપતા યુવાને આ ફરિયાદ નોંધાવી છે.

# જેતપુરમાં બંટી-બબલીએ નકલી દાગીના ધાબડી અસલી ઘરેણાં મેળવી લીધા: રૂ.૨.૯૭ લાખની ઠગાઈ

## સોની વેપારીને જુનો હાર વેચવાનું કહી દાગીના ખરીદી હાર ગીરવે મૂકયો: પરત લેવા ન આવતા વેપારીએ હાર ચકાસતા ૧૦ ટકા સોનું બાકી બીજી ધાતુ હોવાનો સામે આવ્યું

**અબતક, રાજકોટ**

જેતપુરમાં સોની વેપારી સાથે બંટી-બબલીએ રૂ.૨.૯૭ લાખની છેતરપિંડી કર્યા અંગે પોલીસ ફરિયાદ નોંધવવામાં આવી છે. દુકાને આવેલા બંટી-બબલીએ જુનો હાર વેચવાનો હોવાનું કહી દાગીના ખરીદી હાર ગીરવે મૂકયો હતો. પરત લેવા ન આવતા વેપારીએ હાર ફરી ચકાસતા ૧૦ ટકા સોનું બાકી બીજી ધાતુ હોવાનો ખ્યાલ પડયો હતો.

જેતપુરમાં સુદામ નગર ધોરાજી રોડ પર રહેતા ધોરાજી ગેટ શરાફ બજાર પાસે ક્રિષ્ના જવેલર્સ નામની દુકાન ધરાવનાર સોની વેપારી રાજુભાઈ પ્રભુદાસભાઈ ગેરીયા(ઉ.વ. ૬૦) દ્વારા જેતપુર સિટી પોલીસ મથકમાં નોંધવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ધર્મેન્દ્ર ફાગુભાઈ શાહુ અને કિરણદેવીના નામ આપ્યા છે.

વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૩/૦૧/૨૦૨૬ ના રોજ તેઓ દુકાને હતા ત્યારે બપોરના આશરે અઢી વાગ્યાથી ત્રણ વાગ્યાના સમયગાળા દરમિયાન એક મહિલા અને એક પુરૂષ દુકાનમાં આવ્યા હતા અને તે પુરૂષે તેનું નામ ધર્મેન્દ્રભાઈ ફાગુભાઈ શાહુ અને મહિલાએ તેનું નામ કિરણદેવી જણાવેલ. તેમજ ધર્મેન્દ્રભાઈએ જણાવ્યું હતું કે, અમે હાલ નવાગઢ ખાતે રહીએ છીએ, અને મુળ બિહારના છીએ. ધર્મેન્દ્રભાઈએ તેની પાસે રહેલ એક સોનાનો હાર બતાવેલ અને કહેલ કે, તમે આ હાર ચેક કરીને, મને આ હારની કિંમત જણાવો. મારે બિજા ઘરેણા લેવાના છે. જેથી વેપારીએ તે હારને ઘસીને ચેક કરતા, તે સોનાના હોવાનું તેમને લાગ્યું હતું, જેથી તે હારનો વજન કરતા ૨૯ .૧૫૦ ગ્રામ થયેલ અને તેની કિમંત રૂ. ૨,૯૭,૦૦૦ જણાવી હતી. વેપારીએ હારનું બિલ માંગતા ધર્મેન્દ્રએ જુનુ બિલ બતાવેલ, તેમજ તેનું પાનકાર્ડ પણ મને દેખાડેલ. બાદમાં ધર્મેન્દ્રભાઈએ વેપારીને કહ્યું હતું કે, મારે એક સોનાનો ચેઈન લેવાનો છે. જેથી વેપારીએ અલગ અલગ સોનાના ચેઈન દેખાડેલ. જેમાંથી તે બંન્નેએ ચેઈન પંસદ કરેલ, જેનોવજન કરતા, ચેઈનનો વજન ૧૫.૫૬૦ ગ્રામ, કિ.રૂ.૨,૩૦,૦૦૦ જણાવી હતી.બાદમાં ધર્મેન્દ્રભાઈએ વેપારીને કહ્યું હતું કે, મારે વધતા પૈસામાંથી એક સોનાની વીંટી પણ લેવાની છે. જેથી વેપારીએ તેને એક ઓમ લખેલ સોનાની વીંટી બતાવેલ, જેનો વજન ૩.૩૯૦ ગ્રામ, કિ.રૂ.૫૦,૩૭૦ જણાવી હતી. જે તેમને પંસદ આવતા, વેપારીએ ચેઈન અને સોનાની વીંટી વેચી હતી. બાદમાં ધર્મેન્દ્રભાઈએ કહેલ કે, તમે મારો સોનાનો હાર તમારી પાસે રાખો, અને હિસાબ કરી, બાકિના વધતા રૂ.૧૬,૭૦૦/- આપો. જેથી વેપારીએ રૂ. ૧૬,૭૦૦ આપ્યા હતા.બાદમાં તેમણે બીલ પણ બનાવડાવ્યું હતું.

ખરીદી કર્યા બાદ વેપારીને ધર્મેન્દ્રભાઈએ કહ્યું હતું કે, અમે બે ત્રણ દિવસ પછી પાછા આવીને અમારો સોનાનો હાર પાછો લઈ જશુ. અ ને તમને તમારા પૈસા પાછા આપી દેશુ. તેમ કહીને સોનાનો ચેઈન તથા સોનાની વીંટી લઈને જતા રહ્યા હતા.બાદમાં બે ત્રણ દિવસ પછી આ બંને દુકાને પરત આવેલ નહી, વેપારીએ તે લોકોએ આપેલ હાર એક ડબ્બીમાં રાખી મુક્યો હતો.

બાદમાં આ બંને તેનો હાર લેવા માટે પાછા ન આવતા વેપારીને શંકા જતા તેમણે સોનાના હારને એસીડથી ચેક કરતા, તે હાર ૧૦ ટકા સોનુ તથા બીજુ ધાતુનો નીકળેલ હતો. અને હાર બંધાર હોવાની મને ખબર પડેલ હતી. આમ આ બંટી-બબલીએ નકલી સોનુ ધાબડી વેપારી પાસેથી અસલી ઘરેણાની ખરીદી કરી રૂ.૨.૯૭ લાખની છેતરપિંડી કરી હતી. જે અંગે વેપારીએ જેતપુર સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જૂનાગઢ: 'ડિજિટલ એરેસ્ટ'ના ગુનામાં નકલી પોલીસને પાંચ વર્ષની જેલ

## ડ્રગ્સ પાર્સલના નામે યુવાનને ડરાવી મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામે રૂ.૨૬.૧૪ લાખ પડાવ્યા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપી 'ડિજિટલ એરેસ્ટ' કરી રૂ. ૨૬.૧૫ લાખ પડાવનારને ૫ વર્ષની કેદ ફટકારી છે. ડ્રગ્સ પાર્સલના નામે યુવાનને ડરાવી આસામના શખ્સે છેતરપિંડી આચરી હતી, ત્યારે સાયબર પોલીસે ૪ મહિનામાં જ ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. જે કેસ જુનાગઢ કોર્ટમાં ચાલી જતા, ડિજિટલ એરેસ્ટના કિસ્સામાં જૂનાગઢના ઈતિહાસમાં આ પ્રકારનો આ પ્રથમ મહત્વપૂર્ણ ચુકાદો જુનાગઢ અદાલતે આપ્યો છે, જે સાયબર ગુનેગારો માટે લાલબત્તી સમાન છે. આ કેસની વિગતો પ્રમાણે જૂનાગઢની કલેક્ટર સોસાયટીમાં રહેતા ૨૯ વર્ષીય મનન મહેતાને જૂન ૨૦૨૪માં અજાણ્યા શખ્સોએ ફોન કરી કુરિયર અને કસ્ટમ અધિકારી તરીકેની ખોટી ઓળખ આપી હતી. આરોપીઓએ ધમકી આપતા જણાવ્યું હતું કે, તમારા આધાર કાર્ડ પર મુંબઈથી તાઈવાન મોકલાયેલા પાર્સલમાં ડ્રગ્સ મળી આવ્યું છે. આ ખોટા કેસમાં સંડોવી દેવાની ધમકી આપી, બેંક ખાતાની રકમ વેરિફાઈ કરવાના બહાને યુવક પાસેથી કુલ રૂ. ૨૬.૧૫ લાખ રૂપિયા પડાવી લઈ ઓનલાઈન છેતરપિંડી આચરવામાં આવી હોવાની જૂનાગઢ રેન્જ સાયબર પોલીસ સ્ટેશનમાં જાન્યુઆરી ૨૦૨૫માં ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે જૂનાગઢ રેન્જ સાયબર સેલના પી.આઈ. કે.જી. મોડે ટેકનિકલ તપાસ હાથ ધરતા માલૂમ પડ્યું કે, છેતરપિંડીની રકમ આસામના ગંધારીપરાના અજીબાર રહેમાન જાવેદઅલીના ખાતામાં જમા થઈ હતી. તે સાથે જ પોલીસે ત્વરિત કાર્યવાહી કરી ફરિયાદના માત્ર ૪ મહિનામાં આરોપીને આસામથી દબોચી લીધો હતો. અને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી તરીકેની ખોટી ઓળખ આપી નાણાં પડાવ્યા હોવાના પોલીસે તપાસ દરમિયાન મજબૂત પુરાવાઓ એકત્ર કર્યા હતા.જે કેસ જૂનાગઢના બીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ જી.એસ. દરજીની અદાલતમાં ચાલતા, પોલીસ દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજી તથા ટેકનિકલ પુરાવાઓ અને સરકારી વકીલની દલીલોને કોર્ટે ગ્રાહ્ય રાખી, અદાલતે આ ગુનાને ગંભીર ગણીને આરોપી અજીબાર રહેમાનને ૫ વર્ષની સખ્ત કેદની સજા અને ૧ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

# જેતપુરના ભોજાધારના મકાનમાંથી રૂ.૨૪ હજારના ગાંજા સાથે માકી જાડેજા ઝડપાઈ

## રસોડામાં પ્લાસ્ટિકના ડબ્બામાં છુપાવેલો ૪૮૮.૫૨ ગ્રામ ગાંજાનોં જથ્થો કબ્જે કરાયો : સીટી પોલીસનો દરોડો

**અબતક, રાજકોટ**

જેતપુરના ભોજાધાર વિસ્તારમાં આવેલ રહેણાંક મકાનમાંથી ગાંજાનોં જથ્થો ઝડપાયો હતો. પોલીસની ટીમે અહીં દરોડો પાડી રૂ. ૨૪ હજારની કિંમતનોં ૪૮૮ ગ્રામ ગાંજો કબ્જે કરી માકી જાડેજા નામની મહિલાની ધરપકડ કરી હતી.



ગાંજાના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર જેતપુર સીટી પોલીસની ટીમને બાતમી મળી હતી કે, જેતપુરના ભોજાધાર વિસ્તારમાં મહાકાલી ચોક ખાતે રહેતી માકીબેન ઉર્ફે મનિષાબેન ભરતભાઈ જાડેજાએ પોતાના મકાનમાં માદક પદાર્થનો જથ્થો છુપાવ્યો છે. જે હકીકતના આધારે જેતપુર પોલીસની ટીમે માકીબેન જાડેજાના ઘરમાં દરોડો પાડી રસોડામાં પ્લાસ્ટિકના ડબામાં છુપાવેલ રૂ.૨૪,૪૨૬ ની કિંમતનો ૪૮૮.૫૨ ગ્રામ ગાંજાનો જથ્થો કબજે કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી માકીબેન ઉર્ફે મનિષાબેન ભરતભાઈ જાડેજાની ધરપકડ આવી હતી.

# ગાંધીધામ: કચ્છ પોલીસે દશ મહિનામાં ૪૦૦ કરોડની જમીન પરથી દબાણ હટાવાયું

## પેશકદમી સામે આકરી કાર્યવાહીથી દબાણકારોમાં ફફડાટ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છના સરકારી જમીનોમાં દબાણ કરનારા તત્વો પર પોલીસે આકરી કાર્યવાહી કરી દશ મહિનામા જ ૪૦૦ કરોડની જમીન ખુલ્લી કરાવતા દબાણકારોમાં ફફડાટ ફેલાયો છે. પૂર્વ કચ્છ પોલીસ દ્વારા અસામાજિક તત્વો વિરુદ્ધ આકરી કાર્યવાહી કરતા છેલ્લા ૧૦ મહિનામાં અંદાજે ૪૦૦ કરોડની કિંમતની



૫૦૦ એકર સરકારી જમીન દબાણમુક્ત કરવામાં આવી છે. એસ.પી. સાગર બાગમારના નેતૃત્વમાં ખૂન, બૂટલેગિંગ અને એનડીપીએસ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા ૧૨૫ લુખ્ખા તત્વોના ગેરકાયદેસર ફાર્મ હાઉસ, મકાનો અને દુકાનો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. અંજાર, ગાંધીધામ, ભચાઉ અને રાપર સહિતના ૧૪ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં આ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

# ગોંડલ: જૂની અદાવતમાં રીક્ષા ચાલક પર હુમલો

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ બસસ્ટેન્ડ પાસે જૂની અદાવતમાં રીક્ષા ચાલકને ગુણ ઉપાડવાના હુક્ના ઘા ઝીંકી હુમલો કરતા યુવાનને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે હુમલાખોર સામે ગોંડલ સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.ગોંડલના ગંજીવાડા વિસ્તારમાં રહેતાં રમીઝભાઈ સલીમભાઈ બેલીમ (ઉ.વ.૩૮) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે ઈબ્રાહીમ ઉર્ફે રહીશ બોદુ ખીરાણી નું નામ આપી જણાવ્યું હતુ કે, તેઓ પેસેન્જર સીએનજી રીક્ષા ચલાવે છે. તેઓને અગાઉ દોલત મિલ પાસે રહેતા ઈબ્રાહીમભાઈ ઉર્ફે રહીશ ખીરાણી સાથે રિક્ષામાં પેસેન્જર બેસાડવા બાબતે બોલાચાલી-માથાકૂટ થયેલ હતી, અને સમાધાન પણ થયેલું હતું. ગઈકાલે સાંજના પાંચ વાગ્યાના સુમારે તેઓ રીક્ષા લઈ બસ સ્ટેન્ડ ખાતે ઉભો હતો ત્યારે ઈબ્રાહીમ આવેલ અને કહેવા લાગેલ કે, તું અગાઉ શું કહેતો હતો? કેમ બોલા ચાલી કરતો હતો ? જેથી તેને કહેલ કે, ત્યારે આપણે સમાધાન થયેલ હતું, કેમ માથાકુટ કરે છે ? તો ઈબ્રાહીમ ઉશ્કેરાઈ જઈ ગાળો આપી ઝપાઝપી કરવા લાગેલ હતો. દરમિયાન તેણે તેની રિક્ષામાંથી યાર્ડમાં ઘઉં માંડવીની ગુણ ઉપાડવાનો લોખંડનો હુક કાઢેલ અને પડખામાં આ હુકના બે અણી વાળો હુક મારેલ અને એક ઘા માથામાં મારેલ તો કમર અને માથામાંથી લોહી નીકળવા લાગેલ હતું.ઈબ્રાહીમે બાદ માં જાન થી મારી નાખવાની ધમકી આપી રીક્ષા લઈ જતો રહ્યો હતો.

### ઈન્સ્ટાગ્રામ પર જાહેરાત જોઈ ખરીદી કરતા પૂર્વે ચેતજો....

# સોશિયલ મીડિયામાં ઘડિયાળની જાહેરાત મૂકી ઓનલાઈન ફ્રોડ આચરતી ધોરાજીની ગેંગ ઝડપાઈ

## કાંગડા બંધુઓ ઈન્સ્ટાગ્રામ આઈડી પર લકઝરીયસ ઘડિયાળના ફોટો મૂકી ફોલોઅર્સને છેતરતા: અલગ અલગ બેંક એકાઉન્ટ ભાડેથી મેળવી ઓનલાઈન પેમેન્ટ મેળવી લઈ ગ્રાહકને બ્લોક કરી ફ્રોડ આચરતા

**અબતક, રાજકોટ**

ઈન્સ્ટાગ્રામ સહિતના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જાહેરાત જોઈને ખરીદી કરતા લોકો માટે લાલબત્તી સમાન બનાવ સામે આવ્યો છે. સોશિયલ મીડિયામાં ઘડિયાળની જાહેરાત મૂકી, ફોલોઅર્સ પાસેથી ઓર્ડર મેળવી, એડવાન્સ પેમેન્ટ લઈ ઠગાઈ આચરતી ધોરાજીની ગેંગને પોલીસે ઝડપી પાડતા અનેક ઘટકોટ થવા પામ્યા છે.

સમગ્ર બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ ગ્રામ્ય સાયબર ક્રાઈમ સેલ તરફથી મ્યુલ એકાઉન્ટ અંગેની સમન્વય પોર્ટલ પર જનરેટ થયેલી બે અરજીની તપાસ દરમિયાન ધોરાજીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એકાઉન્ટ ફોલ્ડર સિકંદર સલીમ શેખના બેન્ક એકાઉન્ટનો ઉપયોગ ઓનલાઈન સાઈબર ફ્રોડમાં થયો હોય અને ગત તા. ૦૪-૧૨- ૨૦૨૫ ના રોજ તેના એકાઉન્ટમાં ફ્રોડના રૂ.૮,૦૦૦ ક્રેડિટ થયાનું ધ્યાને આવતા પોલીસે સિકંદરને ઉઠાવી પૂછકરતા તેણે જણાવેલ હતું કે, મને મારા મિત્ર ઉસ્માન સલીમ કાંગડાએ બેંક ખાતુ વાપરવા આપવાનું જણાવ્યું હતું. તેણે કહ્યું હતુ કે, હું ફ્રોડના રૂપિયા તારા ખાતામાં ટ્રાન્સફર કરાવીશ જેમાંથી ૨૦% તારે કમિશન પેટે રાખી બાકીના નાણાં મને આપી દેવાના રહેશે. જેથી રૂ.૮,૦૦૦ મારા બેંક એકાઉન્ટમાં આવતા મેં તેમાંથી ૧૬૦૦ રૂપિયા કમિશન પેટે રાખી અન્ય રૂપિયા ૬૪૦૦ ઉસ્માનને આપી દીધેલ હતા.

જ્યારે બીજી એક ફરિયાદની તપાસ કરતા તેમાં સુફિયાન સલીમ શેખ નામના શખ્સના સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના એકાઉન્ટમાં ગત તા.૨૦-૦૧-૨૦૨૬ ના રોજ ૧૦ હજાર અને રૂ. ૧૬ હજાર જમા થયેલ હતા. તેમજ તા. ૨૧-૦૧-૨૬ ના રોજ આ બેંક એકાઉન્ટમાં રૂ. ૨૪ હજાર જમા થયા હોવાનું સામે આવતા પોલીસે સુફિયાનની પૂછપરછ કરતા તેણે જણાવેલ કે મને મારા મોટા ભાઈ સિકંદર સલીમ શેખે કહેલ કે, તું ઉસ્માન કાંગડાને તારું બેન્ક એકાઉન્ટ વાપરવા દે. એકાઉન્ટમાં જે રકમ ટ્રાન્સફર થશે તેમાંથી ૨૦ ટકા કમિશન પેટે મળી જશે, બાકીના નાણા ઉસ્માનને આપી દેવાના રહેશે. જેથી કુલ રૂ. ૫૦ હજારમાંથી ૧૦ હજાર કમિશન પેટે રાખીને રૂ.૪૦ હજાર ઉસ્માનને આપી દીધેલ હતા.

બાદમાં પોલીસે ઉસ્માન સલીમ કાંગડાની પૂછપરછ કરતા તેણે કેફિયત આપી હતી કે, હું છેલ્લા દોઢ વર્ષથી મારા મોબાઈલ ફોનમાં ઈન્સ્ટાગ્રામ સોશિયલ મીડિયા એપ્લિકેશનમાં 'ક્રોનો ૨૪૭' નામથી આઈડી ધરાવું છું. જેમાં હાલ ૧૭,૧૦૦ ફોલોવર છે. હું આ આઈડી પર મોંઘી ઘડિયાળના ફોટો અને વિડીયો અપલોડ કરું છું. જે ઘડિયાળ ઈન્સ્ટાગ્રામ ફોલોવર્સને પસંદ આવે તો તેની સાથે ઘડિયાળની ખરીદીની વાતચીત કરી ડિલિવરી પૂર્વે પેમેન્ટ આપવું પડશે તેવી શરત નક્કી કરી ઓનલાઈન પેમેન્ટ મેળવી લેતો હતો. આ પેમેન્ટના નાણા હું મારા બેંક એકાઉન્ટમાં જમા નહીં કરાવી અન્ય લોકોના બેન્ક એકાઉન્ટ ભાડેથી મેળવી તેમાં નાણા ટ્રાન્સફર કરાવી તેમની બેંક એકાઉન્ટ હોલ્ડર પાસેથી રોકડમાં નાણાં મેળવી લઈ છેતરપિંડી આચરતો હતો. ઉપરાંત ગ્રાહકને વિશ્વાસમાં લેવા માટે સેલોશિપ નામની એપ્લિકેશન મારફતે ડિલિવરીનું ફેક ટ્રેકિંગ મોકલી આપતો હતો. જે સમગ્ર કૌભાંડમાં મારો ભાઈ અહેમદ પણ જોડાયેલ હતો. જેથી પોલીસે બીએનએસની કલમ ૩૧૭(૨), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪ અને આઈટી એક્ટની કલમ ૬૬ ડી હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોરબીમાં આવાસોનું અધુરૂ કામ ફરી ધમધમશે

## શહેરી આવાસ યોજના અંતર્ગત કામધેનું બાયપાસ પાસે દલવાડી સર્કલ ખાતે અધૂરા આવાસોની કામગીરી પૂર્ણ કરી લાભાર્થીઓને સોપાશે

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી શહેરમાં સરકારની મુખ્યમંત્રી શહેરી આવાસ યોજના અંતર્ગત કામધેનુ બાયપાસ પાસે દલવાડી સર્કલ ખાતે નિર્માણ થયેલા આવાસોના અધૂરા કામને ફરી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આ આવાસોનો કોમ્પ્યુટર આધારિત ડ્રો તારીખ ૨૨ માર્ચ ૨૦૨૧ના રોજ યોજાયો હતો અને લાભાર્થીની આખરી યાદી પણ થઈ ચૂકી છે. હાલ ટેન્ડરની તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે અને આગામી સપ્તાહમાં વર્ક ઓર્ડર આપવામાં આવશે. ત્યારબાદ છ માસની અંદર આવાસોનું કામ પૂર્ણ કરી લાભાર્થીઓને આવાસોની સોંપણી કરવામાં આવશે.

મોરબી મહાનગરપાલિકાની આવાસ વિભાગની પ્રેસ યાદી મુજબ, મોરબીમાં સરકારની મુખ્યમંત્રી શહેરી આવાસ યોજના અંતર્ગત આઈએચએસડીપી હેઠળ કામધેનુ બાયપાસ પાસે દલવાડી સર્કલ સર્વે નંબર ૧૪૧૫/૩ ની જગ્યા એ ૬૦૮ આવસો નિર્માણ કરવામાં આવેલ છે. આ આવાસનો કોમ્પ્યુટર આધારિત ડ્રો ૨૨ માર્ચ ૨૦૨૧ના રોજ થયેલ હતો . અને આ લાભાર્થીની યાદી આખરી કરવામાં આવેલ છે. જે અન્વયે ૬૦૮ અધૂરા આવાસોનું કામ હાથમાં ધરવામાં આવેલ છે. જેની ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ થઈ ગયેલ છે.

અને વર્ક ઓર્ડર આગામી સપ્તાહમાં આપી દેવામાં આવશે. અને ત્યારબાદ આગામી ૬ માસમાં આવાસનું કામ પૂર્ણ કરીને આવાસની સોંપણી કરવામાં આવશે. આ સાથે ઘરવિહોણા લાભાર્થીને ફાળવણી કરવામાં આવશે. તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી-વાંકાનેરના આયોજનબધ્ધ વિકાસ માટે તંત્ર એકશન મોડમાં

## શહેરી સત્તા મંડળ દ્વારા ડેવલપમેન્ટ પ્લાન તેમજ વિવિધ કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મોરબી મહાનગરપાલિકા વિસ્તારના આયોજનબદ્ધ વિકાસ માટે તૈયાર કરવામાં આવી રહેલા વિકાસ યોજના (ડેવલપમેન્ટ પ્લાન)ની પ્રગતિ અંગે સમીક્ષા કરવા અર્થે મહત્વની બેઠક મોરબી મહાનગરપાલિકા કમીશ્નર તથા નાયબ કમિશનર અને મુખ્ય કારોબારી અધિકારી, મોરબી વાંકાનેર શહેરી વિકાસ સત્તામંડળના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જેમાં ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવાની કામગીરીના વિવિધ પાસાઓ અને વર્તમાન સ્થિતિ અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ખાસ કરીને એવા વિસ્તારો કે જે હાલમાં ડેવલપમેન્ટ પ્લાન હેઠળ આવરી લેવામાં આવ્યા નથી, તેવા વિસ્તારોમાં બાંધકામની તથા સંબધિત અન્ય મંજૂરીઓ અને માળખાકિય સુવિધાઓનો લાભ જાહેર જનતાને મળી રહે તે અર્થે મુસદ્દારૂપ વિકાસ યોજના તૈયાર કરવાની કામગીરીને ઝડપથી પુર્ણ જરૂરી માર્ગદર્શન તથા જરૂરી સુચના આપવામાં આવેલ હતી.

સત્તામંડળ દ્વારા આ ડેવલપમેન્ટ પ્લાન અમલી બનવાથી અત્યાર સુધીના ૧૯૭૧ ના ડેવેલપમેંટ પ્લાન બહારના વિસ્તારોમાં નિયમાનુસાર જે તે ઝોન મુજબની બાંધકામ પરવાનગી આપવી શક્ય બનશે, જેનાથી નાગરિકોને કાયદેસરના બાંધકામ માટેની સુવિધા પ્રાપ્ત થશે. આ પ્રક્રિયાના પરિણામે મોરબી શહેરનો વિકાસ વધુ સુદ્રઢ, સુઆયોજિત અને શિસ્તબદ્ધ થશે.

જે મુજબ આધુનિક આંતરમાળખાકીય સુવિધાઓ સાથેનું આયોજન હાથ ધરવામાં આવશે, જેનો સીધો લાભ સ્થાનિક જનતાને મળશે.

### બુટલેગરની મેલી મુરાદ પર પાણી ફેરવતી પોલીસ

# વાંકાનેર: કાર સાથે ટોઈંગ કરેલી ઈકોમાંથી ૪૭૨ બોટલ દારૂ ઝડપાયો

## શરાબ, ચાર મોબાઈલ મળી રૂ.૧૧.૦૯ લાખના મુદામાલ સાથે ત્રણની ધરપકડ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર શહેરમાં નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગ દરમિયાન વાંકાનેર સીટી પોલીસે જીનપરા જકાતનાકાથી સીટી સ્ટેશન રોડ તરફ જતા સર્વિસ રોડ ઉપર સ્વીફ્ટ કાર સાથે ટોચન કરાયેલી ઈકો કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ઈકો કારમાંથી અલગ-અલગ બ્રાન્ડની કુલ ૪૭૨ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે સ્વીફ્ટ કાર, ઈકો કાર અને ચાર મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧૧.૦૯ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે દારૂ ભરી આપનાર થાનગઢના અન્ય એક આરોપીનું નામ ખુલવા પામ્યું હતું.વાંકાનેર સીટી પોલીસ મથક ટીમ ગત રાત્રીના નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન વાંકાનેર જીનપરા જકાતનાકાથી સીટી સ્ટેશન રોડ તરફ જતા સર્વિસ રોડ ઉપર હરસિદ્ધિ હોટલ નજીક એક સફેદ રંગની સ્વીફ્ટ કાર રજી.નં. જીજે-૩૬-એપી-૫૭૨૯ એક કાળા કાચવાળી ઈકો કાર રજી.નં. જીજે-૩૬-એએફ-૩૨૩૫ને ટોચન કરી લઈ જઈ રહી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. શંકા જતા બંને વાહનોને રોકવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન ઈકો કારમાંથી પુઠાના બોકસ અને પ્લાસ્ટિકના કોથળામાંથી વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડ અને ક્ષમતાની કુલ ૪૭૨ બોટલ કિ.રૂ.૩,૯૬,૮૫૦/-મળી આવી હતી. આ સાથે પોલીસે આરોપી દિપાલ મુકેશભાઈ સંખેસરીયા ઉવ.૨૨ રહે. વાંકાનેર હરસિધ્ધિ હોટલની બાજુમાં, બાદલ રસિકભાઈ કાંજીયા ઉવ.૨૪ રહે.મોરબી લાભનગર-૨ ધરમપુર રોડ તથા ઈન્દ્રજીત રાજુભાઈ ગોસ્વામી ઉવ.૨૩ રહે.કેરાળા તા.વાંકાનેર વાળાની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે પકડાયેલ આરોપીઓની પૂછપરછ દરમિયાન આ વિદેશી દારૂનો જથ્થો સુરેન્દ્રનગર જીલ્લાના થાનગઢમાં મફતીયાપરા વિસ્તારમાં રહેતા હરદીપભાઈ કાઠી પાસેથી લાવ્યા હોવાનું જણાવ્યું હતું. જેથી તે આરોપીને ફરાર દર્શાવી વાંકાનેર સીટી પોલીસે વિદેશી દારૂ, સ્વીફ્ટ તથા ઈકો કાર ૪ નંગ મોબાઈલ સહિત કુલ રૂ.૧૧,૦૯,૩૫૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ ચારેય આરોપીઓ સામે પ્રોહી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# હળવદ: ગૌવંશના કતલના ગુનામાં ત્રણ મહિલા સહિત આઠની ધરપકડ

**અબતક, ઋષી મહેતા, મોરબી**



હળવદ જી.આઈ.ડી.સી વિસ્તારમાં રોશની કેમ ફૂડ કારખાનામાંથી ગૌવંશના કતલના ગુનામાં સંડોવાયેલ ૩ મહિલા સહિત કુલ-૮ આરોપીઓની હળવદ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

હળવદ પોલીસ માથકમાં ગૌરક્ષક દ્વારા તા.૨૨/૦૧/૨૦૨૬ ના રોજ ગૌવંશ કતલ અંગેની ફરીયાદ નોંધાવેલ હોય જે અન્વયે પીઆઈ આર.ટી.વ્યાસ દ્વારા અલગ અલગ ટીમો બનાવી આ ગુનામાં સંડોવાયેલ તમામ આરોપીઓને પકડવા સુચના અને માર્ગદર્શન કરેલ હોય જેમાં હળવદ પોલીસ દ્વારા ટીમ વર્કથી ગૌવંશ ની હત્યા તેમજ ગૌમાંસ રાંધવા મામલે આરોપી અલીમશા ફકીરશા સૈયદ ઉવ.૩૫, આમીનખાન નસીરખાન સૈયદ ઉવ.૨૮, મુન્તાજઅલી ઉર્ફે યુનુશ સુલતાનઅલી સૈયદ ઉવ.૪૫, અનીશા નઈદઅલી રસીદઅલી સૈયદ ઉવ.૪૨, સલમા રાજઅલી શમસેરઅલી સૈયદ ઉવ.૪૦, રૂકશાર આમીન નસીરખાન સૈયદ ઉવ.૨૦ ઉપરોક્ત છ આરોપી રહે.બધા હળવદ GIDC રોશની કેમ નામના મીઠાના કારખાનામાં લેબર કવાટર્સમાં મુળ રહે. મેનપુરી રાજ્ય.ઉત્તરપ્રદેશ તથા આરોપી ઈકબાલ જમાલભાઈ તકવાડીયા ખાટકી ઉવ.૪૬ રહે. ધાંગધ્રા ખાટકીવાસ જી.સુરેન્દ્રનગર તેમજ આરોપી યાસીનભાઈ રહીમભાઈ ઘોણીયા ઉવ.૩૭ રહે. અન્નક્ષેત્રની બાજુમા હળવદ વાળા એમ કુલ ૮ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# મોરબી: વર્લી ફીચરનાં આંકડા પર જુગાર રમતા છ ઝડપાયા

## રૂ.૩૨ હજારની રોકડ એલ.સી.બી.એ કરી જપ્ત

**અબતક, ઋષી મહેતા, મોરબી**




મોરબી ક્રાઈમ બ્રાંચ અને પેરોલ ફર્લો સ્કવોડ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે ઈન્દિરાનગર ખારોપાટ વિસ્તારમાં રેઈડ કરતા જ્યાં વર્લીફીચરનો જુગાર રમી-રમાડતા છ ઈસમોને રોકડા રૂપિયા ૩૨,૦૦૦/- તથા વર્લીસાહિત્યના મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવ્યા હતા, ત્યારે પકડાયેલ તમામ આરોપીઓ વિરૂદ્ધ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાવી પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોડને સયુંકતમાં ખાનગીરાહે બાતમી મળી કે, મોરબીના ઈન્દિરાનગર ખારોપાટ વિસ્તાર ડેકો કારખાનાની પાછળ જાહેર ખુલ્લી જગ્યામાં અમુક ઈસમો વર્લીફીચરના નશીબ આધારિત આંકડા લખી જુગાર રમી રમાડતા હોય જેથી હકીકતવાળી જગ્યાએ રેઈડ કરતા જ્યાં આરોપી જગદીશ હરીલાલ જોશી ઉવ.૫૫ રહે. મોરબી, પ્રકાશભાઈ મનુભાઈ વરાણીયા ઉવ.૨૯ મોરબી-૨, સુનીલ ધીરૂભાઈ સુરેલા ઉવ.૩૫ રહે.ઈંદીરાનગર મોરબી, મનિષભાઈ રાજુભાઈ સુરેલા ઉવ.૨૨ રહે ઈંદીરાનગર મોરબી, સંજયભાઈ અવચરભાઈ જંજવાડીયા ઉવ.૨૦ રહે.વીસીપરા મોરબી તથા મનોજગર બટુકગર ગોસાઈ ઉવ.૩૮ રહે. વાવડીરોડ મોરબી વાળાને જુગાર સાહિત્ય વર્લીફીચરના આંકડા લખેલ નોટબૂક તથા બોલપેન તેમજ રોકડ રૂ.૩૨,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી મોરબી સીટી બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા તળે ગુનો નોંધાવી આગળની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# મોરબી: વોન્ટેડ બુટલેગર ૧ વર્ષે પોલીસને હાથ લાગ્યો

**અબતક, ઋષી મહેતા, મોરબી**



મોરબી તાલુકા પોલીસ માથકની સર્વેલન્સ ટીમ મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા અન-ડીટેકટ મિલ્કત સબંધી ગુનાઓને શોધી કાઢવા તેમજ નાસતા-ફરતા આરોપીઓને પકડી અસરકારક કામગીરી કરવા કાર્યરત હોય તે દરમિયાન મોરબી તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશન કેસનો આરોપી વિપુલભાઈ સોમાભાઈ લોદરીયા રહે.ગોપાલગઢ તા-ધ્રાંગધ્રા વાળો છેલ્લા એક વર્ષથી નાસતા-ફરતા હોય જેને શોધી કાઢવા તાલુકા પોલીસ મથક પીઆઈના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમને ખાનગીરાહે મળેલ બાતમીને ઉપરોક્ત નાસતા-ફરતા આરોપી વિપુલભાઈ સોમાભાઈ લોદરીયા ઉવ.૨૬ રહે.ગોપાલગઢ તા-ધ્રાંગધ્રા જી.સુરેન્દ્રનગર વાળાને મોરબીના ટીંબડી બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે પકડાયેલ આરોપી વિરુદ્ધ વાંકાનેર, મોરબી શહેર તેમજ ધ્રાંગધ્રા એમ કુલ પાંચ પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહી.એક્ટના ગુનામાં વોન્ટેડ હોય જેથી તેને હસ્તગત કરી, તાલુકા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# જુનાગઢ: તમંચા અને ૩ જીવતા કાર્ટીસ સાથે એક દબોચ્યો

**અબતક, દર્શન જોશી,જુનાગઢ**



જુનાગઢ પોલીસ અધિક્ષક સુબોધ ઓડેદરાની સૂચના મુજબ જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને હથિયારો શોધી કાઢવા માટે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર આર.કે. પરમારના માર્ગદર્શન હેઠળ ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

જે દરમિયાન હેડ કોન્સ્ટેબલ મેણસીભાઈ અખેડ અને રોહિતભાઈ ધાધલને બાતમી મળી હતી કે, રસીયાદખાન નાસીરખાન યુસુફજઈ નામનો ઈસમ ગેરકાયદેસર હથિયાર સાથે મેડીકલ કોલેજ પાછળ આંબાવાડી વિસ્તારમાં ફરી રહ્યો છે. મળેલી બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડી આરોપીને સ્થળ પરથી દબોચી લીધો હતો.

પોલીસે આરોપી રસીયાદખાનની તલાશી લેતા તેની પાસે રહેલી થેલીમાંથી રૂ. ૧૦,૦૦૦ની કિંમતનો એક દેશી બનાવટનો તમંચો અને રૂ. ૩૦૦ની કિંમતના ૩ જીવતા કાર્ટીસ મળી કુલ રૂ. ૧૦,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કામગીરીમાં એસ.ઓ.જી.ના પી.એસ.આઈ. ડી.કે. સરવૈયા સહિત કરશનભાઈ મોઢા, વિક્રમભાઈ ચાવડા અને અન્ય પોલીસ સ્ટાફ જોડાયેલ હતો. પકડાયેલા આરોપી વિરુદ્ધ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ટંકારા ખાતે જિલ્લાકક્ષાનો પ્રજાસતાક પર્વનું ઉજવાશે

**અબતક, ઋષી મહેતા, મોરબી**

ભારતના ૭૭મા પ્રજાસત્તાક પર્વની જીલ્લા કક્ષાની ઉજવણી મોરબી જીલ્લામાં આ વર્ષે ટંકારા ખાતે ભવ્ય રીતે આયોજન કરવામાં આવી છે. ટંકારા હેલીપેડ ગ્રાઉન્ડ, સર્કિટ હાઉસ પાછળ, લતીપર રોડ ખાતે યોજાશે. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મોરબી જીલ્લા કલેકટર કિરણ બી. ઝવેરી ઉપસ્થિત રહી ધ્વજવંદન કરશે. કાર્યક્રમની શરૂઆત સવારે ૮-૪૫ કલાકે થશે. સવારે ૮-૫૮ કલાકે કલેકટરનું ધ્વજવંદન સ્થળે આગમન થશે, ત્યારબાદ સવારે ૯-૦૦ થી ૯-૦૨ દરમિયાન તેમના વરદ્ હસ્તે ધ્વજવંદન કરવામાં આવશે જે બાદ ૯-૦૩ થી ૯-૧૨ દરમિયાન કલેકટર દ્વારા પરેડનું નિરીક્ષણ કરવામાં આવશે. ત્યારબાદ, તેમનું પ્રાસંગિક ઉદ્‌બોધન યોજાશે. કાર્યક્રમના આગામી તબક્કામાં સાંસ્કૃતિક કાર્યક્રમો, વ્યક્તિ વિશેષશ્રીઓનું સન્માન, રાષ્ટ્રગાન અને અંતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાશે.આ સાથે જીલ્લા પ્રશાસન દ્વારા જીલ્લાના તમામ નાગરિકો, અધિકારીઓ, કર્મચારીઓ તથા જનતાને આ ગૌરવપૂર્ણ કાર્યક્રમમાં હાજર રહી પ્રજાસત્તાક પર્વની ઉજવણીને યાદગાર બનાવવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

# પાટડીના ખારાઘોડા ગામે જુગાર રમતા ત્રણ ઝડપાયા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



પાટડી પોલીસ મથકના સ્ટાફને પેટ્રોલિંગ દરમિયાન ખારાઘોડા ગામે મેલડી માતાજીના મંદિર પાસે કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમી મળતા સ્થાનિક પોલીસ ટીમે રેઈડ કરી હતી. જે રેઈડ દરમિયાન ઈનાયતભાઈ હસનભાઈ સૈયદ, અશોકભાઈ છનાભાઈ ડોડીવાડીયા, નારાયણભાઈ ખોડીદાસ પટેલ તમામ રહે.ખારાઘોડા વાળાને જાહેરમાં જુગાર રમતા રોકડ રૂ.૨૫,૩૫૦ તથા ૦૨ મોબાઈલ કિંમત રૂ.૧૦,૦૦૦ સહિત કુલ રૂ.૩૫,૩૫૦ રૂપિયા સાથે ઝડપી લઈ દરોડા દરમિયાન નાશી ગયેલ મુનાભાઈ ભીખાભાઈ ઠાકોર રહે.ખારાઘોડા સહિત કુલ ૦૪ શખ્સો વિરુધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### મહા મહિનાની ગુપ્ત નવરાત્રિ નિમિતે

# જૂનાગઢના ઐતિહાસિક ઢેબર ફળિયામાં કડકડતી ઠંડીમાં ગવાય છે માંના 'બેઠા ગરબા'

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં ધાર્મિક પર્વોની ઉજવણી હંમેશા અનોખી હોય છે, જેનું ઉત્તમ ઉદાહરણ હાલમાં ચાલી રહેલી પવિત્ર મહા મહિનાની ગુપ્ત નવરાત્રિમાં જોવા મળી રહ્યું છે. શહેરના ઐતિહાસિક જૂના નાગરવાડા વિસ્તારમાં આવેલા ઢેબર ફળિયામાં, સ્વ. પથુભાઈના ઘર મંદિરમાં બિરાજમાન શ્રી દુર્ગા દેવીના સ્થાનકે ભક્તિનો માહોલ સોળે કળાએ ખીલી ઉઠ્યો છે.

અહીં વર્ષો જૂની પરંપરા મુજબ કડકડતી ઠંડીમાં પણ પ્રાચીન બેઠા ગરબા ગવાય છે. મહા સુદ એકમથી શરૂ થયેલો આ ભક્તિ યજ્ઞ મહા સુદ અષ્ટમી સુધી સતત ચાલશે, જ્યાં આસ્થા અને પરંપરાનો અનોખો ત્રિવેણી સંગમ સર્જાય છે.

# જૂનાગઢમાં મોબાઈલના વેપારીઓ પર તપાસના નામે 'થર્ડ ડિગ્રી'નો એલસીબી સામે આક્ષેપ

## વેપારીઓ સામે કાયદેસર કાર્યવાહી કરી તો પોલીસ સામે મારમાર્યાનો આક્ષેપ થયો: પી.આઈ.

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં અડધી રાત્રે બંગલામાં ઘૂસી ક્રાઈમ બ્રાન્ચે ૬ વેપારીઓને ઉઠાવી લઈ, એલસીબી કચેરીએ લઈ જઈ માર મારી ઈલેક્ટ્રિક શોક આપ્યાના આક્ષેપો જૂનાગઢના મોબાઈલના વેપારીઓ માંથી ઉઠવા પામ્યા છે.

જુનાગઢમાં વર્ષોથી મોબાઈલની દુકાન ધરાવતા ૬ જેટલા વેપારીઓને રાત્રિના સાડા બાર વાગ્યાના અરસામાં એલસીબીની ટીમે એક વેપારીને જયશ્રી રોડ ઉપરથી જ્યારે અન્યને ઘરે જઈને ઘરમાં તપાસ કરી, બાદમાં એલસીબી ઓફિસે લઈ જઈ માર મારવામાં આવ્યો હોવાનો અને એક વેપારીએ પોતાને નગ્ન કરી, ગુપ્તાંગના ભાગે શોક આપ્યા હોવાનો ગંભીર આક્ષેપ પણ કર્યો છે. અને આ વેપારીઓ જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયા હોવાની વાત સામે આવી છે. તથા વેપારીઓના જણાવ્યા મુજબ, તેઓ દ્વારા ક્રાઈમ બ્રાન્ચના કર્મચારીઓ સામે ફરિયાદ કરવા તજવિજ કરી રહ્યા છે.

દરમિયાન આ બાબતે જૂનાગઢ મહાનગર ભાજપ પ્રમુખ ગૌરવ રૂપારેલીયા એ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, પોલીસની સામે હું સરકારમાં રજૂઆત કરીશ. રૂપારેલીયા એ વધુમાં જણાવ્યું હતું કે, મારી પાસે છ વેપારીઓને એલસીબીએ માર માર્યા હોવાની રજૂઆત આવી છે, અને વેપારીઓના જણાવ્યા અનુસાર ક્રાઈમ બ્રાન્ચની ટીમે વેપારીઓના ઘરે તપાસ કરી બાદમાં ક્રાઈમ બ્રાન્ચે લઈ જઈ, માર મારી, શોક આપ્યા હોવાની ગંભીર બાબત તમે આવી છે. જે બાબતે હું રાજ્ય સરકારના ગૃહ વિભાગમાં પણ રજૂઆત કરીશ.

આ સમગ્ર મામલે એલસીબી.પીઆઈ. કૃણાલ પટેલ જણાવી રહ્યા છે કે, વેપારીઓ દ્વારા સાવ ખોટા આક્ષેપો થયા છે. અમે વેપારી સામે કાર્યવાહી કરી જેથી પોલીસે માર મારી ઈલેક્ટ્રીક શોક આપ્યા હોવાના વેપારીઓ ખોટા આક્ષેપો કરી રહ્યા છે. વાસ્તવમાં આક્ષેપો બાબતે કઈ જ બન્યું નથી.

### લોહીયાળ સાજીશનો પોલીસ તપાસમાં ચોંકાવનારો ખૂલાસો

# ધ્રાંગધ્રાના જીવા ગામના યુવાનનું અકસ્માતમાં મોત નહી, કાર નીચે કચડી યુવરાજસિંહની હત્યા કર્યાનો પર્દાફાશ

## પોલીસ ભરતીની રનીંગ માટે નિકળ્યા ત્યારે પિતરાઈએ મિત્ર સાથે મળી યુવકને મોતને ઘાટ ઉતાર્યાની કબૂલાત

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા તાલુકાના જીવા ગામે બનેલો એક રહસ્યમય માર્ગ અકસ્માત આખરે પૂર્વઆયોજિત અને ઠંડા કલેજે કરાયેલી હત્યામાં ફેરવાયો છે. શરૂઆતમાં અકસ્માત તરીકે નોંધાયેલ ૨૭ વર્ષીય યુવરાજસિંહ ઝાલાના મોત પાછળ લોહિયાળી સાજિશ હોવાનું પોલીસ તપાસમાં ખુલ્લું પડ્યું છે. પોલીસ ભરતીની તૈયારીમાં વ્યસ્ત યુવરાજસિંહ ઝાલા રોજની જેમ જીવા ગામથી ચૂલી ગામ તરફના રોડ પર સવારના સમયે રનિંગ માટે નીકળ્યા હતા. તે દરમિયાન અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી કાર નીચે કચડી નાખતા ઘટનાસ્થળે જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ મામલે મૃતકના પિતા સુખદેવસિંહ ઝાલાએ અજાણ્યા વાહનચાલક સામે ફરિયાદ નોંધાવી હતી, જોકે ઘટનાની રીત-રીત જોતા તેમને શરૂઆતથી જ શંકા ઉપજી હતી પોલીસે આ શંકાને આધારે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ પુરાવા અને મોબાઈલ લોકેશનની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો કે આ હત્યાનો મુખ્ય આરોપી કોઈ બહારનો નહીં પરંતુ મૃતકનો જ કૌટુંબિક ભાઈ દિવ્યરાજસિંહ હતો પોલીસ પૂછપરછમાં બહાર આવ્યું કે દિવ્યરાજસિંહની માતાના અવસાન બાદ સુખદેવસિંહ ઝાલાએ તેને પોતાના પુત્ર સમાન રાખી ઉછેર્યો હતો તેમજ તેના લગ્નની જવાબદારી પણ નિભાવી હતી. પરંતુ દિવ્યરાજસિંહની ખરાબ ચાલચલગતને કારણે તેને ટુવા ગામ મોકલવામાં આવ્યો હતો, જેને લઈ તેના મનમાં અદેખાઈ અને અદાવત પાંગી હતી.

આ અદાવતનો બદલો લેવા દિવ્યરાજસિંહે પોતાના મિત્ર મયુર ઘનશ્યામભાઈ દૂધરેજીયા (રહે. જેતપર, મોરબી) સાથે મળી યુવરાજસિંહ પર કાર ચડાવી નિર્મમ હત્યા કરી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે મુખ્ય આરોપી દિવ્યરાજસિંહ ગંભીરસિંહ જાડેજા તથા તેના સાગરીત મયુર દૂધરેજીયાની ધરપકડ કરી છે બન્ને આરોપીઓને ધ્રાંગધ્રા કોર્ટમાં રજૂ કરી તેમની સામે હત્યાની ગંભીર કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે પોલીસ દ્વારા ૫ દિવસના રિમાન્ડની માંગણી સાથે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ઉપલેટામાં પીઠડ માતાજીના મંદિરમાંથી રૂ.૧૧.૮૦ લાખના આભૂષણની ચોરી : પૂજારી જ તસ્કર નીકળ્યો

## લોનના હપ્તા ચડત થઈ ગયા હોય ચોરીને અંજામ આપ્યાની કેફિયત : રૂ.૧૫.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટાના સુવા પ્લોટમાં આવેલ પીઠડ માતાજીના મંદિરમાંથી સોનાનું છતર, ડોકિયું, નથણી સહિતના આભૂષણ મળી કુલ રૂ. ૧૧.૮૦ લાખની ચોરીને અંજામ આપવામાં આવ્યો હતો. જે બનાવમાં સ્થાનિક પોલીસની ટીમે ગણતરીની કલાકોમાં જ ચોરીને અંજામ આપનાર પૂજારીની ધરપકડ કરી રૂ. ૧૫.૮૦ લાખનોં મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો ઉપલેટાના કોલકી ખાતે લાતી પ્લોટ ખાતે રહેતા ૪૦ વર્ષીય ખેડૂત દેવેનભાઈ સોમાતભાઈ સુવાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ઉપલેટા સુવા પ્લોટમા અમારા સુવા કુટુંબના કુળદેવી શ્રી પીઠડ માતાજીનું મંદીર આવેલ છે. અને આ મંદીરનો વહીવટ હું સંભાળુ છું. શ્રી પીઠડ માતાજીના મંદીરમા સેવા પુજાનું કામ કાજ આશરે બે-અઢી વર્ષથી ચન્દ્રેશ અદા કરે છે. ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૨૨/૧/૨૦૨૬ ના સવારના આશરે છ વાગ્યે હું મારા ઘરેથી નીકળી અમારા સુવા કુટુંબના કુળદેવી શ્રી પીઠડ માતાજીના મંદીરે આરતી કરવા ગયેલ ત્યારે મંદીરના મેઈન ડેલા ઉપર મારવામાં આવતું તાળું જોવામાં આવેલ નહી. જેથી હું ડેલો ખોલી મંદીરની અંદર જતાં





મંદીરની ફરતે લગાવેલ ગ્રીલ તથા ગર્ભગૃહના દરવાજાના તાળા પણ જોવામા આવેલ નહી. જેથી મેં મંદીરના ગર્ભગૃહનો દરવાજો ખોલી અંદર જઈ પીઠડ માતાજીની મુર્તિનો પડદો હટાવી જોતા માતાજીની મુર્તિના શીર્ષ ઉપર ચડાવેલ આશરે પાંચ તોલા સોનાનું છત્તર તથા માતાજીના ડોકમા પહેરાવેલ આશરે બે તોલા સોનાનું ડોકીયુ, કાનમા પહેરાવેલ બે તોલા સોનાની પાંદડીઓ, નાકમા પહેરાવેલ સોનાની નથડી જોવામા આવેલ નહી. જેથી બનાવ અંગે ફરિયાદીએ ઉપલેટા પોલીસ મથકમાં કુલ રૂ.૧૧.૮૦ ના દાગીનાની ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી.

ગુનાની ગંભીતાને ધ્યાનમાં રાખી રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર, મદદનીશ પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજ દ્વારા તાત્કાલિક ગુનાનો ભેદ ઉકેલ આરોપીને પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ઉપલેટા પોલીસ મથકના પી આઈ બી આર પટેલના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમો ચોરીનો બનાવ ડિટેક્ટ કરવા પ્રયત્નશીલ હતી. દરમિયાન મંદિરમાં લગાવવામાં આવેલ અલગ અલગ તાળા ચાવી વડે ખોલીને ચોરીને અંજામ આપવામાં આવ્યો હોય કોઈ નજીકની વ્યક્તિ જ સમગ્ર ચોરીના બનાવવામાં સંડોવાયેલો હોવાની પોલીસને શંકા ઉભી થઈ હતી. જેથી પોલીસે ટેકનીકલ સોર્સ અને હ્યુમન રિસોર્સથી તપાસ કરતા હેડ કોન્સ્ટેબલ કૌશિકભાઈ જોશીને બાતમી મળી હતી કે, મંદિરમાં પૂજા-અર્ચના કરતા ચંદ્રેશ અદા ઉર્ફે ચંદ્રેશભાઈ ગુણવંતરાય બાંભણિયા (રહે. ખાખીજાળીયા રોડ, રઘુવંશી સોસાયટી,ઉપલેટા) એ જ ચોરીને અંજામ આપ્યાની માહિતી મળતા તેને ઉપલેટા બાયપાસ નેશનલ હાઈવે રોડ નજીકથી રૂ.૧૫.૮૦ લાખના મુદ્દામાલ સાથે પકડી લેવામાં આવ્યો હતો.મંદિરમાં પૂજા કરતા પુજારીએ જ ચોરીને અંજામ આપ્યો હોય પોલીસની પ્રાથમિક પૂછપરછમાં તેણે કેફિયત આપી હતી કે, પોતે લીધેલી લોનના હપ્તા ચડત થઈ ગયા હોય તે લોન ભરપાઈ કરવા માટે તેણે ચોરીને અંજામ આપ્યો હતો. જેથી પોલીસે ચંદ્રેશ બાંભણિયાની ધરપકડ કરી ગ્રાન્ડ આઈ-૧૦ કાર જેના નંબર જીજે-૦૩-એમએલ-૪૨૮૮, સોનાનું છતર, સોનાનો ડોકિયું, સોનાની પાંદડીઓ અને નથણી મળી કુલ રૂ.૧૫.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.આ કામગીરી ઉપલેટા પોલીસ મથકના પીઆઈ બી આર પટેલ, પીએસઆઈ એસ પી ભટ્ટ, એએસઆઈ ધર્મચંદ કટોચ, નિલેશભાઈ ચાવડા, હેડ કોન્સ્ટેબલ કૌશિકભાઈ જોશી, હરેશભાઈ જાંબુકિયા, કોન્સ્ટેબલ રઘુભાઈ ઘેડ, પ્રફુલકુમાર ભરડા અને રાહુલકુમાર વાંઝા દ્વારા કરવામાં આવી હતી.

# શાપરમાં માચીસ મામલે માથાકૂટ : મામા-ભાણેજ સહિત ત્રણને માર મારી વાહનોમાં તોડફોડ

## યુવાને આરોપી પાસે બાકસ માંગતા તેણે તેના પરિવારને કહી દેતા બબાલ : સમજાવવા જતા ધોકા વડે લલિત તૂટી પડ્યો

**અબતક, રાજકોટ**

શાપર વેરાળમાં માચીસ માંગવા બાબતે બબાલ થઈ હતી જેમાં મામા-ભાણેજ સહિત ત્રણ પર ધોકા વડે હુમલો કરી એકટિવામાં તોડફોડ કરાઈ હતી. યુવાને આરોપી પાસેથી બાકસ માંગતા તેણે આ વાત યુવાનના પરિવારને કરી દેતા યુવાને આ અંગે આરોપીને સમજાવવા જતા તેણે હુમલો કર્યો હતો.

શાપર વેરાવળમાં શિવનગર શેરી નંબર ૨ માં રહેતા કૌશિક મુકેશભાઈ પરમાર(ઉ.વ.૨૪) દ્વારા શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે લલિત (રહે વેરાવળ, શાંતિધામ-૨) નું નામ આપ્યું છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ફર્નિચરનો વેપાર કરે છે.

૨૦ થી ૨૨ દિવસ પહેલા સાંજના સમયે સાતેક વાગ્યે આસપાસ યુવાન તેના માનેલા બહેન જ્યોત્સનાબેનના દીકરા યશભાઈ સાથે યશના ઘરેથી શાંતિધામમાં કે કે મેડિકલની બાજુમાં આવેલા કારખાનામાં કામ કરતા મિત્ર સંદીપભાઈને મળવા ગયા હતા. ત્રણેય બાપા સીતારામ ચોકની બાજુમાં કે.કે. મેડિકલની સામે બહાર રોડ ઉપર ઉભા હતા ત્યારે તે અહીં શાંતિધામ-૨ માં રહેતો લલિત તેમની પાસે આવ્યો હતો. દરમિયાન યુવાનના ભાણેજ વ્યવસ્થાએ લલિતને કહ્યું હતું કે, બે દિવસ અગાઉ મેં તમારી પાસે દિવસનુ બોક્સ માંગ્યું હતું તો તમે મારા પિતાજીને કેમ કહ્યું છે તમારા ખોટા બોલના કારણે અમારે ઝઘડો થાય છે. તેમ કહેતા લલીતે કહ્યું હતું કે, તારાથી થાય તે કરી લે તેમ કહી ગાળો આપવા લાગતા લલિતને ગાળો બોલવાની ના કહી હતી.

દરમિયાન લલિતે ઉશ્કેરાય આજે તો તને જીવતો નથી રહેવા દેવો તેમ કહી ફડાકો માર્યો હતો અને ધોકો લઈ આવી ધોકા વડે મારવા જતા ફરિયાદી કૌશિકભાઈ અને સંદીપભાઈ બંને યશને બચાવવા વચ્ચે પડતા લલિતે કૌશિકભાઈને માથામાં તથા સંદીપભાઈને હાથ પર લાકડીનો એક ઘા મારી દીધો હતો. ડર લાગતા ત્રણેય એકટીવા અહીં સ્થળ પર જ મૂકીને ભાગી ગયા હતા અને યસ ના માતા પિતાને ફોન કરીને બોલાવતા થોડીવારમાં યશના માતા પિતા આવી જતા એકટીવા લેવા ગયા હતા.

આરોપીએ એકટીવા નંબર જીજે ૩ પીએફ ૯૦૬૪ માં ધોકાના ઘા ફટકારી રૂપિયા ૩૦,૦૦૦ નું નુકસાન કર્યું હતું. આરોપી સાથે સમાધાનની વાત ચાલતી હતી પરંતુ સમાધાન ન થતા અંગે આ અંગે યુવાને આ ફરિયાદ નોંધાવતા શાપર પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

### સ્થાનિક પોલીસને અંધારામાં રાખી

# ઉનાના સનખડા ગામે એસ.એમ.સી. ત્રાટકી: દેશી દારૂની ભઠ્ઠી પકડાઈ

## ૫૨૦ લીટર દેશી દારૂ, ૪૯૧૦ લીટર આથો અને ૫૨૫ કિલો ગોળ મળી રૂ. ૨.૭૦ લાખનો મુદામાલ કબ્જે

**અબતક,ઉના**

ઊના પોલીસ ને અંધારા માં રાખી સ્ટેટ મોનીટરીંગ સેલ ની પોલીસે સનખડા ગામ ની સીમ માં ખેતર માં ચાલતી દેશી દારૂ બનાવવા ની મીની ફેક્ટરી ઝડપી પાડી બે આરોપી સાથે કુલ રૂપિયા ૨,૭૦,૦૦૦/નો મુદામાલ કબજે કરી કુલ ચાર આરોપી સામે ગુનો દાખલ કર્યો છે.

ઊના તાલુકા પોલીસ ને અંધારા માં રાખી સનખડા ગામ ની સીમ માં રાજુ ઉર્ફે રાકેશ લક્ષ્મણભાઈ મકવાણા ના ખેતર માં દેશી દારૂ બનાવવાની મીની ફેક્ટરી ઉપર એસ.એમ.સી. ત્રાટકી સ્થળ ઉપર રાજુ ઉર્ફે રાકેશ લક્ષ્મણભાઈ મકવાણા, તેનો



નોકર પીઠું રસા ધરવી રે. બન્ને સનખડા ને ઝડપી પાડી સ્થળ ઉપર દેશી દારૂ ના ભરેલ કેન ૫૨૦લિટર દેશી દારૂ રૂપિયા ૧,૦૪,૦૦૦/, દેશી દારૂ નો વોશ લિટર ૪૯૨૦/કિંમત ૧,૨૩૦૦૦/, ૫૨૫કિલો ગોળ ના ડબ્બા રૂપિયા ૫૨૫૦/ દારૂ બનાવવા ના સાધનો સૂકા લાકડા ૩૦૦કિલો, રૂપિયા ૪૫૦૦/ મોબાઈલ ફોન ૩, બે મોટર સાયકલ મળી કુલ રૂપિયા ૨,૭૦,૩૦૦/નો મુદામાલ કબજે કરી પોલીસ સ્ટેશન લાવી ગુનો દાખલ કર્યો હતો અને તપાસ માં વધુ બે આરોપી નરેશ કિશુભાઈ મકવાણા રે. સનખડા અને ગ્રાહક યોગેશ ભાઈ રે. જાફરાબાદ નું નામ ખુલતા તેમની સામે પણ ગુનો દાખલ કરી પકડવા તજવીજ શરૂ કરી છે. કે. એસ.એમ.સી. એ રેડ પાડતા ઊના પોલીસ સ્ટેશન ના ક્યાં અધિકારી અને ક્યાં બીટ જમાદાર ઉપર કાર્યવાહી થશે કે કેમ કે પછી ભીનું સંકેલાઈ જશે એ તો આવનાર સમય બતાવશે .

# પાટડી નજીક સીએનજી પંપના કર્મચારીને મારમારી રોકડની લૂંટ

## કારમાં આવેલા બે અજાણ્યા શખ્સોની સીસીટીવીના આધારે શોધખોળ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

પાટડી બજાણા રોડ પર આવેલા સી.એન.જી પંપમાં લૂંટનો બનાવ સામે આવ્યો છે જેમાં કારમાં આવેલા બે શખ્સો પંપના કર્મચારીને મારમારી તેની પાસેથી રોકડ રકમ લઈ નાશી છુટયાની ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ પાટડી-બજાણા રોડ પર આવેલ સી.એન.જી પંપમાં કર્મચારી તરીકે કામ કરતા સુનિલભાઈ અરજણભાઈ રબારી ગત તા.૨૧ જાન્યુઆરીના રોજ સી.એન.જી પંપ પર હાજર હતા તે દરમિયાન કાર લઈને આવેલા બે શખ્સોએ કર્મચારી સાથે માથાકુટ કરી હતી અને કર્મચારી પાસે જેટલા રૂપિયા હોય તે આપી દેવાનું જણાવ્યું હતું તેમજ કર્મચારીને લાકડી વડે મારમાર્યો હતો. જે દરમિયાન સી.એન.જી પંપના અન્ય સહ કર્મચારી આવતા બંને શખ્સો કર્મચારી સુનિલભાઈ રબારી પાસે રહેલા રોકડ રૂ.૪૪૦૦ લઈ કારમાં નાશી છુટયા હતા. જ્યારે આ અંગે કર્મચારીએ પોતાના મેનેજરને જાણ કરી હતી અને બે અજાણ્યા શખ્સો વિરુધ ગુનો નોંધાવતા સ્થાનિક પોલીસે સી.એન.જી પંપમા રહેલા સીસીટીવીના આધારે નાશી છૂટેલા બંને શખ્સોને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ચુડાના નવી મોરવાડ ખાતે સમૂહ લગ્નમાં ચાલતા જુગારધામ પર પોલીસ ત્રાટકી

## ચાર શખ્સોની ધરપકડ: ત્રણ નાસી છૂટ્યા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ચુડા તાલુકાના નવી મોરવાડ ખાતે સમૂહ લગ્નના આયોજનમાં જુગારધામ શરૂ થયું હતું. જેમાં સ્થાનિક પોલીસને બાતમી મળતા નવી મોરવાડ ગામે સમૂહ લગ્નમાં ચાલતા જુગારધામ પર રેઈડ કરી હતી. જે રેઈડમાં (૧) શાહબાઝ ઉર્ફે ચિકુદાદા સિકંદરભાઈ મંડલી (રહેઃ ધ્રાંગધ્રા) (૨) કિશનભાઈ રામસિંગભાઈ સોલંકી(રહેઃ વિરમગામ) (૩) યુનુસભાઈ હૈદરભાઈ ભટ્ટી (રહે.વિરમગામ) તથા (૪) રફિક રસુલભાઈ મુલતાની(રહેઃ ધ્રાંગધ્રા) વાળાને જાહેરમાં જુગાર રમતા રોકડ રૂ.૨૫૦૦ તથા ૦૪ મોબાઈલ ફોન કિંમત રૂ. ૧૨૦૦૦ સહીત કુલ રૂ.૧૪,૫૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે ત્રણ શખ્સો રોહિત ઠાકોર, ટકો રિક્ષાવાળો તથા ઈરફાન ઉર્ફે લંગો મુસાભાઈ (તમામ રહેઃ ધ્રાંગધ્રા) વાળા નાશી છુટયા હતા. આથી ચુડા પોલીસ મથકે સહિત કુલ ૦૭ શખ્સો વિરૂધ્ધ જુગાર હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધ્રાંગધ્રાના રાજપરા ગામે ખેતરમાં ધમધમતી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

## ૩૦૦૦ લીટર આથો કબ્જે કર્યો: બુટલેગર મનસુખ સજાણીની શોધખોળ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના રાજપર ગામનો મનસુખભાઈ પ્રભુભાઈ બુટલેગર પોતાના ખેતરના છેડે દેશી દારૂની ભઠ્ઠી ચલાવતો હતો પોલીસે ઝડપી પાડી ૩૦૦૦ લીટર આથો કિંમત રૂપિયા ૭૫,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સામે ગુનો નોંધી ને કાર્યવાહી હાથ ધરી છે.ધ્રાંગધ્રા તાલુકા પોલીસ દ્વારા દેશી દારૂની ભઠ્ઠીઓ પર તવાઈ બોલાવવામાં આવી હતી છે જેમાં જાણવા મળતી માહિતી અનુસાર ધ્રાંગધ્રા તાલુકાના રાજપર ગામનો દેશી દારૂ નો બુટલેગર મનસુખભાઈ પ્રભુભાઈ સજાણી નામના વ્યક્તિની દેશી દારૂની ભઠ્ઠી પોતાના ખેતરમાં ફરી ચાલુ કરી હોવાની બાતમી તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ એન એન ચુડાસમા, હેડ કોસ્ટેબલ



વિભાભાઈ, નરેશભાઈ ભોજીયા, વિક્રમભાઈ રબારી સહિતનો સ્ટાફ દ્વારા રાજપર ગામના મનસુખભાઈ ના ખેતરમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી પોલીસે ઝડપી પાડી હતી જેમાં પોલીસ દ્વારા ૩૦૦૦, લીટર આથો કિંમત રૂપિયા ૭૫,૦૦૦ ના મુદ્દામાલ સાથે રેડ દરમિયાન હાજર નહીં મળી આવનાર મનસુખભાઈ પ્રભુભાઈ સજાણી વિરુદ્ધ ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો છે.

# ગાંધીધામ: વાહનો પરની સફેદ એલઈડી લાઈટો સામે અંજાર આરટીઓ મેદાને

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

રાજ્યના રોડ સેફટી ઓથોરિટી દ્વારા વાહનોમાં કંપની ફિટિંગ સિવાયની વધારાની સફેદ એલઈડી લાઈટો અને તીવ્ર હેડલેમ્પ સામે કાર્યવાહી કરવા સૂચના આપી છે. આવી લાઈટોના કારણે સામેથી આવતા વાહનચાલકોની આંખ અંજાઈ જતા અકસ્માત અને મોતના બનાવો વધતા તમામ આરટીઓ કચેરીઓને સઘન ચેકિંગના આદેશ અપાયા છે. હવે માત્ર રસ્તા પર જ નહીં; પરંતુ વાહન ડીલરોના શો-રૂમ પર પણ તપાસ કરવામાં આવશે. જો કોઈ ડીલર નિયમ વિરુદ્ધ લાઈટ ફિટિંગ કરતા પકડાશે તો તેમની સામે પણ કડક કાર્યવાહી કરાશે. અંજાર આરટીઓ દ્વારા આ મામલે સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે.



# લીંબડીના નાની કઠેચી ગામે વીજ ચેકીંગ ટીમ પર હુમલો

## જુનિયર એન્જિનીયર સહિત બે કર્મચારીને મારમાર્યાની ત્રણ શખ્સ સામે ફરિયાદ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લીંબડી તાલુકાના નાની કઠેચી ગામે વીજ ચેકીંગ કરવા ગયેલ પીજીવીસીએલના સ્ટાફ પર ત્રણ શખ્સો દ્વારા હુમલો કર્યો હોવાની વિગત સામે આવી છે. જેમાં પીજીવીસીએલના સ્ટાફ દ્વારા લીંબડી તાલુકાના નાની કઠેચી ગામે વીજ ચેકીંગ કરતા હતા તે સમયે વીજ ચેકીંગ દરમિયાન ઉશ્કેરાઈ ગયેલા ત્રણ શખ્સો દ્વારા પીજીવીસીએલ વિભાગના ડોળિયા પેટા વિભાગીય કચેરીના જુનિયર એન્જીનીયર પ્રતીકભાઈ ગામીત તથા સાથી કર્મચારી યોગરાજસિંહ પર ઉશ્કેરાઈ જઈ માથાકુટ સર્જી હતી. આ માથાકૂટમાં ત્રણ શખ્સો દ્વારા અધિકારી અને કર્મચારીને ગાલ પર તમાચા મારી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેને લઈ ડોળિયા પેટા વિભાગીય કચેરીના જુનિયર ઈજનેર પ્રતીકભાઈ ગામીત દ્વારા હુમલાખોર (૧) ખીમાભાઈ શ્રવણભાઈ ધરજીયા (૨) કાનાભાઈ તથા (૩) ભીખાભાઈ ઝેઝરીયા વિરુધ ફરજમાં રુકાવટ અને જાનથી મારી નાખવાની ધમકી સહિતનો ગુનો નોંધાવતા સ્થાનિક પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીધામ: ભચાઉમાં છેતરપિંડી કરી ફરાર અપરાધીને પોલીસે દબોચી લીધો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

જીલ્લાના નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા આપેલ સુચના અને માર્ગદર્શન હેઠળ ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એ.એ.જાડેજાની સુચના અન્વયે ભચાઉ પોલીસ સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પોલીસ હેડ કોન્સ્ટેબલ ઈકબાલખાન રસુલખાન નાગોરીની ખાનગી બાતમી હકીકત આધારે ભચાઉ પો.સ્ટેના છેતરપીંડીના ગુનાના છેલ્લા દસ માસથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપી ભરતભાઈ સ/ઓફ રાણાભાઈ નાગજીભાઈ સોલંકી(રાજપુત) ઉ.વ.૨૯ ધંધો-ખેતી પશુપાલન રહે મુળ, ચોટાવાળો વાસ નેસડા ગેલોપ તા.સુઈગામ જી.બનાસકાંઠા હાલે રહે, સુઈગામ માવસરી કસ્ટમ રોડ




ગેલોપ નેસડા તા.સુઈગામ જી.બનાસકાંઠા વાળાને પકડી પાડી આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામગીરી ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એ.એ.જાડેજા તથા સર્વેલન્સ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવેલ છે.

# ગોંડલ: પરીક્ષા આપી ગુમ થયેલી બન્ને સગીરા મળી આવી

## બે શખ્સોની ધરપકડ કરી તપાસનો ધમધમાટ

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ માં બે દિવસ પહેલા ગુમ થયેલી બે સગીરાઓ તથા તેની સાથે રહેલા બે શખ્સોને ભગાડનાર નાં વતન થી પોલીસે જડપી લઈ બન્ને સગીરાઓ નું તેના પરિવાર સાથે મિલન કરાવ્યુ હતુ, જયારે સાથે રહેલા બે શખ્સોની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.પ્રાપ્ત વિગત મુજબ શહેર ની મધ્યમાં આવેલી એક સ્કુલ માં ધોરણ નવ માં અભ્યાસ કરતી સગીર વય ની બે સખીઓ તા.૨૦ નાં પરીક્ષા આપી સ્કુલે થી નિકળ્યા બાદ ભેદી સંજોગો માં ગુમ થતા તા.૨૧ નાં ગુમસુદા ફરિયાદ એ'ડીવીઝન પોલીસ માં ફરિયાદ નોંધાઈ હતી.બનાવ નાં પગલે પીઆઈ.એલ.આર.ગોહિલ, પીએસઆઈ પંડ્યા તથા સ્ટાફ દ્વારા ત્વરિત તપાસ હાથ ધરી હ્યુમન સોર્સ નાં આધારે પગેરુ દબાવી ગત રાત્રે ધોરાજી નાં ભુખી ગામ નજીક થી બન્ને સગીરાઓ તથા તેને ભગાડી જનારા બે શખ્સો ને જડપી લઈ પુછપરછ હાથ ધરી કાર્યવાહી કરી હતી.

પોલીસ સુત્રો અનુસાર નાગડકા રોડ પર આવેલી શિવ શકિત સોસાયટીમાં રહેતા હાર્દિક જેન્તીભાઈ શેખવા ઉ. ૨૦ તથા પરેશ ઉર્ફે ડોન કાનજીભાઈ પરમાર ઉ.૨૦ છેલ્લા બે વર્ષ થી સગીરાઓ સાથે પરીચય માં હોય મૈત્રી બાદ પ્રેમ સંબંધ બંધાતા તા.૨૦ ની બપોરે બન્ને શખ્સો બન્ને સગીરા ને ભગાડી હાર્દિક નાં મુળ ગામ ભુખી પંહોચ્યા હતા.દરમિયાન ત્યાંથી બીજે ક્યાંય ભાગે તે પહેલા પગેરુ દબાવતા પીઆઈ. એલ.આર.ગોહિલ અને તેની ટીમે દબોચી લીધા હતા.સગીરાઓ ને ભગાડનાર હાર્દિક નાગડકા રોડ પર પાન બીડી ની કેબીન ચલાવતો હતો.જયારે પરેશ માર્કેટયાર્ડ પાસે આવેલી હોટલ માં કામ કરતો હતો.રાત્રીનાં મોટેભાગે હોટલ નાં ઓટલે સુઈ રહેતો હતો.તેના પિતા કાનજીભાઈ ડ્રાઈવિંગ નું કામ કરેછે.પરેશ તેના પિતા નાં આગલા ઘર નું સંતાન છે.પોલીસે મેડીકલ ચેકઅપ સહીત કાર્યવાહી હાથ ધરી છે.ગુમ થયેલી સગીરાઓ ને એ'ડીવીઝન પોલીસે ગણતરી ની કલાકોમાં શોધી લેતા તેનાં પરિવારે હાશકારો અનુભવ્યો હતો.

# રશિયા અને વેનેઝુએલાની મથામણમાં બ્રાઝિલથી ૬૫૦૦ કરોડનું ક્રૂડ ખરીદશે ભારતીય પેટ્રોલિયમ

## અમેરિકાના કડક વલણ અને રશિયન તેલ પરના વધતા દબાણ વચ્ચે ભારતે 'પ્લાન-બી' અમલમાં મૂક્યો: બ્રિક્સ મિત્ર દેશ બ્રાઝિલ સાથે ઉર્જા ક્ષેત્રે ઐતિહાસિક સોદો

**અબતક,નવી દિલ્હી**

વૈશ્વિક તેલ બજારમાં અત્યારે ભારે રાજકીય મથામણ ચાલી રહી છે. એક તરફ રશિયા-યુક્રેન યુદ્ધને કારણે પશ્ચિમી દેશોએ રશિયા પર અનેક પ્રતિબંધો લાદ્યા છે, તો બીજી તરફ વેનેઝુએલામાં અમેરિકાના કડક વલણને કારણે તેલ પુરવઠામાં અનિશ્ચિતતા જોવા મળી રહી છે. આ પરિસ્થિતિમાં ભારત સરકારે અત્યંત કુનેહપૂર્વક પગલું ભરીને તેના BRICS (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના, સાઉથ આફ્રિકા) ભાગીદાર એવા બ્રાઝિલ સાથે મિત્રતા મજબૂત કરી છે. ભારતની અગ્રણી તેલ કંપની BPCL (ભારત પેટ્રોલિયમ) બ્રાઝિલ પાસેથી આશરે રૂ.૬,૫૦૦ કરોડ (૭૮૦ મિલિયન) ના ક્રૂડ ઓઈલની ખરીદી કરવા જઈ રહ્યું છે

ભારત અત્યાર સુધી રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ખરીદી રહ્યું હતું, જેનાથી અમેરિકાને 'ચૂક' ઉપડી છે . રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારત પર પશ્ચિમી દેશોનું દબાણ વધી રહ્યું છે. આ સંજોગોમાં ભારતે રશિયા પરની પોતાની નિર્ભરતા ઘટાડવા અને અમેરિકા સાથેના સંબંધોમાં સંતુલન જાળવવા માટે બ્રાઝિલને નવા સ્ત્રોત તરીકે પસંદ કર્યું છે. બ્રાઝિલ પાસેથી આ વખતે ૧.૨ કરોડ બેરલ તેલ ખરીદવાનું નક્કી થયું છે, જે ગત વર્ષ કરતા સીધું બમણું છે. આ કરાર પર આગામી ૨૭ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન ગોવામાં યોજાનારા 'ઈન્ડિયા એનર્જી વીક ૨૦૨૬' માં સત્તાવાર મહોર મારવામાં આવશે જ્યારે રશિયાથી ક્રૂડ મેળવવામાં મુશ્કેલીઓ વધી રહી છે, ત્યારે ભારતે BRICS જૂથના સભ્ય દેશ બ્રાઝિલનો હાથ પકડ્યો છે. આ સોદો સાબિત કરે છે કે ભારત હવે માત્ર મધ્ય-પૂર્વના દેશો કે રશિયા પર નિર્ભર રહેવા માંગતું નથી. બ્રાઝિલ પાસેથી મળતું ક્રૂડ ભારત માટે માત્ર આર્થિક રીતે જ નહીં, પણ રાજદ્વારી રીતે પણ સુરક્ષિત છે, કારણ કે તેનાથી અમેરિકાના પ્રતિબંધોનું જોખમ રહેતું નથી.

### ભારત માટે આ સોદો કેવો રહેશે?

“ અર્થતંત્રને ફાયદો: ₹૬,૫૦૦ કરોડનો આ જંગી સોદો ભારતના તેલ ભંડારને મજબૂત કરશે અને આગામી વર્ષે સ્થાનિક સ્તરે ઈંધણના ભાવ સ્થિર રાખવામાં મદદરૂપ થશે.“ વૈશ્વિક છબિ: આ સોદાથી દેખાય છે કે ભારત હવે વૈશ્વિક દબાણ સામે ઝૂકવાને બદલે પોતાના રાષ્ટ્રીય હિતમાં ગમે ત્યાંથી તેલ ખરીદવાની ક્ષમતા ધરાવે છે.

# ન હોય પૃથ્વીનું ગુરૂત્વાકર્ષણ ૧૨ ઓગસ્ટે પૂરું થઈ જશે!?

**અબતક, રાજકોટ**

સોશિયલ મીડિયા પર હાલમાં એક ભયાનક દાવો વાયરલ થઈ રહ્યો છે કે ઓગસ્ટ ૨૦૨૬માં પૃથ્વી માત્ર ૭ સેકન્ડ માટે તેનું ગુરુત્વાકર્ષણ એમ ગુમાવશે. 'પ્રોજેક્ટ એન્કર' નામના કથિત લીક થયેલા દસ્તાવેજોના આધારે કરવામાં આવેલા આ દાવાએ લાખો લોકોમાં ગભરાટ ફેલાવ્યો છે. જોકે, વૈજ્ઞાનિકો અને NASAએ આ દાવાને સંપૂર્ણપણે પાયાવિહોણો અને ખોટો ગણાવ્યો છે.

NASA એ સ્પષ્ટ શબ્દોમાં આ અફવાનું ખંડન કરતા જણાવ્યું હતું કે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ તેના દ્રવ્યમાન પર આધારિત છે. પૃથ્વી ત્યારે જ ગુરુત્વાકર્ષણ ગુમાવી શકે જો તે તેનું દ્રવ્યમાન ગુમાવે, જે અશક્ય છે. સૂર્યગ્રહણની ગુરુત્વાકર્ષણ પર કોઈ અસાધારણ અસર પડતી નથી.વૈજ્ઞાનિકોએ સમજાવ્યું કે ગુરુત્વાકર્ષણ એ કોઈ 'સ્વિચ' નથી કે જેને ચાલુ કે બંધ કરી શકાય. તે કુદરતનો એક કાયમી નિયમ છે જે પૃથ્વીના અસ્તિત્વ સાથે જોડાયેલો છે.તપાસમાં જાણવા મળ્યું છે કે આ અફવા પાછળ 'What If' નામની એક જાણીતી વિજ્ઞાન ચેનલનો ૨૦20 નો એક વિડિયો જવાબદાર છે. આ વિડિયો માત્ર એક કાલ્પનિક ચર્ચા હતી કે “જો પૃથ્વી ગુરુત્વાકર્ષણ ગુમાવે તો શું થાય?સોશિયલ મીડિયા યુઝર્સે આ કાલ્પનિક વિડિયોના અંશો લઈને તેને ૨૦૨૬ ની ભવિષ્યવાણી તરીકે રજૂ કરી દીધા છે. આ તારીખ ૨૦૨૬ માં થનારા 'સૂર્યગ્રહણ' સાથે મેળ ખાતી હોવાથી લોકો તેને સાચું માની રહ્યા છે.આ પ્રકારના દાવાઓ માત્ર વ્યૂઝ મેળવવા અને ડર ફેલાવવા માટે કરવામાં આવે છે. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સૂર્યગ્રહણ ચોક્કસ છે, પરંતુ ગુરુત્વાકર્ષણ ગુમાવવાની વાત તદ્દન ખોટી છે.

### શું છે વાયરલ દાવો?

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ પૃથ્વી પર ગુરુત્વાકર્ષણમાં ફેરફાર જોવા મળશે.આ ઘટનાને કારણે અંદાજે ૪ કરોડ લોકોના મોત થશે અને વૈશ્વિક અર્થતંત્ર પડી ભાંગશે. અને એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ગઅજઅ એ આ આપત્તિથી બચવા માટે ૮૯ અબજ ડોલર ફાળવ્યા છે.

# જામનગર: ઢંઢા ગામે ઘરકામ બાબતે માતાએ ઠપકો આપતા યુવતીનો આપઘાત

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર તાલુકાના ઢંઢા ગામમાં રહેતા એક ખેડૂતની ૧૯ વર્ષીય પુત્રીએ પોતાના ઘેર જંતુનાશક દવા પી લઈ આત્મહત્યા કરી છે. પોતાની માતાએ ઘરકામ બાબતે ઠપકો આપતાં માઠું લાગવાથી આ પગલું ભરી લીધાનું પોલીસમાં જાહેર થયું છે.

જામનગર નજીક ઢંઢા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા નીરુભા અણદુભા સોઢા નામના ૫૫ વર્ષીય ખેડૂતની ૧૯ વર્ષની પુત્રી જાનવીબા નિરુભા સોઢાએ ગત ૧૭મી તારીખે પોતાના ઘેર ઘઉં માં નાખવાની ઝેરી દવા પી જતાં સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં તેણીનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કરાયું હતું.

આ બનાવ અંગે મૃતક ના પિતા નીરુભા સોઢા એ પોલીસને જાણ કરતાં એ.એસ.આઇ. ડી.બી. જોગીયા જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને જાનવીબા ના મૃતદેહ નો કબજો સંભાળી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસની પૂછપરછ દરમિયાન મૃતક યુવતિને તેણીની માતાએ ઘર કામ કરવા બાબતે ઠપકો આપતાં માઠું લાગી આવ્યું હોવાથી આ પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું છે.

# દીવ: સચિવાલય પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવા પ્રશાસક પ્રફુલ પટેલની સૂચના

## સચિવાલય ખાતે ચાલી રહેલા વિવિધ વિકાસલક્ષી કાર્યોની પ્રત્યક્ષ મુલાકાત લઈ કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું

**અબતક, રાજકોટ**

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલે સચિવાલય ખાતે ચાલી રહેલા વિવિધ વિકાસલક્ષી કાર્યોની પ્રત્યક્ષ મુલાકાત લઈ કામગીરીનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમણે બાંધકામની પ્રગતિની સમીક્ષા કરી હતી અને પ્રોજેક્ટ સાથે જોડાયેલા અધિકારીઓ તેમજ કોન્ટ્રાક્ટરો પાસેથી વિગતવાર અહેવાલ મેળવ્યો હતો.



પ્રશાસકે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, વિકાસના કોઈપણ કાર્યમાં ગુણવત્તા અને સલામતીના ધોરણો સાથે કોઈપણ પ્રકારનું સમાધાન ચલાવી લેવામાં આવશે નહીં. તેમણે અધિકારીઓને તાકીદ કરી હતી કે બાંધકામમાં ઉચ્ચ કક્ષાના મટીરિયલનો જ ઉપયોગ થાય અને કોઈપણ સ્તરે બેદરકારી જોવા મળશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. પ્રશાસકે પ્રોજેક્ટને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા પર ખાસ ભાર મૂક્યો હતો. તેમણે કોન્ટ્રાક્ટરો અને એજન્સીઓને પરસ્પર સંકલન સાધીને કામની ગતિ વધારવા સૂચના આપી હતી, જેથી જાહેર જનતાને આ વિકાસકાર્યોનો લાભ વહેલી તકે મળી શકેસ્થળ પર જ પ્રશાસકએ જરૂરી ટેકનિકલ સુધારાઓ અંગે મહત્વના સૂચનો આપ્યા હતા. આ પ્રસંગે વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ, એન્જિનિયરો અને અમલીકરણ એજન્સીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીધામમાં દબાણમુકત થયેલી જમીન પર બનાવાશે આધુનિક લાયબ્રેરી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા થોડા દિવસો પહેલાં આદિપુર ના વોર્ડ ૧/એ વિસ્તારમાં મસ્જીદ તેમજ કોમર્સીયલ ના જે દબાણો દુર કરવામાં આવ્યા છે, તે દબાણ મુકત થયેલ અંદાજે ૨૦00 ચો.મી. જમીન પર મહાનગરપાલિકા દ્વારા અંદાજીત ૧.૨૫ કરોડના ખર્ચે વાતાનુકુલીત લાયબ્રેરી કમ રીડીંગ રુમ નું નિર્માણ કરવા જઈ રહી છે અને તે લાયબ્રેરી કમ રીડીંગ રુમમાં ૫૦ લોકો બેસી શકે તેવી સગવડ કરવામાં આવશે. વીજ ભારણ ઘટાડવા માટે લાયબ્રેરીમાં સોલાર પેનલની જોગવાઈ પણ રાખવામાં આવી છે. આ ઉપરાંત ઈ-લાયબ્રેરી ની સુવિધા તથા પર્યાપ્ત પાર્કીંગ તેમજ ગ્રીનસ્પેસ ની જોગવાઈ રાખવામાં આવી છે. આ લાયબ્રેરી કમ રીડીંગ હોલનું ટેન્ડર બહાર પાડી દેવામાં આવેલ છે. આ લાઈબ્રેરીનું નિર્માણ થવાથી આ વિસ્તારના તેમજ આજુ બાજુ વિસ્તારના નાગરિકો તથા વિધાર્થીઓને વાંચનાલય ની સારી સુવિધા પ્રાપ્ત થશે.

# જામજોધપુર: બાળકી સાથે અડપલા કરનાર વેપારીને પાંચ વર્ષની સજા

## નાસ્તો લેવા આવેલી માસુમને વાસણ સાફ કરવા બોલાવી ૪૫ વર્ષીય ઠગાએ અડપલા કર્યા: પિડીતાને બે લાખનું વળતર ચુકવવા હુકમ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામજોધપુરમાં ૪૫ વર્ષના વેપારીએ પોતાની દુકાનમાં વસ્તુ લેવા આવેલી ૧૧ વર્ષની બાળકી સાથે અડપલાં કરી છેડછાડ કરી હતી. જે કેસ અદાલત સમક્ષ ચાલી જતાં અદાલતે આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા, અને દંડનો હુકમ કર્યો છે, જ્યારે ભોગ બનનાર બાળકીને રૂપિયા બે લાખનું વળતર આપવા પણ હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત એવી છે કે જામજોધપુર પંથકમાં રહેતા એક ફરિયાદી ની સગીર વયની પુત્રી ભોગ બનનાર (ઉંમર વર્ષ ૧૧) વાળી ને આ કામના આરોપી ચંદુ નાથાભાઈ ચાવડાએ ભોગ બનનાર આરોપીની દુકાને નાસ્તો લેવા ગઈ હતી, ત્યારે આરોપીએ પોતાના ઘરના વાસણ સાફ કરી દે તેમ કહી હાથ પકડી આરોપીની દુકાન ની બાજુમાં જ પોતા નું ઘર હોય ત્યાં લઈ જઈ અને ભોગ બનનાર સાથે જબરજસ્તી કરી ભોગ બનનાર ના શરીરે હાથ ફેરવવા લાગ્યો હતો.

ત્યારબાદ ભોગ બનનાર ના નીચેના કપડા કાઢી આરોપીએ પોતાના પેન્ટ ખોલી પોતાનું અંગ ભોગ બનનારના શરીરને અડાડવા લાગતાં ભોગ બનનાર રડવા લાગી હતી. જેથી આરોપીએ ભોગ બનનારને કહ્યું હતું કે આ વાત કોઈને કહીશ તો હું તને ગળુ દબાવી જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

જોગે ભોગ બનનારે તેમના ભાભુને બનાવની હકીકત જણાવી હતી, જેથી આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

જે કેસ પોકસો કોર્ટમાં ચાલી જતાં જેમાં સરકાર તરફે ૧૨ જેટલા સાહેદ તથા દસ્તાવેજ પુરાવા રજુ કરાયા હતા, તેમજ સરકાર તરફની દલીલ ગ્રાહય રાખી આરોપીને તકસીરવાન ઠરાવી પોક્સો કલમ આઠમાં પાંચ વર્ષની સખત કેદની સજા તેમજ ભોગ બનનારને વળતર પેટે રૂપિયા બે લાખ પુરા ચૂકવવા હુકમ સ્પેશિયલ પોકસો કોર્ટના જજ આર પી મોગેરા દ્વારા કરાયો છે. આ કેસમાં સરકારી વકીલ તરીકે ભારતીબેન વાદી રોકાયેલા હતા.

# અંજારમાં પી.એમ. સ્વનીધી યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ

## શેરી ફેરીયાઓને લોન આપી આર્થિક મજબૂતી વધશે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પી. એમ. સ્વનિધિ યોજનાથી અંજારના વ્યવસાયીઓને અંજાર નગરપાલિકાના મુખ્ય સભાખંડ ખાતે નગરપાલિકા દ્વારા લોન અને ક્રેડિટકાર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સમગ્ર ભારતભરમાં આ યોજના હેઠળ લાભાર્થીઓને લોન વિતરણ અને ક્રેડિટ કાર્ડ ના શુભારંભનો કાર્યક્રમ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વરદહસ્તે તિરુવનંતપુરમ, કેરળ ખાતે યોજાયો હતો. આ રાષ્ટ્રીય કાર્યક્રમના અનુસંધાને અંજાર નગરપાલિકાના



એન.યુ.એલ.એમ. વિભાગ દ્વારા સ્થાનિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન માર્ગ વ્યવસાયી લાભાર્થીઓને રૂ.૧૫ હજાર, રૂ ૨૫ હજાર તેમજ રૂ.૫૦ હજાર ની લોન માટેના સેક્શન લેટર અને ચેક નો વિતરણ કરવામાં આવ્યું હતું. જેના કારણે નાના વેપારીઓને સ્વરોજગાર માટે આર્થિક મજબૂતી મળશે આ પ્રસંગે અંજાર નગરપાલિકાના પ્રમુખ વૈભવભાઈ ડી. કોડરાણી, ઉપપ્રમુખ શિલ્પાબેન બુદ્ધભટ્ટી, કારોબારી સમિતિ ચેરમેન પાર્થભાઈ સોરઠીયા, શાસક પક્ષના નેતા નીલેશગીરી ગોસ્વામી, દંડક કલ્પનાબેન ગોરે લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા ચીફ ઓફિસર શ્રી તુષારભાઈ ઝાલરીયા અને કચેરી અધિક્ષક ખીમજીભાઈ પાલુભાઈ સિંધવ ના માર્ગદર્શન હેઠળ એકાઉન્ટ નરસિંહભાઈ દાવા, મયુરભાઈ હેરમા વગેરે એ જહેમત ઉઠાવી હતી.

# ખંભાળીયા પાલિકાના અધ્યક્ષ સહિતના સભ્યોની સહીનો મામલો હાઈકોર્ટમાં પહોચ્યો

**અબતક, વિનાયક ભટ, ખંભાળીયા**

તાજેતરમાં પાલિકાના કારોબારી અધ્યક્ષની સહી સાથે અન્ય ચાર સદસ્યોની બનાવટી સહી કરી અને ઉચ્ચકક્ષાએ નગરપાલિકા બાબતે કેટલી ક રજૂઆત કરવામાં આવી હતી જે પ્રકરણ હાઈકોર્ટમાં પહોંચ્યું છે કોણે બનાવટી સહીઓ કરી એ વિષય તપાસનો બન્યો છે જે ચીફ ઓફિસર દ્વારા પાલિકાના એન્જિનિયર નંદાણીયા ને નોટિસ આપવામાં આવી હતી

નોટિસ બાદ નંદાણીયા એ હાઈકોર્ટમાં રિટ દાખલ કરતા હાઈકોર્ટ દ્વારા આ સમગ્ર પ્રકરણની તપાસ ચીફ ઓફિસર દ્વારા જ કરવામાં આવે અને આ તપાસ માટે ૧૪ દિવસની મુદત આપવામાં આવી છે ત્યારે કોઈપણ દ્વારા સદસ્યોની બનાવટી સહી કરવાનું પ્રકરણ સમગ્ર નગરપાલિકાને બદનામ કરી જશે જેથી બનાવટી સહીઓ ઉપરાંત અન્ય પ્રકરણો પણ ખુલ્લા પડે તો નવાઈ નહીં.

(પહેલા પાનાનું ચાલું)

### હિમવર્ષા...

કાશ્મીરને પૂંછથી જોડતો મુઘલ રોડ પણ બંધ છે. શ્રીનગર એરપોર્ટથી બધી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.વર્ષ ૨૦૦૫ પછી ટિટવાલમાં પહેલી વાર બરફ પડ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.કુપવાડામાં નિયંત્રણ રેખા પાસે આવેલા કર્ણાહ અને ટિટવાલમાં ૨૧ વર્ષ પછી પહેલીવાર બરફ પડ્યો છે. કર્ણાહના નીચલા ભાગોમાં બેથી પાંચ ઈંચ બરફ પડ્યો હોવાનું જાણવા મળી રહ્યું છ. શ્રીનગર આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર ફ્લાઈટનું આવનજાવન નબળી વિઝિબિલીટી અને રનવે પર બરફ જમા થવાને કારણે આગળની સૂચના ન આપવામાં આવે ત્યાં સુધી સ્થગિત કરવામાં આવી છે.

ઉત્તરાખંડના પર્વતો બરફની ચાદરમાં ઢંકાયેલા છે. ઉત્તરાખંડમાં બદ્રીનાથથી કેદારનાથ સુધીના ઘણા પર્યટન સ્થળોએ હિમવર્ષા થઈ છે. શુક્રવારે મસૂરી, ચકાતા, ધનૌલ્ટી, ઔલી, ટિહરી, હરસિલ અને અલ્મોરામાં દ્રોણ પર્વતમાળામાં દિવસભર હિમવર્ષા થઈ. બદ્રીનાથ, કેદારનાથ, હેમકુંડ સાહિબ, ગંગોત્રી, યમુનોત્રી અને કૈલાશમાં પણ ભારે હિમવર્ષા થઈ. નૈનિતાલના ઊંચા શિખરો પર સિઝનની પહેલી હિમવર્ષા થઈ. હવામાન કેન્દ્રના ડિરેક્ટર ચંદ્ર સિંહ તોમરના જણાવ્યા અનુસાર, પર્વતીય વિસ્તારોમાં આંશિક વાદળછાયું વાતાવરણ રહેશે અને હળવો વરસાદ અને હિમવર્ષા થવાની શક્યતા છે. કેદારનાથ ધામમાં એક ફૂટ સુધી બરફ જમા થયો છે. અલ્મોરા જિલ્લાના સૌથી ઊંચા શિખર ભરતકોટ તેમજ દ્રોણગિરી (દુનાગિરી) પર્વતમાળામાં પણ હિમવર્ષા થઈ છે.દેશના ઉત્તરભાગમાં ફરી એકવખત આકરી ઠંડીની શરૂઆત થઈ છે. અનેક વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદના કારણે જનજીવનને અસર થઈ છે. જોકે વરસાદને કારણે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીરમાં ખેડૂતો અને પર્યટકોને થોડીક રાહત મળી છે. દેશમાં ફરી એક વખત ઠંડી પાછી ફરશે તેવી આગાહી કરવામાં આવી છે.

જમ્મુ અને કાશ્મીરના મોટાભાગના વિસ્તારોમાં થયેલી તાજી હિમવર્ષાને કારણે શ્રીનગર-જમ્મુ નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે. માતા વૈષ્ણોદેવીની યાત્રા સ્થગિત કરવામાં આવી છે અને કાશ્મીરમાં ૨૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ પ્રખ્યાત સ્કીઈંગ રિસોર્ટ ગુલમર્ગમાં બે ફૂટથી વધુ તાજી હિમવર્ષા થઈ છે, જ્યારે ગાંદરબલ જિલ્લાના સોનમર્ગ પ્રવાસી રિસોર્ટમાં છ ઈંચથી વધુ અને દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામ રિસોર્ટમાં અંદાજે ત્રણ ઈંચ હિમવર્ષા નોંધાઈ છે. દિલ્હીમાં વર્ષનો પ્રથમ વરસાદ નોંધાયો હતો.

જમ્મુ-કાશ્મીરના સત્તાવાળાઓએ નવેસરથી હિમવર્ષા બાદ છ જિલ્લાઓ માટે અતિ જોખમી હિમપ્રપાતની ચેતવણી જારી કરી છે.આગામી ૨૪ કલાક દરમિયાન મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં ૨,૩૦૦ મીટરથી વધુની ઊંચાઈએ અતિ જોખમી સ્તરના હિમપ્રપાત થવાની સંભાવના છે. આગામી ૨૪ કલાક દરમિયાન મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં ૨,૩૦૦ મીટરથી વધુની ઊંચાઈએ અતિ જોખમી સ્તરના હિમપ્રપાત થવાની સંભાવના છે. અધિકારીઓએ રહેવાસીઓને સાવચેત રહેવા અને હિમપ્રપાતની સંભાવના ધરાવતા વિસ્તારોમાં ન જવાની અપીલ કરી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### પ્રજાસત્તાક પર્વ...

વાઘોડિયામાં, મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડા આણંદ જિલ્લાના ખંભાતમાં, આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી પી.સી. બરંડા મહિસાગર જિલ્લાના કડાણામાં, કુટીર ઉદ્યોગ રાજ્ય મંત્રી સ્વરૂપજી ઠાકોર પાટણ જિલ્લાના શંખેશ્વરમાં અને પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્ય મંત્રી રિવાબા જાડેજા બોટાદ જિલ્લાના ગઢડાનો સમાવેશ થાય છે.

રાજ્યના જે ૯ જિલ્લાઓના તાલુકા મથકોએ જિલ્લા કલેક્ટરઓ દ્વારા પ્રજાસત્તાક દિને ધ્વજવંદન થવાનું છે અરવલ્લીના મેઘરજ, બનાસકાંઠાના ઓગડ, ભરૂચના આમોદ, દેવભૂમિ દ્વારકાના ભાણવડ તેમજ જામનગરના કાલાવડ અને જુનાગઢના કેશોદ ઉપરાંત મોરબી જિલ્લાના ટંકારા તથા સુરત જિલ્લાના માંડવી અને તાપીના ઉચ્છલમાં સંબંધિત કલેક્ટરઓ ધ્વજવંદન કરાવશે.

પ્રજાસત્તાક પર્વની સૌરાષ્ટ્ર-કચ્છ સહિત ગુજરાતમાં શાનદાર ઉજવણી કરવામાં આવશે. શાળા - કોલેજોમાં ધ્વજવંદન, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રભાત ફેરી, પરેડ સહિતના વિવિધ આયોજનો કરવામાં આવ્યા છે. રાજકોટ જીલ્લા કક્ષાના પર્વની ઉજવણી જેતપુર ખાતે થશે જેમાં પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવશે.

### શ્રમિક સંમેલન...

કાર્યપદ્ધતિ સહિત વિવિધ સંગઠનાત્મક વિષયો અંગે માર્ગદર્શન આપી રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો સહિત સ્થાનિક સ્તર સુધીની ચુંટાયેલ પાંખ, સંગઠનના પદાધિકારીઓથી બુથ સ્તર સુધીના સમગ્ર સંગઠનને જનજાગરણ અભિયાન અંતર્ગત ગ્રામીણ વિસ્તારોના વિકાસ અને ગ્રામીણ નાગરિકોની રોજગારી માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ લવાયેલા ''વીબી-જી રામ-જી'' અધિનિયમ અંગેની સાચી માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવા હાંકલ કરી હતી.

રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ ''વીબી-જી રામ-જી'' અંતર્ગત શ્રમિકોના લાંબાગાળાના વિકાસ માટેની જોગવાઈઓ, યોજનાના વિવિધ લાભકારી પાસાઓ અને આ અધિનિયમ થકી ગ્રામીણ વિકાસના વિવિધ આયામો અંગે વિસ્તૃત છણાવટ કરી સૌને માર્ગદર્શન આપ્યું હતું.

### અમરેલી...

ખાતે નકલી પાસપોર્ટ પર ટાટા પ્લે બ્રોડબેન્ડ કનેકશન મેળવી આ કૌભાંડ આચર્યું હતું. સાયબર ટીમ દ્વારા ગુરુગ્રામથી આરોપીની ધરપકડ કરી, તેની પાસેથી ૬ મોબાઈલ ફોન, ૧ લેપટોપ અને ૨ બોગસ પાસપોર્ટ જપ્ત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ ફોરેન્સિક સાયન્સ લેબ ગાંધીનગરના રિપોર્ટ અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેક્સિસ (ઈઈઉઝ) તેમજ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઊઉ) જેવી સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર કરી સાબિત કરવામાં આવ્યું કે આરોપી દ્વારા અપાયેલા તમામ દસ્તાવેજો નકલી હતા.

અમરેલી કોર્ટમાં કેસ ચાલી જતાં બન્ને પક્ષની રજુઆત બાદ સરકારી વકીલ દ્વારા રજૂ કરાયેલા ૧૧ સાક્ષીઓ અને ૧૪૨ દસ્તાવેજી પુરાવાઓ તેમજ NCRBના ડેટા સાથેની ધારદાર રજૂઆતના આધારે અદાલતે મહિલાને સાત વર્ષની સખ્ત અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, ગુજરાતની જનતાની સુરક્ષા અમારી પ્રાથમિકતા છે. ડિજિટલ યુગમાં સાયબર સુરક્ષા માટે અમારી પોલીસ સજ્જ છે. આ ચુકાદો સાયબર ગુનેગારો માટે એક કડક ચેતવણી સમાન છે. ગમે તેટલો શાણો ગુનેગાર હોય, તે પોલીસની નજરથી બચી શકશે નહીં. હરિયાણાથી આરોપીને પકડી લાવી સજા અપાવવી એ ગુજરાત પોલીસની કાર્યક્ષમતા દર્શાવે છે. અમે નાગરિકોને સુરક્ષિત ડિજિટલ વાતાવરણ આપવા કટિબદ્ધ છીએ.

કાયદા રાજ્ય મંત્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું છે કે, મજબૂત ઈન્વેસ્ટિગેશન અને અસરકારક કાયદાકીય રજૂઆતને કારણે આ ઐતિહાસિક સજા શક્ય બની છે. નકલી દસ્તાવેજો અને વિદેશી ઓળખ પાછળ છુપાયેલા ગુનેગારને કાયદાનું ભાન કરાવવામાં આવ્યું છે.

આ કેસમાં તપાસ કરનાર અમરેલી પોલીસની સમગ્ર ટીમ અને ન્યાયપાલિકા સાથે સંકળાયેલી સમગ્ર ટીમને નાયબ મુખ્યમંત્રી તેમજ કાયદા રાજ્ય મંત્રીએ અભિનંદન પાઠવ્યા છે.

### જૂનાગઢ...

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ફળોના ભાવમાં ભારે તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે ઉનાળાની શરૂઆત પૂર્વે જ ખાખડીના ભાવે તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. અને બજારમાં ખાખડીનો ભાવ પ્રતિ કિલોના રૂ. ૧૬૦૦ સુધી નોંધાયો છે, જે અત્યાર સુધીનો સૌથી ઊંચો ભાવ માનવામાં આવે છે.

જુનાગઢ માર્કેટ યાર્ડના ફળ વિભાગના પ્રતિનિધિ હરેશ ગજેરાના જણાવ્યા અનુસાર, આટલા ઊંચા અને મોંઘા ભાવ હોવા છતાં ગ્રાહકોમાં ખાખડી પ્રત્યેનો ક્રેઝ ઓછો થયો નથી. બજારમાં તેની માંગ સતત જળવાઈ રહી છે. હાલમાં જૂનાગઢ યાર્ડમાં ખાખડીની આવક ખૂબ જ મર્યાદિત છે અને ગઈકાલે માત્ર ૧૦ કિલો જેટલી જ ખાખડીની આવક નોંધાઈ છે. તેની સામે ખરીદનારા વર્ગની સંખ્યા વધુ હોવાથી ભાવ આસમાને પહોંચ્યા છે.

દરમિયાન આંબા વાડિયાના ખેડૂતના જણાવ્યા મુજબ, આ વર્ષે અને હાલના દિવસોમાં ખાખડી હજુ આંબા ઉપર જોઈએ એ પ્રમાણમાં બંધાઈ નથી, અને લોકો ખાખડીની રાહ જોઈ બેઠા હોય છે, એટલે માર્કેટમાં ખાખડી આવે ત્યારે એટલે મોટો ભાવવ ધારો જોવા મળે એ સ્વાભાવિક છે, જો કે, આગામી દિવસોમાં જ્યારે ખાખડીની આવકમાં વધારો થશે ત્યારે ભાવમાં ઘટાડો ચોક્કસ થશે.

જો કે, હાલ તો ખાખડી સામાન્ય માણસ માટે લક્ઝરી ફળ સમાન બની ગઈ છે. અને ખાખડી માર્કેટમાં આવતા ૧૬૦૦ રૂપિયે કિલોના ભાવે વહેંચાઈ છે.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** રાજકોટ નિવાસી નિર્મળાબેન રમણિકલાલ બગડાઈ (ઉ.વ.૮૦) નું તા. ૨૩ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૪ ને શનિવારના રોજ બપોરે ૪ થી ૫ દરમિયાન બ્રહ્મપુરી વાડી, દિવાનપરા મેઈન રોડ, કોટક શેરી રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** જગદીશભાઈ નેમચંદ શાહ (ઉ.વ.૭૨) તે સ્વ. નેમચંદ છોટાલાલ શાહ (ખંભાતવાળા)ના પુત્ર, સુધાબેનના પતિ, દીપા ભવ્યેશકુમાર શેઠ, રવિ, ચાંદનીના પિતા, સ્વ. કૃષ્ણકાંતભાઈ, સ્વ. બલભદ્રભાઈ, ભરતભાઈ, પ્રફુલભાઈ, નલીનભાઈ, પંકજભાઈના ભાઈ, સ્વ. અમૃતલાલ અંબાલાલ શાહ (બોડેલીવાળા) ના જમાઈનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તથા પ્રાર્થના સભા તા. ૨૬ ને સોમવારના રોજ સવારે ૧૦ થી ૧૧.૩૦ વાગ્યે નિરંજની સોસાયટી મીટીંગ હોલ, ગીત ગુર્જરી સોસાયટી પાસે, રૈયા રોડ રાજકોટ મુકામે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# પાલીતાણા: ગજભવન ધર્મશાળા ખાતે દીક્ષા મહોત્સવ યોજાયો

**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**



પાલીતાણામાં તળેટી વિસ્તારમાં આવેલ ગજભવન ધર્મશાળા ખાતે દીક્ષાર્થીના વર્ષીદાન નિમિત્તે ભવ્ય અને ઐતિહાસિક વરઘોડાનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે બાદ મુમુક્ષનો દીક્ષા પ્રસંગ યોજાયો હતો જેમાં આચાર્ય વિજય પ્રથમેશપ્રભસૂરીશ્વરજી મહારાજ આચાર્ય મુનીરાજ નીતિપ્રભ વિજયજી મહારાજ તથા સાધ્વી ગુણદર્શિતાજી મહારાજ તેમજ સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં દીક્ષા સંપન્ન થઈ સાધુ સાધ્વીજી ભગવંતો ના ચરણોમાં સમર્પિત થયા મુમુક્ષ કીરણ દેવી કાટેડ બન્યા નૂતન દીક્ષિત સાધ્વી ક્રીયા દર્શિતાજી મહારાજ સાહેબ દીક્ષા પ્રસંગ યોજાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભકતજનો શ્રાવક શ્રાવીકાઓ ઉપસ્થિત રહ્યા હતા આયોજિત સાયરબાઈ ચાંદમલજી કાટેડ ગોતમચંદજી. નિરંજન કાટેડ પરિવાર દ્વારા ભવ્ય દીક્ષા નું આયોજીત કરવામાં આવ્યું.

# સુરેન્દ્રનગર: 'ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ' યોજનાના છૂટા કરાયેલા કર્મીઓએ ગજવી 'જિલ્લા પંચાયત કચેરી'

## ડિઝાસ્ટર, ઈલેકશન સહિતના વિભાગોમાંથી ૬૦થી વધુ કર્મચારીઓને છુટા કરી દેવાતા તમામ કર્મીઓને નોકરીમાં પરત લેવા રજૂઆત

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

તાજેતરમાં સરકાર દ્વારા સમગ્ર રાજ્ય સાથે સુરેન્દ્રનગર જીલ્લામાંથી પણ ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અંતર્ગત ફરજ બજાવતા કર્મચારીઓને છૂટા કરી દેતા કરતા રોષ જોવા મળી રહ્યો છે ત્યારે આ મામલે છૂટા કરાયેલ કર્મચારીઓએ જીલ્લા પંચાયત કચેરી તેમજ ધારાસભ્ય અને લોકસભાના સંસદને રજુઆત કરવામાં આવી હતી અને સરકાર દ્વારા કર્મચારીઓને છૂટા કરવાનો નિર્ણય પરત ખેંચી તમામ કર્મચારીઓને નોકરી પર લેવાની માંગ કરી હતી. આ અંગે



આવેદનપત્રમાં જણાવ્યા મુજબ સરકાર દ્વારા તાજેતરમાં વર્ષ ૨૦૦૭ એટલે કે છેલ્લા ૧૮ વર્ષથી ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના અંતર્ગત ફરજ બજાવતા રાજ્યભરના ૧૫૦૦ થી વધુ કર્મચારીઓને કોઈપણ જાતની જાણ કર્યા વગર નોકરીમાંથી છુટ્ટા કરી દેવામાં આવ્યા છે. સુરેન્દ્રનગર જીલ્લાના પણ અંદાજે ૬૦ થી વધુ કર્મચારીઓનો સમાવેશ થાય છે. ડિઝાસ્ટર, ઈલેકશન, પંચાયત, વહિવટ, મહેકમ શાખાને લગતી કામગીરી નિષ્ઠાપૂર્વક કરી રહ્યા હતા છતાં નોકરીમાંથી છુટ્ટા કરી દેવામાં આવ્યા છે. આથી સુરેન્દ્રનગર જીલ્લાના છુટા કરાયેલ કર્મચારીઓએ આ મામલે જીલ્લા પંચાયત કચેરી ખાતે જીલ્લા વિકાસ અધિકારી તેમજ લોકસભાના સાંસદ અને સ્થાનિક ધારાસભ્યને લેખિત રજુઆત કરી હતી ધ્યાને લઈને તાત્કાલિક નિર્ણય પરત ખેંચી છૂટા કરાયેલ કર્મચારીઓને નોકરીમાં પરત લેવાની માંગ કરી હતી.

# સુત્રાપાડા: કારડીયા રાજપુત સેવા ટ્રસ્ટના સમૂહલગ્નમાં ૧૦ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા





## પૂર્વ કેબીનેટ મંત્રી જશાભાઈ બારડે દિપ પ્રાગટ્ય કરી યુગલોને આશીર્વાદ આપ્યાં

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા શહેરમાં કારડિયા રાજપુત સમાજના ૧૪ મો સમુહ લગ્ન કાર્યક્રમ વંસત પંચમીના પવિત્ર દિવસે સમૂહ લગ્નનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું તેમજ દિપ પ્રાગટય અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ અને ગુજરાત રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ હસ્ત કરવામાં આવ્યું હતું તેમજ નવદંપતિને આર્શીવાદ પાઠવીયા હતા. ૧૦ નવયુગલો લગ્ન ગ્રંથી થી જોડાયા હતા.

સમુહ લગ્ન પ્રત્યે જાગૃતી અને કુરીવાજોને દુર કરવા તેમજ સમુહ લગ્ન થકી સમાજમાં બિન જરૂરી ખર્ચ, સમય અને શકિતનો વ્યય થતો. અટકે છે. સમુહ લગ્ન કાર્યક્રમમાં સુત્રાપાડાના કારડિયા રાજપુત સમાજના અગ્રણીયો હાજર રહીયા હતા. તેમજ કારડિયા રાજપુત સમાજના વડીલો તેમજ યુવકો આ સમુહ લગ્નોત્સવમાં જોડાયેલા ક્રાંતિકારી હકારાત્મક અને સ્મિત ભર્યા નિર્ણયને બિરદાવવા જ્ઞાતિ જનોને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજી: આરએસએસના સ્વ.મનોજ પારેખની સ્મૃતિરૂપે વ્યાખ્યાન માળા યોજાઈ

## ભારતમાં ભારતની અવધારણા વિષયે ડો.મનમોહન વૈદ્યએ વકતવ્ય આપ્યું

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વ.મનોજભાઈ પારેખની સ્મૃતિમાં વ્યાખ્યાનમાળા યોજવામાં આવી હતી.જેમાં રાજકોટ નાગરિક સહકારી બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠક, બોર્ડ ઓફ ડીરેકટર જીતુભાઈ ભીંડી વિજયભાઈ રાબડીયા, સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. વ્યાખ્યાન માળાના આ છઠ્ઠા મણકામાં મંત્રમુગ્ધ વકતવ્ય સમાજ સેવી સંસ્થાના પદાધિકારીઓએ માણ્યું હતું.વ્યાખ્યાન માળામાં ૪૩૫ ભાઈઓ અને ૮૬ બહેનોએ હાજરી આપી હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શિશુ કાળથી સ્વયંસેવક અને ધોરાજીની અનેક નાની મોટી સંસ્થાના



સ્થાપક અને માર્ગદર્શક એવા સ્વ. મનોજભાઈ પારેખની ય સ્મૃતિમાં દર વર્ષે તેમના પરિવાર દ્વારા વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવતું હોય છે અને તેમાં વિવિધ વકતાઓ દ્વારા રાષ્ટ્ર નિર્માણનું માર્ગદર્શન આપવામાં આવે છે, જે શૃંખલા હેઠળ ડોક્ટર મનમોહન વૈદ્યનું વક્તવ્ય આદર્શ એજ્યુકેશન સોસાયટી ખાતે થયું હતું. ડોકટર મનમોહનજી વૈદ્ય ન્યુકિલયર કેમેસ્ટ્રીમાં ડોકટરેટ કરી અને બે વર્ષ સુધી પ્રોફેસર તરીકે સેવાઓ આપેલ ત્યારબાદ ૧૯૮૩ થી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક તરીકે કાર્યરત છે. તેઓ એ દુનિયાના ૧૪ દેશોમાં રાષ્ટ્રીય સ્વયં સંવર્ગ સંઘનું કામ કરેલું છે. જેમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, વિગેરે વિકસિત દેશોનો પણ સમાવેશ થાય છે. વૈદ્ય એ ભારતમાં ભારતની અવધારણા વિષય ઉપર પોતાનું વક્તવ્ય આપેલું. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન ડોક્ટર દીપલભાઈ સુતરીયાએ કરેલ અને આભાર વિધિ શ્રીમતી વિરલબેન પારેખ એ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે આદર્શ એજ્યુકેશન પરિવારના તમામ શિક્ષકોએ જહેમત ઉઠાવેલી.

# રાજકોટ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી મનીષ ચાંગેલાનો કાલે જન્મદિવસ

પોતાની આગવી કોઠાસૂઝ ધૈર્ય અને કટીબધ્ધતા તેમજ પાટીદાર સમાજના વડીલો અને ભાજપના વરિષ્ઠ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ સંગઠનની અભૂતપૂર્વ કુનેહ સિધ્ધહસ્ત કરનારા રાજકોટ જીલ્લા ભાજપનો પૂર્વ મહામંત્રી મનિષભાઈ ચાંગેલાનો આવતીકાલે જન્મદિવસ છે. ૫૬ વર્ષ પૂર્ણ કરી ૫૭ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. યુવાવસ્થામાં ડગ માંડવાની સાથોસાથ પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે સતત કતૃત્વની રાહ પર ચાલવા માટે સંકલ્પ કરનારા મનિષભાઈ ચાંગેલા એ સાડા ત્રણ દાયકાની સમાજ અને જાહેરજીવનમાં આપેલી સમર્પિત સેવાને કારણે આજે તેઓ સમગ્ર પાટીદાર સમાજ અને ભારતીય જનતા પક્ષ વચ્ચેની અતૂટ ધરી બની ચુક્યા છે. ભાજપ સંગઠનમાં વિભિન્ન ઉત્તરદાયિત્વને તેમણે સફળતાથી સંભાળ્યા છે. રાજકોટ જીલ્લા ભાજપના મીડિયા ઈન્ચાર્જ ધોરાજી ઉપલેટા બેઠકના ચૂંટણી ના ઈન્ચાર્જ ઉપલેટા શહેર તાલુકાના પ્રભારી ધોરાજી-ઉપલેટા ધારાસભા મતવિસ્તારમાં સંગઠનાત્મક જવાબદારી રાજકોટ જીલ્લા ભાજપના કોષાધ્યક્ષ ગુજરાત પ્રદેશ ભાજપ મીડિયા સેલના સદસ્ય જસદણ વિંછીયા અને મોરબી માળિયા વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં સમર્પિત સક્રિયતા સાથે તેમણે કરેલી કામગીરીની નોંધ 'ભાજપના મોવડીમંડળે હંમેશા લીધી છે. તેઓ પાટીદાર સમાજ અને ભાજપ તેમના જન્મદિન નિમિતે મો.નં. ૯૮૨૫૨ ૯૫૧૩૩ પર શુભેચ્છા વરસી રહી છે.



વિસાવદર શ્યામ યુવક મંડળ દ્વારા

# સતાધારધામના સંત શામજીબાપુની ૪૩મી પૂણ્યતિથી મંગળવારે ભાવભેર ઉજવાશે

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**



ઓલીયાનો અવતાર એવા શામજીબાપુની ૪૩મી પૂણ્યતિથિ તા.૨૭ને મંગળવારે ભાવભેર ઉજવાશે

શામજીબાપુની ૪૩મી પાવન પૂણ્યતિથિની ઉજવણીની તડામાર તૈયારી વિસાવદર શ્યામ યુવક મંડળ આયોજન કરી રહેલ છે. જેમાં સવારે પૂજનવિધી શામજીબાપુની તસ્વીર સાથે શણગારેલા વાહનોમાં શહેરમાં શોભાયાત્રા નીકળશે શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી શ્યામ વાડી ખાતે પરત ફરશે બાદ ભોજન પ્રસાદનું આયોજન હોય તમામ ગુર્જર ક્ષત્રીય કડીયા સમાજ તેમજ સેવક ગણોને ઉપસ્થિત રહીને આ પ્રસંગને દિપાવશે તેમજ શ્યામ યુવક મંડળના પ્રમુખ દ્વારા જણાવેલ કે હાલ સતાધારના મહંત વિજયબાપુ તેમજ આજુબાજુના આશ્રમના સંતો મહંતો ઉપસ્થિત રહેશે. આ ૪૩મી પૂણ્યતિથિને હરઉલ્લાસથી ઉજવવા અને સફળ બનાવવા શ્યામ યુવક મંડળ તેમજ ગુર્જર ક્ષત્રીય કડીયા સમાજ તેમજ સેવક ગણ જહેમત ઉઠાવી રહેલ છે.

# સુત્રાપાડા: વસંતપંચમી નિમિતે એનકેડીવી સ્કુલમાં સરસ્વતી પૂજન સાથે હોમ હવન



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

એન કે ડી વી પબ્લિક સ્કૂલ સિદ્ધિગ્રામ ખાતે દર વર્ષની જેમ વસંત પંચમી નિમિત્તે સરસ્વતી માતાનીહવન પૂજા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી. આ આયોજન સ્કૂલના સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. આ હવનમાં વિદ્યાર્થીઓ, સ્કૂલના સ્ટાફ, પ્રિન્સિપલ અરોરા , તુષારભાઈ ઝાલા, અભયભાઈ ઝાલા, સુનિલભાઈ બામણીયા સહિતના વગેરે સ્ટાફ જોડાયા હતા. આ પ્રસંગે સ્કૂલના પ્રિન્સિપલ અરોરા જણાવ્યું હતું કે, ''આ હવન પૂજા વિદ્યાર્થીઓ પ્રગતિ કલ્યાણ માટે કરવામાં આવી છે. અમે આજના દિવસે વિશ્વના તમામ લોકોને વસંત પંચમી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.'' આ હવન પૂજા સફળતાપૂર્વક પૂર્ણ થઈ.

# ઉપલેટાનાં હોમગાર્ડ જવાન સંજય બારૈયાની મુખ્યમંત્રી ચંદ્રક માટે પસંદગી

## ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઈ પાડલીયા સહિતના અગ્રણીઓ શુભેચ્છા પાઠવી

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



ઉપલેટા શહેરમાં હોમગાર્ડ સેકશન લીડર તરીકે ફરજ બજાવતા સંજય બારૈયાને મુખ્યમંત્રી ચંદ્રક માટે ગુજરાત સરકાર દ્વારા ગત સાંજે ૧૭ નામોની જાહેરાત કરાઈ તેમાં સમાવેશ થતા રાજકોટ જિલ્લામાંથી એકમાત્ર નામની પ્રસંદગી થતા રાજકોટ જિલ્લા અને ઉપલેટાનું ગૌરવ વધ્ય છે. ધારાસભ્ય સહિતનાઓ શુભેચ્છા પાઠવી હતી.

ગુજરાત રાજય સરકાર દ્વારા ગઈકાલે સાંજે હોમગાર્ડ જવાનો માટે મુખ્યમંત્રી ચંદ્રકના ૧૭ નામોની સતાવાર જાહેરાત કરાઈ છે.તેમાં ઉપલેટાના હોમગાર્ડ સેકશન લીડર તરીખે ફરજ બજાવતા સંજયભાઈ જેઠાભાઈ બારૈયાની મુખ્યમંત્રી ચંદ્રક તરીકે પસંદગી કરાઈ છે. રાજકોટ જિલ્લામાંથી એકમાત્ર નામની પસંદગી થતા ઉપલેટા શહેરનું ગૌરવ વધ્યું છે. સંજય બારૈયાએ ઉપલેટા શહેરનું નામ ગુજરાત લેવલે વધારતા ઉપલેટા-ધોરાજીના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા ઉપલેટા હોમગાર્ડ કમાન્ડીંગ ચેતનભાઈ વ્યાસ નગરપાલીકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઈ નંદાણીયા, શિક્ષણ સમિતિના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, વાઈસ ચેરમેન ચંદ્રપાલસિંહ જાડેજા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ ભરતભાઈ રાણપરીયા, પૂર્વ નગરપતિ દાનભાઈ ચંદ્રવાડીયા, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ, ક્ષત્રીય સમાજના પ્રમુખ હરપાલભાઈ જાડેજા માનવ સેવા ટ્રસ્ટના લાલજીભાઈ રાઠોડ, ચેમ્બરના પ્રમુખ રમેશભાઈ પાનેરા, કટલેરી બજાર એશો.ના પ્રમુખ નાથાભાઈ ચંદ્રવાડીયા, લઘુમતી સમાજના અગ્રણી હારૂનભાઈ માલવીયા ભારતવિકાસ પરિષદના વિઠલભાઈ સોજીત્રા નગરસેવક દિપકભાઈ સુવા, અશ્વીનભાઈ લાડાણી, અજયભાઈ જાગાણી, નિમિત પાનસરા, જગદીશભાઈ વિરમગામા, ઉદ્યોગપતિ, ધરણાંતભાઈ સુવા, હસુભાઈ કંટારીયા, મુકેશભાઈ ગજજર, સહિત વિવિધ સામાજીક ધાર્મિક સંસ્થાના હોદેદારોએ શુભેચ્છા પાઠવી હતી.

# ભાયાવદરમાં પીએમ સ્વનીધીના લાભાર્થીઓને ચેક વિતરણ

## શેરી ફેરિયાઓને ક્રેડિટ કાર્ડ સુવિધા અને ઉપયોગીતા અંગે માર્ગદર્શન અપાયું





**અબતક, હાર્દિક રાવલ, ભાયાવદર**

ભાયાવદર નગરપાલિકા ચીફ ઓફિસરના અધ્યક્ષ સ્થાને પીએમ સ્વનીધી યોજના કાર્યક્રમ વડાપ્રધાનના અધ્યક્ષ સ્થાને પીએમ સ્વનીધી યોજનાનો કાર્યક્રમ તીરુવનંતપુરમ, કેરળ ખાતે યોજવામાં આવેલ. જેના અનુંસંધાને ભાયાવદર નગરપાલિકા -કચેરી ખાતે પીએમ સ્વનીધી યોજના અંતર્ગત લાભાર્થીઓને ચેક વિતરણ કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં નગરપાલિકા કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં શેરી ફેરિયાઓ હાજર રહેલ જેમાં ૧૫ લાભાર્થીઓને સેન્શન લેટરવિતરણ કરવામાં આવેલ. તેમજ ભાયાવદરની જુદી-જુદી બેંકો દ્વારા લગભગ ૫૦ લાભાર્થીઓની લોન અરજીઓ ડીસાબર્સ કરવામાં આવેલ.

વધુમાં હાજર રહેલ શેરી ફેરિયાંઓને ક્રેડિટ કાર્ડ ની સુવિધાઓ અને ઉપયોગીતા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

# ઉપલેટા: નગરપાલિકા દ્વારા પ્રજાસતાક પર્વની ઉજવાશે: પ્રમુખ વર્ષાબેન ગજેરા સલામી આપશે

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**



સોમવારે ૨૬મી જાન્યુઆરીની ઉજવણી અંતર્ગત નગરપાલીકા દ્વારા ધ્વજ વંદનનું આયોજન સવારે નવ વાગે કરવામાં આવેલ છે જેમાં પાલીકા પ્રમુખના હસ્તે ધ્વજ વંદન કરાશે

શહેરના બાવલા ચોકમાં આવેલ વિવિધ લક્ષી વિનય મંદિરના ગ્રાઉન્ડમાં સવારે નવ વાગે નગરપાલીકા દ્વારા ધ્વજ વંદન કરવામાં આવશે જેમાં પાલીકા પ્રમુખ વર્ષાબેન ગજેરાના હસ્તે ત્રિરંગો લહેરાવી સલામી આપવામાં આવશે. આ તકે શહેરની વિવિધ શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમો રાખવામાં આવેલ છે. અને શહેરનું ગૌરવ વધારતા વિવિધ સંસ્થાઓ ઉચ્ચ પદવીહાંસલ કરનારા વિદ્યાર્થીઓ, કર્મચારીઓને મોમેન્ટો આપી બહુમાન કરવામાં આવશે. તેમજ વૃક્ષારોપણનું આયોજન કરવામાં આયોજન છે તો આ કાર્યક્રમમાં વેપારીઓ શહેરીજનો તેમજ વિવિધ રાજકીય સામાજીક સંસ્થાના હોદેદારોની ઉપસ્થિત રહેવા નગરપાલીકાના ચીફ ઓફીસર ડો.ઉદય નસીતે અખબારી યાદીમાં જણાવેલ છે.

# નેશનલ સ્કૂલ ગેમ્સમાં જૂનાગઢના પર્વ સોલંકીની ઝળહળતી સફળતા: સાયકલિંગમાં રાજ્યનું કર્યું પ્રતિનિધિત્વ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

રાંચી ખાતે યોજાયેલી ૬૯ મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં જૂનાગઢની પ્રેમાનંદ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના વિદ્યાર્થી પર્વ પિયુષભાઈ સોલંકીએ ઝળહળતી સફળતા મેળવી છે. પર્વે અંડર-૧૭ ટ્રેક સાયકલિંગની ૨ કિમીની સ્પર્ધા માત્ર ૩ મિનિટ ૫૧ સેકન્ડમાં પૂર્ણ કરી કવોલિફાય રાઉન્ડમાં પ્રવેશ મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. પર્વની આ રમતગમત ક્ષેત્રની સિદ્ધિ બદલ મુકતાનંદજી બાપુ, ગિજુભાઈ ભરાડ અને ડાયરેકટર ડો. માતંગ પુરોહિત સહિતના મહાનુભાવોએ તેને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યો હતો.

# એક શામ શહીદો કે નામ... ગોંડલમાં કાલે દેશભક્તિ ગીતોનો ભવ્ય કાર્યક્રમ

## નગરપાલિકા અને પત્રકાર સંઘના સંયુક્ત ઉપક્રમે દેશભક્તિ ગીતો થકી ગોંડલવાસીઓ રાષ્ટ્રપ્રેમના રંગે રંગાશે

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ નવનિયુક્ત પત્રકાર સંઘ તથા ગોંડલ નગરપાલિકા સંયુક્ત ઉપક્રમે આયોજીત દેશ ભક્તિ ગીતો 'એક શામ શહીદો કે નામ' કાર્યક્રમ કાલે રાત્રીના ૮:૩૦ કલાકે ગોંડલ કોલેજ ચોક ભગવતસિંહજી ગાર્ડન ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ગોંડલ પત્રકાર સંઘના પ્રમુખ વિશ્વાસ ભોજાણી, ઉપપ્રમુખ ગૌરાંગ મહેતા, મહામંત્રી આશિષ વ્યાસ સહિતના હોદ્દેદારોએ કાલે ૮:૩૦ વાગ્યે ભગવતસિંહજી ગાર્ડન ખાતે લાભ લેવા ગોંડલ શહેર તેમજ તાલુકાની દેશપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે.

રાજકોટના પ્રખ્યાત ઓરકેસ્ટ્રા અને સંગીતકારો ડી.જે. બેસ્ટ (ચેતન રૈયાણી)ના સથવારે દેશભકિતના ગીતો રજૂ કરવામાં આવશે. કાર્યક્રમના પ્રોજેક્ટ ચેરમેન હરેશભાઈ ગણોદીયાના બહોળા અનુભવ થકી કાર્યક્રમને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ગોંડલ નગરપાલિકા તથા અન્ય સંસ્થાઓનાં સહયોગથી તેમજ રાજકીય અગ્રણીઓના સાથ સહકારથી ગોંડલ પત્રકાર સંઘના રાજુભાઈ ટોળીયા, સંકેત બરવાડીયા, નરેન્દ્ર પટેલ, ક્રિશ પટેલ, સાગર કાચા, ધ્રુવભાઈ કાછડીયા, પૃથ્વીસિંહ જાડેજા, જયેશ ભોજાણી, પીન્ટુ ભોજાણી, ભાવેશ ભોજાણી, બાદલ બેલીમ, જયમીન જયસ્વાલ, ચિરાગ ચાંગેલા, આશિષ ગઢવી, માનવ ભોજાણી, સીરાજ નકાણી, આમદભાઈ ચૌહાણ, નરેશભાઈ શેખલીયા સહિતના હોદ્દેદારોએ જાહેર આમંત્રણ પાઠવી સાથે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

શું ટી-૨૦ વર્લ્ડકપ પહેલા સેમસનની જગ્યાએ અન્ય વિકેટકીપરને આજમાવાશે?

# સૂર્યાનું કમબેક-ઈશાનની આંધીએ ન્યુઝીલેન્ડને જબરદસ્ત હાર અપાવી

## ભારતીય ટીમે બીજી ટી૨૦ મેચ ૨૮ બોલ બાકી રહેતા જીતી લીધી: ભારતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ઈતિહાસમાં ૨૦૦થી વધુ રનના લક્ષ્યનો સૌથી ઝડપી પીછો કરવાનો રેકોર્ડ બનાવ્યો




**અબતક, રાજકોટ**

રાયપુરમાં બીજી ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં સૂર્યકુમાર યાદવ અને ઈશાન કિશનની આંધીમાં ન્યૂઝીલેન્ડ ફંગોળાયું હતું. સૂર્યકુમારે ૮૨ રનની અણનમ ઈનિંગ્સ તથા મેન ઓફ ધ મેચ ઈશાનના ૩૨ બોલમાં ઝંઝાવાતી ૭૬ રનના મદદથી ભારતે ન્યૂઝીલેન્ડ સામે બીજી ટી૨૦ મેચમાં સાત વિકેટથી ઐતિહાસિક વિજય મેળવ્યો હતો. ન્યૂઝીલેન્ડનો ૨૦૯ રનનો ટારગેટ ભારતે ૧૫.૨ ઓવરમાં જ પાર કરીને ટી૨૦ ઈન્ટરનેશનલમાં સૌથી ઝડપી ૨૦૦ પ્લસ રનનો લક્ષ્યાંક વટાવવાનો કિર્તિમાન સ્થાપ્યો હતો. અગાઉ પાકિસ્તાને ૨૦૨૫માં ન્યૂઝીલેન્ડ સામે જ ૧૬ ઓવરમાં ૨૦૫ રનનો ટારગેટ ચેઝ કર્યો હતો. ટી૨૦ વર્લ્ડ કપના વર્ષમાં ભારતીય ટીમના શાનદાર દેખાવને પગલે ભારત ટી૨૦ વર્લ્ડ કપ ચેમ્પિયનનું ટાઈટલ સતત જાળવી રાખે તેવી સંભાવના ઉજળી બની છે. ન્યૂઝીલેન્ડ સામે ૨૮ બોલ બાકી રાખીને મેળવેલી જીત સાથે ભારતે વિજયરથને આગળ ધપાવ્યો હતો અને શ્રેણીમાં ૨-૦થી સરસાઈ પ્રાપ્ત કરી હતી. સિરીઝની ત્રીજી ટી૨૦ મેચ ૨૫ જાન્યુઆરીને રવિવારે ગુવાહાટીમાં રમાશે. ભારતની શરૂઆત કંગાળ રહી હતી અને સંજૂ સેમસન (૬) તથા અભિષેક (૦૦)ની ઝડપી વિકેટ ગુમાવી હતી. ઈશાન કિશન ત્રીજા ક્રમે બેટિંગ કરવા ઉતર્યો હતો અને તેણે ૨૧ બોલમાં અડધી સદી ફટકારતા ૩૨ બોલમાં ૭૬ રનની તોફાની ઈનિંગ્સ રમી હતી જેમાં ૧૧ ચોગ્ગા અને ચાર છગ્ગાનો સમાવેશ થયો હતો. સૂર્યકુમાર યાદવે પણ પોતાની લય મેળવતા ૩૭ બોલમાં નવ ચોગ્ગા અને ચાર છગ્ગા સાથે ૮૨ રન કરીને નોટ આઉટ રહ્યો હતો. બન્ને વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૨૨ રનની મજબૂત ભાગીદારી થઈ હતી. ઈશાન કિશન સોઢીના બોલ પર શોટ ફટકારવા જતા શોર્ટ લેગ પર હેનરીના હાથે કેચઆઉટ થયો હતો અને ભારતની ત્રીજી વિકેટનું પતન થયું હતું. એક તબક્કે ૨૦૦થી વધુ રનનો ટારગેટ મુશ્કેલ જણાતો હતો પરંતુ ઈશાનની આતશબાજીને પગલે જીત સરળ બની ગઈ હતી. શિવમ દુબે ૧૮ બોલમાં એક ચોગ્ગો અને ત્રણ છગ્ગા સાથે ૩૬ રન કરીને અણનમ રહ્યો હતો. કિવિઝ તરફથી મેટ હેનરી, જેકોબ ડફી અને ઈશ સોઢીએ એક વિકેટ મેળવી હતી. ભારતને બીજી બેટિંગ કરતા ભેજનો ફાયદો થયો હતો. છત્તીસગઢના રાયપુર સ્થિત સ્ટેડિયમમાં ભારે ઝાકળને લીધે કિવિઝ બોલર લાચાર જણાતા હતા. ન્યૂઝીલેન્ડના બોલર ઝેક ફોક્સે ત્રણ ઓવરમાં ૨૨.૩૩ની એવરેજથી ૬૭ રન આપ્યા હતા. ટી૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આ સૌથી મોંઘો ત્રણ ઓવરનો સ્પેલ રહ્યો હતો. ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ લીધી હતી. ન્યૂઝીલેન્ડે સકારાત્મક પ્રારંભ બાદ ૪૩ રનના સ્કોર પર જ કોનવે (૧૯) તથા સાઈફર્ટ (૨૪) બન્ને ઓપનર્સ ગુમાવ્યા હતા. રચિન રવીન્દ્રએ ૨૬ બોલમાં ૪૪ રન ફટકાર્યા હતા જેમાં બે ચોગ્ગા અને ચાર છગ્ગા હતા. ગ્લેન ફિલિપ્સ ૧૯ રન કરી આઉટ થયો હતો. કુલદીપ યાદવે બન્ને સેટ બેટ્સમેનની વિકેટ ઝડપી હતી. ડેરિલ મિચેલ (૧૮) અને માર્ક ચેપમેન (૧૦) આઉટ થતા કિવિઝના ૧૬૧ રનમાં છ વિકેટનું પતન થયું હતું. કેપ્ટન સેંટનર ૨૭ બોલમાં છ ચોગ્ગા અને એક છગ્ગા સાથે અણનમ ૪૭ રન કરીને ટીમને સન્માનજનક સ્કોર સુધી લઈ ગયો હતો.

### ન્યૂઝીલેન્ડના દિગ્ગજ બોલરો ટપો પાડતા ભૂલી ગયા!

ન્યૂઝીલેન્ડના બોલરોની પરફોર્મન્સ ખુબ જ નબળી રહી. ભારતીય બેટ્સમેનોએ તેમને બરાબર પીટ્યા. ઈશ સોઢી જેવા સ્પિનરને પણ ૩૪ રનમાં માત્ર ૧ વિકેટ મળી, અને બાકીના બોલરો પર રન વરસ્યા. ભારતે માત્ર ૧૫.૨ ઓવરમાં ટાર્ગેટ પૂરો કરી દીધો, એટલે કહી શકાય કે કીવીઝ બોલર્સ પર ભારતીય બેટ્સમેનોએ પૂરી ધમાલ મચાવી દીધી!સિરીઝ હવે ૨-૦થી ભારતની તરફેણમાં છે. ત્રીજી મેચમાં કીવીઝ પાસે વાપસીની તક છે, પણ બોલર્સે ઘણું સુધારવું પડશે.

### હું કરી શકું છું કે નહિ તેનો જવાબ મળી ગયો: ઈશાન કિશન




ઈશાન કિશને માત્ર ૩૨ બોલમાં ૭૬ રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી, જેમાં તેમણે ૨૧ બોલમાં જ અડધી સદી ફટકારી હતી. તેમની આ ઈનિંગને કારણે તેઓ પ્લેયર ઑફ ધ મેચ પસંદ થયા હતા. આ મેચ ઈશાન કિશન માટે ખાસ હતી કારણ કે લગભગ બે વર્ષ પછી ટીમ ઈન્ડિયામાં વાપસી રહ્યા હતા અને તેમણે પોતાની ક્ષમતાનો પરિચય કરાવ્યો હતો.મેચ પછીના ઈન્ટરવ્યુ અને પ્રેઝન્ટેશનમાં ઈશાન કિશને પોતાના મનની વાત ખુલ્લેઆમ કરી હતી. તેમણે કહ્યું કે ટીમમાંથી બહાર રહ્યા દરમિયાન મેં પોતાને એક જ સવાલ પૂછ્યો હતો - શું હું ફરીથી આ કરી શકું છું કે નહીં? અને મને તેનો ખૂબ જ સ્પષ્ટ જવાબ મળ્યો. મને ખાતરી હતી કે હ ઈનિંગને આગળ વધારી શકું છું અને સારા શોટ રમી શકું છું. પરંતુ મારે ક્યાંક રન બનાવવાની જરૂર હતી જેથી મારા સવાલોના જવાબ મળે. ઘણી વખત પોતાના માટે રન બનાવવા જરૂરી છે, જેથી તમે પોતાના બેટિંગ વિશેના પ્રશ્નોના જવાબ આપી શકો અને ભારત માટે રમવા લાયક છો કે નહીં એ જાણી શકો. તેથી જ ઘરેલુ ક્રિકેટ રમવું મારા માટે મહત્વનું હતું અને રન બનાવવા માટે. સારી વાત એ હતી કે અમે ટ્રોફી પણ જીતી અને તેનો વિશ્વાસ અહીં લાવ્યો. તેથી આ મારા માટે ખૂબ સારો દિવસ હતો.

### ટી-૨૦ વોર્લ્ડકપમાં ભારતની સંભવિત ટીમ

અભિષેક શર્મા, ઈશાન કિશાન, તિલક વર્મા, સુર્યકુમાર, શ્રેયસ અય્યર, રિંકુ સિંહ, હાર્દિક પંડ્યા,શિવમ ડૂબે, વરૂણ ચક્રવતી, અક્ષર અથવા કુલદીપ, બુમરાહ અથવા હર્ષિત રાણા અને અર્શદીપ સિંહ

### હાર્દિક પંડ્યાએ કોહલીને પાછળ છોડ્યો

ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ એક નવો રેકોર્ડ બનાવ્યો છે. ન્યુઝીલેન્ડ સામેની ટી૨૦ સિરીઝમાં તેમણે ભારતીય આંતરરાષ્ટ્રીય મેચોમાં સૌથી વધુ રમનારા ખેલાડીઓની યાદીમાં વિરાટ કોહલીને પાછળ છોડી દીધા છે. હાર્દિક પોતાની ૧૨૬મી ટી૨૦ મેચ રમીને આ માઈલસ્ટોન હાંસલ કર્યો છે.વિરાટ કોહલીએ ટી૨૦ આંતરરાષ્ટ્રીય કરિયરના અંતે ૧૨૫ મેચો રમી હતી. હાર્દિક પંડ્યા હવે ભારતીય પુરુષ ટીમ માટે ટી૨૦ સૌથી વધુ મેચ રમનારા ખેલાડીઓમાં બીજા નંબરે પહોંચી ગયા છે. આ યાદીમાં પ્રથમ સ્થાને છે રોહિત શર્મા, જેમણે ટી૨૦માંથી નિવૃત્તિ લીધા પહેલાં ૧૫૯ મેચો રમી હતી.

# પાક.ના રવાડે ચડેલું બાંગ્લાદેશ ''ભીખુ'' થઈ જશે?

## જો આઈસીસી દ્વારા બાંગ્લાદેશ બોર્ડ પર પ્રતિબંધ લગાવવામાં આવે, તો બાંગ્લાદેશમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સંપૂર્ણપણે બંધ થઈ શકે: બાંગ્લાદેશની ટીમ અને તેમના ખેલાડીઓની રેન્કિંગ પર ગંભીર અસર થશે

**અબતક, રાજકોટ**

૨૦૨૬નો ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થવામાં હવે થોડા જ દિવસો બાકી છે. જોકે, બાંગ્લાદેશ ક્રિકેટની જીદથી મોટો વિવાદ ઉભો થયો છે. ભારત અને શ્રીલંકાના સંયુકત યજમાનીમાં ૭ ફેબ્રુઆરીથી શરૂ થનારી આ ટુર્નામેન્ટમાં બાંગ્લાદેશની ભાગીદારી શંકાસ્પદ છે. તેની ચારેય ગ્રુપ સ્ટેજ મેચ ભારતમાં રમવાની છે, પરંતુ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે ભારતમાં રમવાનો ઈનકાર કર્યો છે. આ જીદ તેમને ટુર્નામેન્ટમાંથી ગેરલાયક ઠેરવવાની ધમકી આપે છે.બીસીબીના પ્રમુખ અમીનુલ ઈસ્લામે ગુરુવારે પોતાનો અંતિમ નિર્ણય જાહેર કરતા કહ્યુ કે, અમે અમારી યોજના સાથે આઈસીસી પાસે પાછા ફરીશું, જેમાં કહેવામાં આવ્યું છે કે અમે ભારતમાં નહીં, પણ શ્રીલંકામાં રમવા માંગીએ છીએ. તેમણે અમને ૨૪ કલાકનો અલ્ટીમેટમ આપ્યો હતો, પરંતુ કોઈ પણ વૈશ્વિક સંસ્થા ખરેખર તે કરી શકતી નથી. આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ જોનારા ૨૦ કરોડ દર્શકોને ગુમાવશે. આ તેમનું નુકસાન હશે. આઈસીસી શ્રીલંકાને સંયુકત યજમાન ગણાવી રહી છે, ભલે તેઓ નથી. આ એક હાઈબ્રિડ મોડલ છે. મેં આઈસીસીની બેઠકમા જે સાંભળ્યું તે આઘાતજનક હતું.

આ દરમિયાન આઈસીસીએ બાંગ્લાદેશને બાકાત રાખવા પર પહેલાથી જ મતદાન કર્યું છે. જો બાંગ્લાદેશ જિદ કરશે તો તેમને ટુર્નામેન્ટમાંથી હાંકી કાઢવામાં આવશે અને સ્કોટલેન્ડને સ્થાન આપવામાં આવશે. આઈસીસી પણ તેના નિર્ણયથી પાછળ હટવાનું નથી. જોકે, આઈસીસીના અંતિમ નિવેદનની હજુ રાહ જોવાઈ રહી છે. આ વિવાદ વચ્ચે આઈસીસી પણ બાંગ્લાદેશની માંગણીઓ સામે ઝૂકવાના મૂડમાં નથી, જેના પરિણામે બાંગ્લાદેશને ટી૨૦ વર્લ્ડ કપમાંથી હાંકી કાઢવામાં આવી શકે છે.




### બાંગ્લાદેશને નોંધપાત્ર નુકસાન થઈ શકે છે

જોકે, બાંગ્લાદેશનું બળવાખોર પગલું ફક્ત વર્લ્ડ કપમાંથી બહાર થવા સુધી મર્યાદિત ન હોઈ શકે. તેમને આંતરરાષ્ટ્રીય ક્રિકેટની ટોચની સંસ્થા તરફથી ગંભીર પરિણામો, દંડ અને પ્રતિબંધોનો પણ સામનો કરવો પડી શકે છે.આઈસીસી નિયમો અનુસાર, ટુર્નામેન્ટમાંથી ખસી જવાથી નાણાકીય, સ્પર્ધાત્મક અને રાજદ્વારી દંડની શ્રેણી શરૂ થાય છે.

### ૧૯૯૬ના વર્લ્ડ કપમાં શું થયું?

૧૯૯૬ના વન-ડે વર્લ્ડ કપ દરમિયાન ભારત, પાકિસ્તાન અને શ્રીલંકા ત્રણ યજમાન હતા. ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડિઝને પણ દંડનો સામનો કરવો પડ્યો જ્યારે તેઓએ શ્રીલંકા સામે શ્રીલંકા સામે તેમની ગ્રુપ મેચ શ્રીલંકા સામે રમવાનો ઈનકાર કર્યો. બંને ટીમોએ પોઈન્ટ ગુમાવ્યા હતા. શ્રીલંકાને બંને મેચનો વિજેતા જાહેર કરવામાં આવ્યો હતો. વધુમાં બંને ટીમોને મેચોમાં ભાગ ન લેવા બદલ દંડ ફટકારવામાં આવ્યો હતો. શ્રીલંકાએ તે વર્લ્ડ કપ જીત્યો હતો.

હાય રે કળિયુગ

# ૧ થી ૫૦ અંક લખવામાં નિષ્ફળ ગયેલી બાળકીને પિતાએ પટકી પટકી મારીને મોતને ઘાટ ઉતારી

## દીકરીને ગંભીર ઈજા થતા પિતા તેને હોસ્પિટલ લઈ ગયો અને પત્ની તથા ડોકટરોને ખોટી વાર્તા કહી કે 'બાળકી સીડી પરથી પડી ગઈ

**અબતક, રાજકોટ**

આજના સમયમાં શિક્ષણ અને સ્પર્ધા એટલી હદે વધી ગઈ છે કે ક્યારેક તે માસૂમ બાળકો માટે જીવલેણ સાબિત થાય છે. ફરીદાબાદની આ ઘટના સમાજના માનસ પર એક ઊંડો ઘા સમાન છે. જે ઉંમરે બાળકના હાથમાં રમકડાં અને વાર્તાની ચોપડીઓ હોવી જોઈએ, તે ઉંમરે એક પિતાએ પોતાની જ પુત્રી પર ભણતર માટે લોખંડી હાથ ઉઠાવ્યો. માત્ર ૧ થી ૫૦ એકડા ન આવડવા જેવી સામાન્ય બાબત પર પિતાનું ધૈર્ય ખૂટી ગયું અને તેના પરિણામે એક સાડા ચાર વર્ષની વ્હાલસોયી દીકરીનો જીવ ગયો.

ફરીદાબાદમાં રહેતા ૩૧ વર્ષીય કૃષ્ણ જયસ્વાલે તેની માત્ર સાડા ચાર વર્ષની પુત્રી વંશિકાને એટલી ક્રૂરતાથી મારી કે માસૂમે જીવ ગુમાવ્યો. કારણ માત્ર એટલું જ હતું કે તે ૧ થી ૫૦ સુધીના અંક બરાબર લખી શકતી નહોતી. ભણાવતી વખતે દીકરી ભૂલ કરતી હોવાથી પિતાએ ગુસ્સામાં આવી તેને વેલણથી ફટકારી હતી અને જમીન પર પટકી દીધી હતી. દીકરીને ગંભીર ઈજા થતા પિતા તેને હોસ્પિટલ લઈ ગયો અને પત્ની તથા ડોકટરોને એવી ખોટી વાર્તા કહી કે 'બાળકી સીડી પરથી પડી ગઈ છે'. પત્ની રંજીતાને દીકરીના શરીર પર ઈજાના નિશાન જોઈ શંકા ગઈ. બાદમાં તેમના ૭ વર્ષના દીકરાએ, જેણે આ બધું નજરે જોયું હતું, તેની માતાને પિતાની કરતૂત વિશે સત્ય જણાવ્યું. માતાની ફરિયાદના આધારે ફરીદાબાદ પોલીસે કૃષ્ણ જયસ્વાલની ધરપકડ કરી છે. તેની સામે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આ પરિવાર ઉત્તર પ્રદેશથી અહીં મજૂરી કામ માટે આવ્યો હતો. માતા દિવસની શિફ્ટમાં કામ પર જતી હતી અને પિતા રાત્રે નોકરી કરતો હોવાથી દિવસે બાળકો પાસે ઘરે રહેતો હતો. અત્યારે પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે અને પિતા રિમાન્ડ પર છે.

# સાવધાન! ચાર દીવાલની વચ્ચે કરોડોનું સેન્થેટિક ડ્રગ્સ બનાવતી ફેક્ટરી ઝડપાઈ

## કરોડો રૂપિયાની કિંમતનું એમડીએમએ અને હેરોઈન ડ્રગ સાથે ૧ નાઈજિરિયન નાગરિકની ધરપકડ

**અબતક, રાજકોટ**

તમારા પડોશમાં રહેતો કોઈ માણસ શાંતિથી ડબ્બાઓ અને બોટલો સાથે શું કરી રહ્યો છે, તેની તમને કલ્પના પણ નહીં હોય! દક્ષિણ દિલ્હીના દેવલી વિસ્તારમાં એક સામાન્ય દેખાતા ઘરની અંદર મોતનો સામાન તૈયાર કરવાનું 'કેમિકલ રસોડું' ચાલતું હતું. દિલ્હી પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને એક નાઈજિરિયન નાગરિકની ધરપકડ કરી છે, જે કોઈ મોટો રસોઈયો નહીં પણ નશાના કાળા કારોબારનો 'કિંગપિન' નીકળ્યો. આ રસોડામાં દાળ-શાક નહીં, પણ કરોડો રૂપિયાની કિંમતનું એમડીએમએ અને હેરોઈન જેવું ઝેરી ડ્રગ્સ રાંધવામાં આવતું હતું.

આરોપીએ ઘરની અંદર જ એક નાનકડી ફેક્ટરી ઉભી કરી હતી. અહીં ૧૧૩ કિલો જેટલો કાચો માલ રાખવામાં આવ્યો હતો, જેમાં સફેદ પાવડર, દાણા જેવી વસ્તુઓ અને રહસ્યમય પ્રવાહી ભરેલા ડબ્બા હતા. આ બધું ભેગું કરીને, ચોક્કસ તાપમાને રાસાયણિક પ્રક્રિયા (કેમિકલ વોશિંગ) કરવામાં આવતી હતી. જે રીતે ખાંડની ચાસણી બનાવી સ્ફટિક બનાવાય, તેમ આ કેમિકલ્સને ઉકાળી અને શુદ્ધ કરી નશાના સ્ફટિકો (ક્રિસ્ટલ) તૈયાર કરવામાં આવતા હતા.

પોલીસને તપાસમાં જાણવા મળ્યું કે આ નશીલા પદાર્થો બનાવવાની રીત બહુ જોખમી હતી. ડ્રગ્સ બનાવનાર આ નાઈજિરિયન શખ્સ કેમિકલ એક્સપર્ટની જેમ કામ કરતો હતો. તે પ્રવાહી કેમિકલ્સને મોટા કન્ટેનરમાં ભેળવીને તેમાંથી હેરોઈન અને એમડીએમએ ખેંચી કાઢતો હતો. ગીચ વિસ્તારમાં રહેવા પાછળનું કારણ એ હતું કે કોઈને શંકા ન જાય કે એક સામાન્ય ઘરની અંદર આટલું મોટું ઈન્ટરનેશનલ ડ્રગ્સ રેકેટ ચાલી રહ્યું છે. જપ્ત કરાયેલા ૧૧૩ કિલો કાચા માલમાંથી તૈયાર થતા ડ્રગ્સની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડોમાં હોત.હાલમાં પોલીસે આરોપી પાસેથી અંદાજે એક કરોડની કિંમતનું તૈયાર હેરોઈન જપ્ત કર્યું છે અને બાકીના તમામ કેમિકલ્સ તપાસ માટે લેબમાં મોકલી આપ્યા છે. આ શખ્સ ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતો હતો અને આખી સપ્લાય ચેઈન ચલાવતો હતો. પોલીસ હવે એ શોધી રહી છે કે આ 'ઝેરની ફેક્ટરી' ચલાવવા માટે તેને કાચો માલ કોણ પૂરો પાડતું હતું અને આ ડ્રગ્સ દિલ્હીના ક્યા ક્યા વિસ્તારોમાં વેચાતું હતું. આ ઘટનાએ સાબિત કર્યું છે કે હવે ડ્રગ્સ બહારથી આવતું નથી, પણ ગલી-મહોલ્લાના ઘરોમાં જ બની રહ્યું છે, જે સમાજ માટે લાલબત્તી સમાન છે.

# ચાંદી પ્રથમવાર ૧૦૦ ડોલરની સપાટીએ આંવ્યું: સોનું ૫ હજાર ડોલર ઔંસને ટચ

## બંને કીમતી ધાતુના ભાવમાં સતત વધારો: અનેક પરિબળોના કારણે રોકાણકારો સલામત રોકાણ તરફ વળ્યાં

**અબતક, રાજકોટ**

વૈશ્વિક અનિશ્ચિતતાઓના કારણે વિશ્વભરના રોકાણકારો સલામત ગણાતા સોના અને ચાંદી તરફ વળ્યા છે.જેના કારણે બુલિયન બજાર તેજીના ટ્રેક પર મેટ્રો ટ્રેનની ગતિએ દોડી રહ્યું છે. શુક્રવારે પ્રથમવાર ચાંદી ૧૦૦ ડોલરની સપાટીએ પહોંચ્યુ હતું જ્યારે સોનાએ ૫ હજાર ડોલર ઔંસની સપાટી ટચ કરી હતી.

વૈશ્વિક ભૌગોલિક તણાવ અને આર્થિક અનિશ્ચિતતાના પગલે રોકાણકારો માટે 'સેફ હેવન' ગણાતી કિંમતી ધાતુઓના ભાવમાં આજે અભૂતપૂર્વ ઉછાળો જોવા મળ્યો છે. ઈતિહાસમાં પ્રથમ વખત સોનાના ભાવ ૫,૦૦૦ પ્રતિ ઔંસની સપાટીની અત્યંત નજીક પહોંચ્યા છે, જ્યારે ચાંદીના ભાવે ૧૦૦ પ્રતિ ઔંસનો ઐતિહાસિક સીમાચિહ્ન પાર કરીને બજારને ચોંકાવી દીધું છે.તેજીના મુખ્ય કારણો પર નજર કરવામાં આવે તો ભૌગોલિક તણાવ મુખ્ય છે.૨૦૨૬ની શરૂઆતથી ગ્રીનલેન્ડ મુદ્દે યુએસ અને નાટો વચ્ચે ઘર્ષણ વધી રહ્યું છે.વયુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વર્ષના બીજા ભાગમાં વ્યાજ દરમાં ઘટાડો કરવાની શક્યતા પણ જણાય રહી છે.ધાતુના શુદ્ધિકરણમાં પડકારો અને બજારમાં સતત માળખાકીય ખાધ જોવા મળી છે. સેન્ટ્રલ બેંકો દ્વારા સોનાની સતત ખરીદી અને ડોલર સિવાયના રોકાણ તરફ ઝુકાવ વધ્યો છે.સોનું સ્પોટ ગોલ્ડ ૦.૮% વધીને ૪,૯૭૬.૪૯ પર પહોંચ્યું છે, જેણે અગાઉ ૪,૯૮૮.૧૭નો ઓલ-ટાઈમ રેકોર્ડ બનાવ્યો હતો.ચાંદી સ્પોટ સિલ્વરમાં ૪.૫%નો તોતિંગ ઉછાળો જોવા મળ્યો છે, જે હાલ ૧૦૦.૪૯ પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહી છે. છેલ્લા એક વર્ષમાં ચાંદીમાં ૨૦૦% થી વધુ વળતર મળ્યું છે.પ્લેટિનમ પણ ૨,૭૪૯.૨ની નવી ઊંચાઈએ પહોંચ્યું છે, જ્યારે પેલેડિયમ ૪.૩% વધીને ૨,૦૦૨.૨૨ પર સ્થિર થયું છે.નિષ્ણાંતોના મંતવ્ય અનુસાર મેટલ્સ ફોકસના ડિરેક્ટર ફિલિપ ન્યુમેન અને સ્વતંત્ર વેપારી તાઈ વોંગના જણાવ્યા અનુસાર, અત્યંત અનિશ્ચિત આર્થિક અને રાજકીય સમયમાં સોનું રોકાણકારો માટે અનિવાર્ય બની ગયું છે. આ તેજી માત્ર ક્ષણિક ઉછાળો નથી, પરંતુ બદલાતા વૈશ્વિક આર્થિક પ્રવાહોનો સંકેત છે. લંડન બજારમાં ઓછી ભૌતિક પ્રવાહિતા અને ટેરિફ અંગેની ચિંતાઓને કારણે આગામી સમયમાં પણ તેજીનો ટ્રેન્ડ જળવાઈ રહે તેવી શક્યતા છે.

# દ્વારકા : વીકેન્ડ અને પ્રજાસત્તાક પર્વની રજાઓમાં ભક્તોના ઘોડાપુર

## શનિ-રવિ-સોમની ત્રણ દિવસની રજાઓમાં ભક્તિ અને પ્રવાસનો મહામેળો: હોટલ-બસ ટ્રેન પણ ફુલ



**અબતક, મહેન્દ્ર કક્કડ દ્વારકા**

વિશ્વવિખ્યાત યાત્રાધામ દ્વારકામાં આજેથી શરૂ થયેલી વીકેન્ડ તથા આવતીકાલે અને સોમવારે આવતી પ્રજાસત્તાક પર્વની રજાઓને કારણે ભાવિકો અને પ્રવાસીઓનું ભારે ઘોડાપુર ઉમટવાનું શરૂ થયું છે. શનિ-રવિ-સોમની સતત ત્રણ દિવસની રજાઓને પગલે દ્વારકા આવતી-જતી લગભગ તમામ ટ્રેનો હાઉસફુલ થઈ ગઈ છે.

રજાઓની શરૂઆત સાથે જ દ્વારકા પહોંચવા માટે ટ્રેનો, એસ.ટી. બસો તેમજ ખાનગી વાહનોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. શહેરની હોટલો, ધર્મશાળાઓ અને ગેસ્ટહાઉસોમાં પણ મોટા ભાગે બુકિંગ પૂર્ણ થઈ ચૂક્યા છે, જેના કારણે યાત્રાધામમાં વિશેષ ચહલપહલ જોવા મળી રહી છે.

આ અવસરે દ્વારકાધીશ મંદિરમાં ઠાકોરજીના વિશેષ મનોરથ દર્શન, ધ્વજા મનોરથ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. વહેલી સવારથી જ ભાવિકોની લાંબી કતારો મંદિર પરિસરમાં જોવા મળી રહી છે અને ભકિતભાવથી વાતાવરણ ગુંજતું બન્યું છે.

દ્વારકાધીશ મંદિર ઉપરાંત દર્શન સર્કિટના બેટ દ્વારકાધીશ મંદિર, નાગેશ્વર જ્યોતિર્લિંગ, ગોપી તળાવ, રુકિમણી મંદિર તેમજ શિવરાજપુર બીચ જેવા પર્યટન સ્થળોમાં પણ પ્રવાસીઓની નોંધપાત્ર આવક નોંધાઈ રહી છે.

ભાવિકોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખી સ્થાનિક તંત્ર દ્વારા ટ્રાફિક વ્યવસ્થા, સુરક્ષા, સ્વચ્છતા અને આવશ્યક સેવાઓ સુચારુ રહે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જેથી યાત્રિકો અને પ્રવાસીઓને કોઈપણ પ્રકારની અસુવિધા ન પડે.કુલ મળીને, આજેથી શરૂ થયેલી રજાઓને કારણે દ્વારકા યાત્રાધામ ભક્તિ અને પ્રવાસના મહામેળામાં પરિવર્તિત બનતું જોવા મળી રહ્યું છે.

## આજથી ફાગણના ફુલડોલ ઉત્સવ સુધી ભગવાનને અબીલ - ગુલાલથી ખેલાવાશે

વસંત પંચમી ઉત્સવ નિમિત્તે દ્વારકાધીશ જગતમંદિરમાં બપોરે દોઢ થી અઢી વાગ્યા સુધી ખૂલ્લું રખાયું હતું. વર્ષમાં વસંત પંચમી ઉત્સવ નિમિત્તે મધ્યાહન સમયે દ્વારકાધીશના દર્શન ભાવિકો માટે એક કલાક ખૂલ્લાં રખાય છે. આ સાથે વસંત પંચમીના ઉત્સવના દિવસે ભગવાન દ્વારકાધીશજીને મંદિરના ગર્ભગૃહમાં પૂજારી પરિવાર દ્વારા આંબાના વૃક્ષ રોપવામાં આવ્યું હતું. વસંત પંચમીના દિવસે વસંત ઋતુનું આગમન થાય છે, વસંત પંચમીથી દ્વારકાધીશજીને શૃંગાર આરતી તેમજ સંધ્યા આરતી સમયે ફુલદોલ ઉત્સવ સુધી સુધી ગાલના



ભાગમાં પૂજારી દ્વારા અબીલ ગુલાલથી શ્રીજીને ખેલાવામાં આવશે. વસંત ઋતુથી લઈ ફાગણ હોળાષ્ટક સુધી ભગવાન દ્વારકાધીશને અબીલ ગુલાલથી પૂજારી પરિવાર દ્વારા ખેલાવતા હોય છે. વસંત પંચમી ઉત્સવ નિમિત્તે ભગવાન દ્વારકાધીશને ધાણી દાળિયા ખજૂરનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. બપોરે ૧:૩૦કલાકે પૂ:રી પરિવાર દ્વારા શ્રીજીને વિશેષ શૃંગાર સાથે આરતી કરવામાં આવી હતી. ઉત્સવ દર્શનનો બહોળી સંખ્યામાં ભાવિકોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# જીએસટી નોંધણી પ્રક્રિયા સરળ બનાવવા માટે જામનગરમાં સોમવારથી સેવાકેન્દ્ર શરૂ કરાશે

## જિલ્લા સેવા સદન-૨ ખાતે દર અઠવાડિયાના ગુરૂવાર અને શુક્રવારે જીએસટી સેવા કેન્દ્ર કાર્યરત રહેશે

**અબતક,સાગર સંઘાણી જામનગર**

સંસદ પૂનમબેન માડમ, ધારાસભ્યઓની રજૂઆત, કરદાતાઓની સમસ્યાઓ અંગે વિવિધ વેપારી સંગઠનોની રજૂઆત, સરકારનો કરદાતાલક્ષી અભિગમ તથા નો હેતુ તેમજ મુખ્ય રાજ્ય વેરા કમિશનર, ગુજરાત રાજ્યના સકારાત્મક અને જનહિતકારી અભિગમને અનુસરી, જામનગર જિલ્લાના વેપારીઓ અને ઉદ્યોગકારોને નવા જીએસટી નોંધણી સંબંધિત પ્રક્રિયામાં સહેલાઈ અને પારદર્શક સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુસર જામનગર ખાતે જીએસટી સેવાકેન્દ્ર શરૂ કરવામાં આવશે. નવા જીએસટી નોંધણી માટે અરજી કરનાર કરદાતાઓના દસ્તાવેજોની ચકાસણી તથા આધાર ઓથેન્ટિકેશનની પ્રક્રિયા સરળ અને સમયસર રીતે પૂર્ણ થાય તે હેતુસર તા.૨૬ જાન્યુઆરી થી જીએસટી સેવાકેન્દ્ર જિલ્લા સેવા સદન-૨, બીજો માળ, લાલ બંગલો કેમ્પસ, જામનગર ખાતે દર ગુરુવાર અને શુક્રવારના રોજ સવારે ૧૦:૩૦ થી ૬:૧૦ સુધી કાર્યરત રહેશે.

આવી અરજીઓ માટે અરજદારોએ આધાર ઓથેન્ટિકેશન તથા દસ્તાવેજ ચકાસણી માટે નિર્ધારિત દિવસોમાં એટલે કે દર અઠવાડિયે ગુરુવાર અને શુક્રવારે જામનગર ખાતે આવેલ જીએસટી સેવાકેન્દ્ર પર હાજર રહેવાનું રહેશે.

આ સુવિધા દ્વારા વેપારીઓ, ઉદ્યોગકારો તથા સામાન્ય જનતાને માર્ગદર્શન અને સહાય ઉપલબ્ધ થશે અને જીએસટી નોંધણી પ્રક્રિયા વધુ સુગમ બનશે. તમામ પાત્ર વ્યક્તિઓને આ સુવિધાનો લાભ લેવા તેમજ પૂછપરછ અથવા માર્ગદર્શન માટે ધારા પરીખ, સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટરનો સંપર્ક (નં. ૯૭૧૪૫૦૬૫૬૦) કરવા નાયબ રાજ્ય વેરા કમિશનર, વર્તુળ-૨૪, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર: વંડાફળીમાં પ્રેમ પ્રકરણમાં વણિક યુવાનની હત્યા

## છોડાવવા માટે વચ્ચે પડેલી પત્ની ઘવાય: છરીના ઘા ઝીંકી બનેવીને મોતને ઘાટ ઉતારનાર સાળા અને તેના મિત્રની ધરપકડ

**અબતક, સાગર સંઘાણી જામનગર**

જામનગરમાં પંચેશ્વર ટાવર નજીક વંડા ફળી વિસ્તારમાં વસંત પંચમી જેવા પવિત્ર તહેવારના દિવસે ધોળે દહાડે પ્રેમલગ્ન કરનાર વણિક યુવાનની હત્યા નીપજાવાઈ હતી, જે હત્યા નિપજાવવા અંગે મૃતકના સાળા અને તેના એક સાગરીત સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે, ઉપરાંત મૃતક ની પત્ની પણ ઈજાગ્રસ્ત બની હોવાથી સારવાર લેવી પડી છે. પોલીસ હત્યારાઓને શોધી રહી છે.

આ હિચકારા હત્યા ના બનાવની વિગત એવી છે કે જામનગરમાં પંચેશ્વર ટાવર નજીક વંડાફળી વિસ્તારમાં આદિનાથ એપાર્ટમેન્ટના પાંચમા માળે રહેતા નિલય અશોકભાઈ કુંડલીયા નામના ૪૦ વર્ષ ના વણિક યુવાન પર વસંત પંચમીના દિવસે સવારે સવાદસ વાગ્યાના અરસામાં તેના



સાળા ગોકુલ નગરમાં રહેતા મનીષ જેરામભાઈ મોરી, તેમજ જૂનાગઢમાં રહેતા તેના સાથીદાર સોહિલ સલીમભાઈ સોઢા જે બંને છરી સાથે ઘસી આવ્યા હતા, અને પ્રેમ પ્રકરણનું મનદુઃખ રાખીને નિલય ઉપર છરીના ઉપરાછાપરી ઘા ઝીંકીદેતા લોહી લુહાણ થઈ ગયો હતો. તેની પત્ની પૂજાબેન બચાવવા માટે વચ્ચે પડતાં તેને



પણ બંને હાથમાં છરી ના ઘા વાગ્યા હતા.

ત્યારબાદ ઈજાગ્રસ્ત નિલય અને પૂજા ને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં નિલયનું મૃત્યુ નીપજ્યું હોવાથી આ બનાવ હત્યામાં પલટાયો હતો, જયારે પત્ની પૂજાબેન ને હાથમાં છરી વાગી હોવાથી જી.જી. હોસ્પિટલમાં સારવાર અપાઈ હતી.

આ બનાવ બાદ પોલીસ કાફલો દોડતો થયો હતો, અને સીટી ડીવાયએસપી જે.એન. ઝાલા, સીટી એ. ડિવિઝનના પીઆઈ એન.એ. ચાવડા અને તેઓની ટીમ ઘટના સ્થળે તેમજ જીજી હોસ્પિટલમાં દોડી ગઈ હતી. આ બનાવ અંગે મૃતકની માતા ઉષાબેન અશોકભાઈ કુંડલીયાની ફરિયાદના આધારે પોલીસે આરોપી મનીષ જેરામભાઈ મોરી અને સોહિલ સલીમભાઈ સોઢા સામે હત્યા સહિતની જુદી જુદી કલમો અંગે ગુનો નોંધ્યો છે, અને બંને અત્યારે આરોપીઓ ભાગી છૂટ્યા હોવાથી પોલીસ તેઓની શોધ ખોળ ચલાવી રહી છે.


ગત ૩૦.૬.૨૦૨૫ ના રોજ આરોપી મનીષની બહેન પૂજાબેન સાથે મૃતકે લવ મેરેજ કરી લીધા હતા, ત્યારથી સાળા-બનેવી બંને વચ્ચે મનદુઃખ ચાલતું હતું, અને આજે સવારે બંને આરોપીઓ તકરાર કરવાના ઈરાદે આવ્યા હતા, અને પૂજાને છોડી દેવાનું કહી તકરાર કર્યા બાદ છરી વડે હુમલો કરી દીધો હતો. જેમાં નિલયની હત્યા નિપજી છે.

### વસંત પંચમીના પાવન અવસરે

# દ્વારકા: પ્રાચીન સરસ્વતિ માતાજીના મંદિરે ધર્મોત્સવ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

વસંત પંચમીના પાવન અવસરે દ્વારકાના પ્રાચીન સરસ્વતી માતાજીના મંદિરે આજે વિશેષ પૂજા અર્ચના સાથે મંદિરના ગર્ભગૃહમાં આંબાના વૃક્ષ રોપવામાં આવ્યું હતું તથા ધાણી દાળિયા ખજૂરનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સરસ્વતી માતાજીના મંદિર પરિસરને લાઈટીંગ તથા ડેકોરેશનથી શણગારવામાં આવેલ. તથા માતાજીને અલૌકિક શણગાર કરવામાં આવેલ. સાંજના સમયે માતાજીની મહાઆરતી સાથે રાસગરબા પણ યોજાયેલ. જેમાં બહોળી સંખ્યામાં કુમારિકાઓ તથા મહિલાઓ જોડાયા હતા. સમગ્ર ધાર્મિક કાર્ય%મને સફળ બનાવવા માટે ગિરધારીલાલ વિઠલદાસ કકકડના વારસો ધવલભાઈ તથા મિતેશભાઈએ જહેમત ઉઠાવેલ.



# કેસ પેન્ડીંગ હોવા છતા ચાર પોલીસ મેનને બઢતી આપ્યાની કોર્ટમાં રાવ

**અબતક, સાગર સંઘાણી જામનગર**

જામનગર પોલીસ બેડામાં ફરજ બજાવતા મહિલા સહિત ૪ પોલીસકર્મીઓને ખોટી રીતે પ્રમોશનની ફરિયાદથી ખળભળાટ મચી ગયો છે. કસ્ટોડીયલ ટોર્ચર કેસને છુપાવીને પ્રમોશન અપાયું હોવાની રાવ સાથે આ અંગેની એક વ્યક્તિએ લેખિતમાં અરજી કરી હતી. જેના નિવેદન માટે બોલાવતા તેમણે પોલીસકર્મીઓના ડરથી વીડીયો કોન્ફરન્સથી જવાબ આપવાની તૈયારી બતાવી છે.

રાજકોટના જામકંડોરણાના ચિત્રાવડના યોગરાજસિંહ ભાવુભા ચુડાસમાએ ગત તા.૨૬ ડીસેમ્બર ના રોજ પોલીસકર્મી હેતલબા નવલસિંહ રાઠોડ, દીલીપ તલવાડીયા, હરદીપભાઈ ઘાંઘલ અને ભગીરથસિંહ સરવૈયા સામે કોર્ટમાં કસ્ટોડીયલ ટોર્ચરનો કેસ પેન્ડીંગ હોવા છતાં પ્રમોશન મેળવેલ હોવાની અરજી કરી હતી. જેથી અરજદારને નિવેદન માટે બોલાવવામાં આવતા તેમણે પોલીસકર્મીઓ ઝનુની વૃત્તિના હોય, અને પાવરનો ખોટો ઉપયોગ કરે તો તેમના જાનને જોખમ છે. જેથી યોગરાજસિંહએ વીડીયોગ્રાફી સાથે હાજર થવાની વ્યવસ્થા કરવામાં આવે તો નિવેદન આપવાની તૈયારી બતાવી છે. આ બનાવથી જામનગર જિલ્લા પોલીસબેડામાં ભારે ચકચાર મચી જવા પામી છે.

# કાલાવડ: ભાજપની વિચારધારા સાથે જોડાયેલા ભૂમિત ડોબરીયા અને તરૂણ ચૌહાણનો આજે જન્મદિવસ

**અબતક, રાજુ રામોલિયા કાલાવડ**

બંને કાલાવડના વતની અને બંને વિદ્યાર્થી કાળથી જ સંઘના સ્વયંસેવક અને તૃતીય વર્ગ શિક્ષક, બાલ્ય કાળ થી જ જાહેર જીવન અને ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાયેલા એવા ભૂમિતભાઈ ડોબરીયા અને તરુણભાઈ ચૌહાણ ના આજ રોજ જન્મ દિવસ નિમિતે બને યુવા હોદેદારો ને ભારતીય જનતા પાર્ટીના આગેવાનો સહિત કાર્યકર્તાઓ અને મિત્ર મંડળ જન્મ દિવસ ની હાર્દિક શુભકામનાઓ પાઠવી રહ્યા છે. ભૂમિતભાઈ ડોબરીયા હાલ જામનગર જિલ્લા યુવા મોરચા મા જિલ્લા યુવા ભાજપ પ્રમુખ તરીકેની સંગઠન મા જવાબદારી સંભાળી રહ્યા છે. જ્યારે તરુણભાઈ ચૌહાણ અત્યારે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય યોજના મુજબ આસામ ચૂંટણી ન્યૂ ગૌહાટી વિધાનસભા વિસ્તાર તરીકે ની જવાબદારી સંભાળી રહ્યા છે. જે બને યુવા હોદેદારો નું ભારતીય જનતા પાર્ટી મા સારુ એવું યોગદાન રહ્યું છે અને બને યુવા આગેવાનો ભારતીય જનતા પાર્ટી મા ખંત અને



નિષ્ઠા થી પોતે સંભાળેલી સંગઠન ની જવાબદારીઓ બખૂબી નિભાવી રહ્યા છે. ત્યારે આજે તેમના જન્મ દિવસ નિમિતે સૌ કોઈ ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓ અને કાર્યકર્તા આગેવાનો અને કાર્યકરો જન્મ દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

# જામનગર: જુનાનાગના ગામે હિટાચી મશીન માંથી બેટરીની ચોરી કરનાર બેલડી ઝડપાઈ

**અબતક, સાગર સંઘાણી જામનગર**

જામનગરના જુના નાગના ગામની સીમમાંથી હીટાચી મશીનમાંથી બે નંગ બેટરી ની ચોરી કરવાના ગુનામાં એલસીબી પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે એલસીબી. ના પો.ઈન્સ. વી.એમ. લગારીયા ના માર્ગદર્શન મુજબ એલ.સી.બી.સ્ટાફના એલ.સી.બી.ના પો.સ.ઈ. સી.એમ.કાંટેલીયા તથા પો.સ.ઈ. એમ.વી.ભાટીયા તથા સ્ટાફ ના માણસો જામનગર શહેર વિસ્તારમાં વાહન ચોરી તથા ઘરફોડ ચોરી ના અને ડીટેકટ ગુન્હા શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા,દરમ્યાન સ્ટાફ ને મળેલ બાતમી ના આધારે જુનાનાગના ગામ ની સીમ બંધ



રેલ્વે ફાટક પાસે બેટરી ની ચોરી કરનાર આરોપીઓ ખીમજીભાઈ અરજણભાઈ છીપરીયા ( નવાગામ ઘેડ) અને ઘેલુભાઈ ઉર્ફે રફલો દેવાભાઈ જોગસવા ( નવાગામ ઘેડ)ને.ઝડપી લીધા હતા અને રૂપિયા ૨૦ હજાર ની કિંમત ની બે નંગ ચોરી કરેલ બેટરી કબજે કરી હતી.આરોપી ઘેલુભાઈ ઉર્ફે રફલો દેવાભાઈ જોગસવા વિરૂધ્ધ જામનગર ના સીટી બી. ડીવી પોલીસ સ્ટેશનમાં છ ગુના દાખલ થઈ ચૂક્યા છે.

# ચિત્રકૂટ સોસાયટીમાં વિપ્ર યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

**અબતક, સાગર સંઘાણી જામનગર**

જામનગરમાં ખોડીયાર કોલોની નજીક ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા એક વિપ્ર યુવાને ગઈકાલે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી છે, જે મામલે પોલીસ તપાસ ચલાવે છે.આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ખોડીયાર કોલોની નજીક ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા રાજનભાઈ મનસુખભાઈ જોશી નામના ૩૦ વર્ષના વિપ્ર યુવાને ગઈકાલે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર રસોડામાં પંખા ના હુકમાં દુપટ્ટો બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી, અને તેનું સ્થળ પર જ મૃત્યુ નીપજયું હતું.આ બનાવ અંગે મૃતક ના પિતા મનસુખભાઈ રણછોડભાઈ જોશી એ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનના એ.એસ.આઈ. ટી.કે. ચાવડા ઘટના સ્થળે દોડી ગયા હતા, અને વિપ્ર યુવાનના મૃતદેહ નો કબજો સંભાળી તેણે કયા સંજોગોમાં આત્મહત્યાનું પગલું ભરી લીધું છે, તે જાણવા માટે તપાસ શરૂ કરી છે, અને પરિવારજનોના નિવેદનો નોંધ્યા છે.

# દ્વારકા જિલ્લાના ૨૧ ટાપુઓ પર પૂર્વ મંજૂરી વિના પ્રવેશ પર પ્રતિબંધ

**અબતક, વિનાયક ભટ્ટ ખંભાળીયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદે વિશાળ સાગરકાંઠો ધરાવતો અતિ સંવેદનશીલ જિલ્લો છે. જિલ્લામાં ૨૪ ટાપુઓ આવેલા છે. જે ટાપુઓમાંથી માત્ર ૦૨ ટાપુઓ પર માનવ વસતી વસવાટ કરે છે. જયારે ૨૨ ટાપુઓ માનવ વસાહત રહિત છે. જે પૈકી નરારા ટાપુ માટે તા.૧૯/૧૨/૧૬ના સુધારા જાહેરનામામાં જણાવેલ શરતોને આધિન પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની લેખિત પરવાનગી લેવામાંથી મુકિત આપવામાં આવેલ છે. નિર્જન ટાપુઓ પર ધાર્મિક સ્થળો આવેલ હોવાથી વિવિધ ધાર્મિક પ્રસંગોએ દર્શનાર્થે શ્રધ્ધાળુઓ અવર જવર કરતા હોય છે. આ શ્રધ્ધાળુઓ સાથે રાષ્ટ્રવિરોધી તેમજ દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃતિઓ કરતા ઈસમો નિર્જન ટાપુઓ પર આશ્રય મેળવે અથવા હથિયાર કે નશાકારક પદાર્થો છુપાવે તેની શકયતા નકારી શકાય નહી. ત્રાસવાદી જૂથો, સંગઠનો દ્વારા દેશના મહત્વના ચાવીરૂપ સંસ્થાઓ તેમજ મહત્વના ધાર્મિક સ્થાનો, ભીડવાળા સ્થળોએ હુમલા કરી ભાંગફોડ તથા હિંસા કરે તેવી શકયતા રહેલી છે. આવી પ્રવૃતિઓના કારણે જન સલામતી ન જોખમાય તેમજ જાહેર સુલેહ શાંતીનો ભંગ ન થાય તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દેવભૂમિ દ્વારકાએ તેમને મળેલ સતાની રૂએ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.જિલ્લામાં આવેલ ૨૧ ટાપુઓ જેવા કે (૧) ધાની ઉર્ફે ડની ટાપુ, (૨) ગાંધીયોકડો ટાપુ, (૩) કાલુભાર ટાપુ, (૪) રોઝી ટાપુ, (૫) પાનેરો ટાપુ, (૬) ગડુ (ગારૂ) ટાપુ, (૭) સાનબેલી (શિયાળી) ટાપુ, (૮) ખીમરોઘાટ ટાપુ, (૯) આશાબાપીર ટાપુ (૧૦) ભૈદર ટાપુ (૧૧) ચાંક ટાપુ (૧૨) ધબધબો (દબદબો) ટાપુ (૧૩) દીવડી ટાપુ (૧૪) સામીયાણી ટાપુ (૧૫) નોરૂ ટાપુ (૧૬) માન મરૂડી ટાપુ (૧૭) લેફા મરૂડી ટાપુ (૧૮) લંધા મરૂડી ટાપુ (૧૯) કોઠાનું જંગલ ટાપુ (૨૦) ખારા મીઠા ચુષ્ણા ટાપુ (૨૧) કુડચલી ટાપુ ઉપર જે તે ટાપુની મહેસુલી હકુમત ધરાવતા પ્રાંત અધિકારી અને સબ - ડિવીઝનલ મેજીસ્ટ્રેટની લેખિત પૂર્વ મંજુરી વિના પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવેલ છે. આ જાહેરનામું તા.૨૫/૦૧/૨૦૨૬થી તા.૨૫/૦૩/૨૦૨૬ (બંન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

# દિગ્જામ ઓવરબ્રિજ નીચે ઘોડીપાસાની ક્લબ પર પોલીસનો દરોડો

## ચારની ધરપકડ: પાંચ નાશી છૂટતા શોધખોળ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરના સીટી સી. ડિવિઝનના પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી, કે નવા આંબેડકર ઓવરબ્રિજની નીચે કેટલાક શખ્સો એકત્ર થઈને ઘોડીપાસા વડે જુગાર રમી રહ્યા છે, જે બાતમી ના આધારે સીટી સી. ડિવિઝનના પોલીસ સ્ટાફે દરોડો પાડ્યો હતો. જે દરોડાને લઈને નાશ ભાગ થઈ હતી, અને જુગારીયા તત્વો અને પોલીસ વચ્ચે પકડદાવના ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા.

પોલીસે બનાવના સ્થળ આસપાસથી સિરાજ જુસબભાઈ નોયડા, મિલન અમરશીભાઈ શેખવા, જગતસિંગ રામસિંગ માલપાડા, મનોજ કાનાભાઈ કોળી, અને જગજીતસિંગ શેરસિંગ વગેરે પાંચ શખ્સોની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૩૧,૩૦૦ ની રોકડ રકમ અને ઘોડીપાસા ના જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

પોલીસના આ દરોડા સમયે અમર કોળી, વિક્રમ કોળી, કિશોર કોળી, કમલ કાનાભાઈ કોળી, અને રાજકુમાર કોળી નામના પાંચ શખ્સો ભાગી છૂટયા હોવાથી પોલીસે પાંચેયને ફરારી જાહેર કર્યા છે, અને તેઓની શોધખોળ હાથ ધરી છે.

# મેરી જાન તિરંગા હૈઃ ૭૭માં પ્રજાસત્તાક પર્વની સોમવારે ઉજવણી

## રાજયકક્ષાની ઉજવણી નવરચિત વાવ – થરાદ જિલ્લામાં થશેઃ નાયબ મુખ્યમંત્રી અને મંત્રી મંડળના સભ્યો અલગ અલગ જિલ્લાઓમાં દવજવંદન કરશે

**અબતક, રાજકોટ**

૧૪૫ કરોડ ભારતીયોની શાન તિરંગો આગામી સોમવારે આન, બાન, શાન સાથે લહેરાશે દેશના ૭૭માં પ્રજાસત્તાક પર્વની આગામી સોમવારે ઉજવણી કરવામાં આવશે. રાજયકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી નવ રચિત વાવ- થરાદ જિલ્લામાં કરવામાં આવશે. નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતનો ટેબ્લો ભારતીયની અસ્મિતાની ઝાંખી કરાવશે.

૭૭માં પ્રજાસત્તાક પર્વ નિમિતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વાવ-થરાદ જિલ્લામાં મલુપુર ખાતે નવી કોર્ટની સામેના હેલીપેડ ગ્રાઉન્ડમાં પ્રજાસત્તાક પર્વે સવારે ૯:૦૦ કલાકે રાષ્ટ્રધ્વજ લહેરાવીને ધ્વજવંદન કરાવશે તેમજ પરેડ માર્ચ પાસ્ટની સલામી ઝિલશે. રાજ્યકક્ષાની ઉજવણી અવસરે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પોલીસ દળ દ્વારા વિવિધ નિદર્શનો પણ પ્રસ્તુત કરાશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળથી રાષ્ટ્રીય પર્વોની રાજ્યકક્ષાની ઉજવણી જુદા-જુદા જિલ્લાઓમાં જનભાગીદારીથી કરવાની શરૂ કરાવેલી નવતર પરંપરા અનુસાર ૭૭માં પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી નવા રચાયેલા વાવ-થરાદ જિલ્લામાં થવાની છે.

આ રાષ્ટ્રીય પર્વની રાજ્યના વિવિધ જિલ્લાઓના તાલુકા મથકોએ જે ઉજવણી થશે તેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અમદાવાદમાં મકરબા ખાતે ધ્વજવંદન કરાવશે. આ ઉપરાંત રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ જે તે જિલ્લાઓના તાલુકા મથકોએ પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહીને ધ્વજવંદન કરાવશે.

નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ, નવસારી જિલ્લાના ચિખલીમાં, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી રાજકોટ જિલ્લાના જેતપુરમાં, ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલ ગાંધીનગર જિલ્લાના માણસામાં, શ્રમ-રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયા પોરબંદર જિલ્લાના રાણાવાવમાં, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ વલસાડ જિલ્લાના ઉમરગામમાં, વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા દાહોદ જિલ્લાના ગોવિંદગુરૂ-લિંબડીમાં, શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમનભાઈ વાજા સાબરકાંઠાના હિંમતનગરમાં, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી ખેડા જિલ્લાના ઠાસરા તાલુકામાં, ધ્વજવંદન કરાવશે.

રાજ્ય કક્ષાના મંત્રીઓ પૈકી જળ સંપત્તિ રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ નર્મદા જિલ્લાના એકતાનગર(કેવડિયા)માં, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડો. મનિષાબેન વકિલ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં, મત્સ્યોદ્યોગ મંત્રી પરષોત્તમ સોલંકી ગીર-સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકામાં, શ્રમ-રોજગાર રાજ્યમંત્રી કાંતિભાઈ અમૃતિયા કચ્છના ભુજમાં, કૃષિ રાજ્ય મંત્રી રમેશભાઈ કટારા પંચમહાલ જિલ્લાના હાલોલમાં, શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં, કાયદા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયા, ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકામાં, વાહન વ્યવહાર રાજ્ય મંત્રી પ્રવિણભાઈ માળી મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં, રમત ગમત રાજ્ય મંત્રી ડો. જયરામભાઈ ગામિત ડાંગ જિલ્લાના આહવામાં, ઉચ્ચ શિક્ષણ રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગા અમરેલી જિલ્લાના ખાંભામાં, નાણાં રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલ વડોદરા જિલ્લાના

(અનુ. આઠમા પાને)

### કચ્છના ધોરડોમાં સોમવારે વિશ્વનો સૌથી મોટો ખાદી દવજ પ્રદર્શિત કરાશે

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ગુજરાતના કચ્છ જિલ્લાના ધોરડો વિસ્તારમાં (કચ્છનું રણ) એક ઐતિહાસિક અને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જ્યાં ખાદીમાંથી બનાવેલ વિશ્વનો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ (ત્રિરંગો) સંપૂર્ણ આદર અને ઉત્સાહ સાથે પ્રદર્શિત કરવામાં આવશે. વધુમાં, ગ્રામોદ્યોગ વિકાસ યોજના હેઠળ ગુજરાતના કારીગરોને મશીનો અને ટૂલકિટનું વિતરણ કરવામાં આવશે.

આ કાર્યક્રમ ૨૬ જાન્યુઆરીએ સવારે ૮:૩૦ વાગ્યે યોજાશે. આ કાર્યક્રમમાં ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના અધ્યક્ષ મનોજ કુમાર મુખ્ય મહેમાન તરીકે હાજર રહેશે. આ પ્રસંગે, ભારતીય સેના અને સરહદ સુરક્ષા દળના સૈનિકો દ્વારા વિશાળ ધ્વજને સલામી આપવામાં આવશે.

# હાઉસીંગ બોર્ડ દ્વારા વ્યાજમાફી માટે વન ટાઈમ રાહત યોજના જાહેર

### ૬ મહિનામાં આવાસના હપ્તાની સંપૂર્ણ રકમ ભરનારને દંડનીય વ્યાજમાંથી મૂકિત મળશે

**અબતક, રાજકોટ**

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની વિવિધ આવાસ યોજનાઓમાં દંડનીય વ્યાજ માફી યોજના જાહેર કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની આવાસ યોજનાના લાભાર્થીઓના વ્યાપક હિતમાં મહત્વપૂર્ણ સંવેદનાસ્પર્શી નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની આવાસ યોજનાના જે લાભાર્થીઓ મુદ્દલ સંપૂર્ણ ભરવા સંમત છે પરંતુ માસિક બે ટકા દંડનીય વ્યાજ ભરી શકે તેમ નથી તેમને રાહત મળશે.

મુખ્યમંત્રી સમક્ષ આવા લાભાર્થીઓએ કરેલી રજૂઆતનો સકારાત્મક પ્રતિસાદ આપતા તેમણે એવા સ્પષ્ટ દિશા નિર્દેશો આપ્યા છે કે આ આવાસ યોજનાના જે લાભાર્થીઓ ૬ મહિનામાં તેમની બાકી રહેલી મૂદ્દલની સંપૂર્ણ રકમ ભરપાઈ કરે તેમને વનટાઈમ વ્યાજ માફીની યોજના અન્વયે ૨%ના દંડનીય વ્યાજ વસૂલાતમાંથી મુક્તિ અપાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણયથી અંદાજે ૯૦૨૯ જેટલા ગ્રામીણ કુટુંબોને લાભ થશે અને તેઓને કુલ ૧૫૪ કરોડ જેટલી દંડનીય માતબર રકમની રાહત મળશે.એટલું જ નહીં, ગ્રામ્ય વિસ્તારના આ કુટુંબોને તેમના નામે મકાન માલિકીના હક્ક મળતા તેઓ સાચા અર્થમાં પોતીકા મકાન ધારક થઈ જશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દરેક જરૂરતમંદ નાગરિકને માથે પોતીકી આવાસ છત માટેનો કરેલો સંકલ્પ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ જનહિત લક્ષી નિર્ણયથી રાજ્યના ગ્રામ્ય વિસ્તારના કુટુંબીજનો સાકાર કરી શકશે.

# ભાજપ દ્વારા ૫ થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન દરેક તાલુકામાં શ્રમિક સંમેલન

### ૧૬ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન ભાજપ કિસાન મોરચા દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂત–શ્રમિક ખાટલા બેઠક

**અબતક, રાજકોટ**

કેન્દ્ર સરકારની ''વીબી-જી રામ-જી'' યોજના અંગે ખેડૂતો અને શ્રમિકોને પુરી રીતે માહિતગાર કરવા માટે ભાજપ દ્વારા આગામી મંગળવારથી ગુરૂવાર સુધી જિલ્લા સ્તરે જ્યારે ૧ થી ૫ ફેબ્રુઆરી સુધી મંડળ સ્તરે જન જાગરણ અભિયાન અંતર્ગત કાર્યશાળા યોજાશે. ૫ થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન દરેક તાલુકામાં શ્રમિક સંમેલન જયારે ૧૬થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન ભાજપ કિશાન મોરચા દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં શ્રમિક ખાટલા બેઠકો યોજાશે.

જગદીશભાઈ વિશ્વકર્માએ અગાઉની મનરેગા યોજનાની સરખામણીએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ નવા અનેક મહત્વના સુધારાઓ સાથેના ''વીબી-જી રામ-જી'' અધિનિયમ અંગેની સાચી અને ઉપયોગી માહિતી જમીની સ્તરે દરેક ગામડા સુધી, જન જન સુધી પહોંચાડવા આહવાન કર્યું હતું. કોંગ્રેસ ગ્રામીણ



વિસ્તારોમાં શ્રમિકો વચ્ચે આ અધિનિયમ અંગે ખોટી અને ગેરમાર્ગે દોરતી બાબતો ફેલાવવાનું દુર્ભાગ્યપૂર્ણ કૃત્ય કરી રહી છે. ભાજપનો પ્રત્યેક કાર્યકર અને ચૂંટાયેલ સભ્ય આ યોજનાની સાચી માહિતી જન જન સુધી પંહોચાડશે. મહાત્મા ગાંધીના અંતિમ સમયનો શબ્દ હે રામ! હતો, પણ કોંગ્રેસને આ યોજનામાં રામનાં નામથી તકલીફ છે, ગામના સર્વાંગી વિકાસથી તકલીફ છે, શ્રમિકને કામ મળે તેનાથી પણ તકલીફ છે. રામ, ગામ અને કામ ત્રણેય થી કોંગ્રેસને વાંધો છે.

આ પ્રસંગે સંગઠન મહામંત્રી રત્નાકરે ''વીબી-જી રામ-જી''જનજાગરણ અભિયાન અન્વયે સુચારુ આયોજન,

(અનુ. આઠમા પાને)

# દાવોસથી દુનિયા સુધી ગુંજયો ગુજરાતનો અવાજઃ રોકાણકારો સાથે ૫૮ ઉચ્ચ સ્તરિય બેઠક

### વિશ્વભરમાંથી રોકાણ ખેંચી લાવવા ગુજરાત મજબૂત દાવેદાર



**અબતક, રાજકોટ**

સ્વિટ્ઝર્લેન્ડના દાવોસ ખાતે વર્લ્ડ ઈકોનોમિક ફોરમની વાર્ષિક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળે ૫૮થી વધુ મહત્વપૂર્ણ બેઠકો યોજી હતી. આ બેઠકો થકી વિવિધ ક્ષેત્રોમાં રોકાણ માટે ભારતના સૌથી વિશ્વસનીય અને પ્રગતિશીલ રાજ્ય તરીકે ગુજરાતે પોતાનું સ્થાન વધુ મજબૂત કર્યું છે.

આ પાંચ દિવસીય વૈશ્વિક મંચ દરમિયાન, ગુજરાતે મજબૂત ઔદ્યોગિક પાયો, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને નવીનતા આધારિત આર્થિક વિકાસનું વિઝન રજૂ કર્યું હતું. પ્રતિનિધિમંડળે ઉદ્યોગ જગતના માંધાતાઓ સાથે ચર્ચા કરતા જણાવ્યું હતું કે, ગુજરાત નેક્સ્ટ જનરેશન ઉદ્યોગો, એડવાન્સ મેન્યુફેક્ચરિંગ, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ક્લીન એનર્જી અને ફ્યુચર ટેક્નોલોજી માટે સંપૂર્ણ સજ્જ છે.ગુજરાતે પોતાની પરંપરાગત ઔદ્યોગિક શક્તિની સાથે સાથે બદલાતા સમય સાથે કદમ મિલાવવાની તૈયારીઓ પણ વિશ્વ સમક્ષ મૂકી છે. ગુજરાતે દુનિયાને જણાવ્યું કે, અમે માત્ર વેપારમાં જ નહીં, પણ રમતગમત ક્ષેત્રમાં પણ વિશ્વ કક્ષાનું માળખું ઊભું કરી રહ્યા છીએ. આપણા યુવાનો અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેનું આ વિઝન રોકાણકારો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.ગુજરાતે આ વૈશ્વિક મંચ પર સાબિત કર્યું છે કે, ''અમે માત્ર ઉદ્યોગલક્ષી જ નહીં, પણ રોકાણકારો માટે સુરક્ષિત અને અમલીકરણમાં પણ ઝડપી છીએ.'' વૈશ્વિક કક્ષાએ પણ ગુજરાતના ગવર્નન્સ મોડલ અને 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ' પ્રત્યે એક અતૂટ વિશ્વાસ જોવા મળ્યો છે. રાજ્યની નીતિઓમાં રહેલી સ્થિરતા અને દીર્ઘકાલીન આયોજન એ વિશ્વના રોકાણકારો માટે સૌથી મોટું આકર્ષણ બન્યું છે.

ગુજરાતે ખૂબ જ સુંદર રીતે પોતાની છબી રજૂ કરી છે. ગુજરાતની સ્પર્ધા માત્ર આગળ વધવા માટે નથી, પણ અન્ય રાજ્યો સાથે મળીને ભારતની આર્થિક વ્યવસ્થાને મજબૂત કરવા માટેની છે. આ 'કોમ્પિટિટિવ છતાં કોલાબોરેટિવ' અભિગમ એ ગુજરાતની સાચી ઓળખ છે.

ગુજરાતની આર્થિક સફર એ માત્ર આંકડાઓની રમત નથી, પણ એક દૂરંદેશી નેતૃત્વ દ્વારા કંડારાયેલો સફળતાનો માર્ગ છે. આજે જ્યારે વિશ્વ ગુજરાત તરફ આશાભરી નજરે જોઈ રહ્યું છે, ત્યારે તેની પાછળ વર્ષોની તપસ્યા અને દ્રઢ સંકલ્પ રહેલો છે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હત, ત્યારે તેમણે રાજ્યના વિકાસને એક નવી દિશા આપી હતી. 'વાઈબ્રન્ટ ગુજરાત' જેવા અભિગમો દ્વારા તેમણે ગુજરાતમાં પરિવર્તનલક્ષી વિકાસનો એવો પાયો નાખ્યો, જેણે ગુજરાતને વૈશ્વિક રોકાણકારો માટેનું પહેલું પસંદગીનું સ્થળ બનાવ્યું છે.

ગુજરાતમાં રોકાણ કરવું એ માત્ર આર્થિક નિર્ણય નથી, પણ ઉજ્જ્વળ ભવિષ્યની ગેરંટી છે. અડગ અને સ્પષ્ટ સરકારી નીતિઓ, મહેનતુ અને બૌદ્ધિક રીતે સજ્જ યુવા શક્તિ, પારદર્શક વહીવટ અને ભરોસાપાત્ર સરકારી તંત્ર તથા ફ્યુચર-રેડી ઈકોસિસ્ટમ આ પાંચ મહત્વની શક્તિઓ ગુજરાતે વૈશ્વિક મંચ પર રજૂ કરી હતી.

દાવોસના મંચ પરથી ગુજરાતે વિશ્વને એક અતૂટ ભરોસો આપ્યો છે. વૈશ્વિક મંચ પરથી ગુજરાત માત્ર સમજૂતીઓ લઈને નહીં, પણ નવા મજબૂત સંબંધો અને અતૂટ વૈશ્વિક વિશ્વાસ લઈને પરત ફરી રહ્યું છે.

ડબલ્યુઈએફ ૨૦૨૬ ના સફળ સમાપન સાથે ગુજરાત આજે વિશ્વના નકશા પર એક એવા આર્થિક શિખર તરીકે ઉભરી આવ્યું છે, જ્યાં અતૂટ વિશ્વાસ અને અપાર તકોનો સંગમ થાય છે. દાવોસથી મજબૂત વૈશ્વિક સંબંધોની મૂડી લઈને પરત ફરતું ગુજરાત હવે 'વિકસિત ગુજરાત @ ૨૦૪૭' ના વિઝન સાથે નવી ઊંચાઈઓ સર કરવા સજ્જ છે.

ગુજરાત દુનિયાભરના રોકાણકારો માટે ભરોસાનું સરનામું બન્યું છે. ભારતને વૈશ્વિક આર્થિક મહાસત્તા બનાવવાના મિશનમાં ગુજરાત હવે એક મજબૂત સારથિ બનીને સમગ્ર વિશ્વને આવકારવા સજ્જ છે.

# અમરેલીમાં સાયબર ફ્રોડ કેસમાં ઐતિહાસિક ચુકાદોઃ 'સરપ્રાઈઝ ગિફ્ટ'ના બહાને ઠગાઈ આચરનાર નાઈજીરીયન મહિલાને ૭ વર્ષની કેદ

### આ ચુકાદો સાયબર ગુનેગારો માટે કડક ચેતવણી અને ગમે તેટલો શાણો ગુનેગાર પોલીસની નજરથી બચી શકશે નહીંઃ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

**અબતક, રાજકોટ**

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ સાયબર ગુનેગારો સામેની 'ઝીરો ટોલરન્સ' નીતિ અને ગુજરાત પોલીસની ટેકનિકલ કુશળતાના પરિણામે અમરેલીની નામદાર કોર્ટે એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કેળવી 'સરપ્રાઈઝ ગિફ્ટ'ના બહાને લાખો રૂપિયાની છેતરપિંડી આચરનાર નાઈજીરીયન મહિલા અદાલતે ૭ વર્ષની સજા અને દંડ ફટકાર્યો છે.

બનાવની હકીકત એવી હતી કે, જૂન ૨૦૨૩માં ફરિયાદી પિયુષભાઈ થુંમર સાથે ઈન્સ્ટાગ્રામ દ્વારા સંપર્ક કરી નાઈજીરીયન મહિલાએ પોતાની ઓળખ વિદેશી મિત્ર તરીકે આપી હતી. લંડનથી કિંમતી ગિફ્ટ મોકલવાની લાલચ આપી, 'Skye Elite Logistics' નામની નકલી કુરિયર સર્વિસના ઈમેઈલ અને વિવિધ મોબાઈલ નંબરો દ્વારા ફરિયાદીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કસ્ટમ ડ્યુટી, ઈન્કમ ટેક્સ અને કરન્સી કન્વર્ઝન જેવા ખોટા બહાના હેઠળ ફરિયાદી પાસેથી કુલ રૂ. ૧૪,૦૯,૦૦૦ પડાવી લેવામાં આવ્યા હતા.

અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા અત્યંત જટિલ અને ટેકનિકલ તપાસ હાથ ધરવામાં આવી હતી. ગુનામાં ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ તપાસીને શંકાસ્પદ મોબાઈલ નંબરોના CDR/SDR અને ગૂગલ લોગિન વિગતોના આધારે આરોપીનું લોકેશન ટ્રેસ કરાયું. જેમાં ઈન્ટરનેશનલ કનેકશન બહાર આવ્યું. તપાસમાં ખુલેલું કે આરોપીએ ગુરૂગ્રામ (હરિયાણા)

(અનુ. આઠમા પાને)

### મજબૂત ઈન્વેસ્ટિગેશન અને અસરકારક કાયદાકીય રજૂઆતને કારણે સજા શક્ય બનીઃ કાયદા રાજ્ય મંત્રી કૌશિક વેકરિયા

# જૂનાગઢમાં ખાટી ખાખડીના ભાવ દાંત આંબી જાય એટલાઃ એક કિલોના રૂ. ૧૬૦૦ !!

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

### માર્કેટીંગ યાર્ડમાં ૧૦ કિલો ખાખડી આવક



જુનાગઢ ગીરની કેસર કેરીની સમગ્ર દુનિયામાં ભારે માંગ છે મીઠી મધુરી કેસરી કલરની કેસર કેરીના સ્વાદ એ દુનિયાભરના કેરી રસીકોને દિવાના કરી દીધા છે તો બીજી બાજુ કાચી અને નાની એટલે કે ખાખડી ખાનારાઓનો પણ એક અલગ જ વર્ગ છે જે સ્વાદમાં ખાટી અને તુરી અથવા મીઠી લાગતી ખાખડી માર્કેટમાં આવે તે સાથે જ તેની ખરીદી કરતા હોય છે ત્યારે ગઈકાલે જુનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ૧૦ કિલો ખાખડીની આવક થઈ હતી પરંતુ આ ખાટી ખાખડી ભાવ દાંત આંબી જાય એટલા ઊંચા ભાવે એટલે કે એક કિલોના રૂ. ૧૬૦૦ ના ભાવે વહેંચાઈ હતી.

જો કે, હાલની સીઝનમાં (અનુ. આઠમા પાને)

# નલિયા ૫ ડિગ્રી સાથે ઠરીને ઠીકરૂઃ બર્ફિલા ઠારમાં ઠુંઠવાતું જનજીવન

## રાજકોટમાં એક જ દિવસમાં લઘુત્તમ તાપમાનનો પારો ૮.૪ ડિગ્રી સુધી નીચો પટકાયોઃ રાજયના ચાર શહેરોનું તાપમાન સિંગલ ડિજિટમાં

**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીર સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં બરફ વર્ષાના કારણે ગુજરાતમાં શીત લહેર ફરી વળી છે. બર્ફિલા પવનના ઠંડાગાર સુસવાટાના કારણે જનજીવન કાતિલ ઠંડીમાં થરથર ધ્રુજી રહ્યું છે. કચ્છનું નલિયા આજે ૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે બરફનો ગોળો બની ગયો હતો. રાજ્યના પાંચ શહેરોના લઘુત્તમ તાપમાન આજે સિંગલ ડિજિટમાં નોંધાયુ હતું. પાડોશી રાજ્યનું હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં આજે તાપમાન માઈનસ પાંચ ડિગ્રીએ પહોંચી જતા પાણી બરફ બની ગયું હતું. સહેલાણીઓને મોજ પડી ગઈ હતી. આગામી બે દિવસ સુધી ઠંડીનું જોર રહેશે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે બે દિવસથી ગુજરાતમાં વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. ગુરૂવારે રાત્રે કચ્છ અને મહેસાણા વિસ્તારમાં માવઠું વરસ્યું હતું. ગઈકાલ બપોર બાદ રાજયભરમાં અચાનક વાતાવરણમાં જબરદસ્ત પલ્ટો જોવા મળ્યો હતો. બર્ફિલા ઠંડાગાર પવનમાં ગુજરાત ઠુંઠવાયું હતું. આજે રાજયભરમાં લઘુત્તમ તાપમાનનો પારો પટકાયો હતો. કચ્છના નલિયાનું તાપમાન ૫



### ક્યા શહેરનું કેટલું તાપમાન

| | | | |
|---|---|---|---|
| નલિયા | ૫ ડિગ્રી | કંડલા | ૧૨ ડિગ્રી |
| ડિસા | ૮.૪ ડિગ્રી | જામનગર | ૧૨ ડિગ્રી |
| અમરેલી | ૯.૪ ડિગ્રી | જુનાગઢ | ૧૨ ડિગ્રી |
| રાજકોટ | ૯.૫ ડિગ્રી | દ્વારકા | ૧૨.૧ ડિગ્રી |
| ભુજ | ૯.૮ ડિગ્રી | અમદાવાદ | ૧૨.૫ ડિગ્રી |
| પોરબંદર | ૧૦.૨ ડિગ્રી | બરોડા | ૧૨.૮ ડિગ્રી |
| ગાંધીનગર | ૧૧ ડિગ્રી | | |

ડિગ્રીએ પહોંચી ગયું હતું. રાજકોટમાં એક જ દિવસમાં તાપમાનનો પારો ૮.૪ ડિગ્રી પટકાયો હતો. શુક્રવારે રાજકોટનું તાપમાન ૧૭.૯ ડિગ્રી નોંધાયું હતું. જયારે આજે લઘુત્તમ તાપમાન ૯.૫ ડિગ્રી રહ્યું હતું. ૬ કિ.મી.ની ઝડપે ઠંડાગાર પવનો ફૂંકાતા હતા. ડિસાનું લઘુત્તમ તાપમાન ૮.૪ ડિગ્રી, અમરેલીનું લઘુત્તમ તાપમાન ૯.૪ ડિગ્રી, ભૂજનું લઘુત્તમ તાપમાન ૯.૮ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યના પાંચ શહેરોમાં તાપમાન સિંગલ ડિજિટમાં રહ્યું હતું.

અમદાવાદનું તાપમાન ૧૨.૫ ડિગ્રી, બરોડાનું તાપમાન ૧૨.૮ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૧૩.૧ ડિગ્રી, દમણનું તાપમાન ૧૬.૨ ડિગ્રી, દિવનું તાપમાન ૧૫ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૧૨ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૧૧ ડિગ્રી, જામનગરનું તાપમાન ૧૨ ડિગ્રી, કંડલાનું તાપમાન ૧૨ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૧૦.૨ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૯.૫ ડિગ્રી, જૂનાગઢનું તાપમાન ૧૨ ડિગ્રી, સુરતનું તાપમાન ૧૪.૨ ડિગ્રી અને વેરાવળનું લઘુત્તમ તાપમાન ૧૪.૩ ડિગ્રી નોંધાયું હતું. ગીરનાર પર્વત પર આજે તાપમાન ૭ ડિગ્રીએ પહોંચી ગયો હતો. માઉન્ટ આબુ પર આજે લઘુત્તમ તાપમાન માઈનસ પાંચ ડિગ્રીએ પહોંચી જતા નવી લેક રિતસર થીજી ગયું હતું. સહેલાણીઓ કાતિલ ઠંડીમાં ઠુંઠવાય ગયા હતા. આબુ જાણે બરફનો ગોળો બની ગયો હોય તેવો આહલાદક અનુભવ થતો હતો. આગામી બે દિવસ સુધી કાતિલ ઠંડીનો કહેર યથાવત રહેશે.

### હિલ સ્ટેશન આબુ પર તાપમાન માઈનસ ૫ ડિગ્રીઃ પાણી બરફ બની ગયુંઃ ગીરનાર પર્વત પર ૭ ડિગ્રી તાપમાન